મનોરથી

ગો. વા. પ. ભ. ડૉ. બાબુભાઈ ઉમેદભાઈ પટેલ

ગો. વા. પ. ભ. વિમલાબેન બાબુભાઈ પટેલ

કરમસદ (આણંદ) વતી

શ્રીયંત બાબુભાઈ પટેલ (USA)

જયકૃષ્ણ જયંતિભાઈ પટેલ (USA) **મહેશભાઈ બાબુભાઈ પટેલ (UK)**

સ્મિતા જયકૃષ્ણ પટેલ **રંજન મહેશભાઈ પટેલ**

ધનલક્ષ્મીબેન મહેન્દ્રભાઈ પટેલ (INDIA)

વિકિન, કિનવ, ઉર્વીશ, મીરા, અવની, રીતેશ, શ્રમિક

સહ સમગ્ર પરિવારના

શ્રીજીના ચરણ કમળમાં કોટી કોટી દંડવત પ્રણામ

અને

વલ્લભના વહાલા વૈષ્ણવોને

સદૈન્ય ભગવદ્ સ્મરણ

जगद्गुरु श्रीमद् वल्लभाचार्य पीठ
व्रजधाम
अहमदाबाद

SHRI PUSHTI SEVA TRUST
(Regd. No. E-11310)



VRAJDHAM (AHMEDABAD)

FOUNDER & PRESIDENT : H.H. GOSWAMI SHRI VRAJESHKUMARJI MAHARAJSHRI
CONTACT : VRAJDHAM, Vrajdham Marg, Nr. Seema Hall, Shyamal 100 ft. Road, Satellite, Ahmedabad-380 015. (Guj.)
Phone : (079) 32921300, 26930376, Fax : 26733622 / E-mail : vrajeshkumarji@yahoo.com

પ.ભ.વસંતબેન
શુભાશિર્વાદ

શ્રી હરસાનિજી ટ્રસ્ટ દ્વારા 'શ્રી રાધામહાત્મય' ચિ.શ્રી યદુનાથજી મહોદયે કરેલા પ્રવચનો ના ઉપરથી પ્રકાશન થવા જઈ રહ્યું છે જાણી ને ઘણી પ્રસ્નન્તા થઈ વૈષ્ણવો ને તેનાથી ઘણો લાભ મળશે.

આ વિષય ઉપર ઘણું ઓછું લખાયેલું છે. આ અવસરે અમારી શુભકામના એવં આશીર્વાદ પાઠવીએ છીએ.

શુભમ્
ગો. વ્રજેશકુમારજી



FOUNDER / ADHYAKSH H. H. Vaishnavacharya **SHRI YADUNATHJI MAHODAY SHRI** (Kadi-Ahmedabad)
Email : yadunathji@hotmail.com / Website : pushtiparivar.co.in

|| શ્રી ગોપાલ પ્રભુ વિજયતે ||
|| શ્રી ગોવર્ધન નાથો જયતે ||

અત્યંત આનંદનો વિષય છે હેદરાબાદ ખાતે શ્રી રાધા મહાત્મય વિષય ઉપર થયેલા પ્રવચન ને શ્રી હરસાનીજી ચે. ટ્રસ્ટ દ્વારા ભેટ પુસ્તક ના રૂપે પ્રકાશીત કરવામાં આવી રહ્યું છે. જેમ અગ્નિ માં દાહકતા છે જળમાં શીતળતા છે એ બન્ને દુર ના હોઈ શકે એજ રીતે પુષ્ટિ પુરષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણ ની પ્રત્યેક લીલામાં શ્રી રાધાજી છે પણ દૂધ માં રહેલી સાકર ની મીઠાશ અનુભવ ગમ્ય હોય છે જે આસ્વાદન કરે એજ જાણી શકે માટે સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિ રાધા સહિત શ્રી કૃષ્ણલીલા નું આસ્વાદન કરી શકે એજ આ ભેટ પુસ્તક નું લક્ષ્ય છે.

રાધા ગુણગાન નું કથન જેમ કૃપાસાધ્ય છે એમ લેખન પણ કૃપાસાધ્ય છે પણ આ કાર્ય ને પ.ભ.વસંતબેને પૂરેપુરો ન્યાય આપ્યો છે નાદુરસ્ત તબિયત હોવા છતાં આ ભગીરથ કાર્ય કરી શક્યા એ માટે જેટલા પણ આશીર્વાદ આપીએ એટલા ઓછા છે.

આ અલોકિક કાર્યમાં મનોરથી બની જેમને નામ સેવા કરી એ બધાજ મનોરથીઓ ને ખૂબ ખૂબ આશીર્વાદ આપીએ છીએ.

શુભાશિર્વાદ
ગો. યદુનાથ.

C/o. VRAJDHAM HAVELI Nr. Seema Hall, Shyamal 100ft Road, Satellite, AHMEDABAD - 380015. **Ph. : 079 - 32921300**
SHRI YAMUNAKUNJ "Shri Yamunakunj Sankul", C/o. Radha Golf, Aanyor Parikarma Marg, GOVERDHAN - 281502, Jatipura, (Mathura) (M) 07895754331
VRAJDHAM HAVELI 396/F, Shantinagar, Ravanfond, Madgaon, GOA - 403707 **Ph. : 0832-2765530**

|| શ્રીહરિઃ ||
|| શ્રી વાક્પતયે નમઃ ||

વૈષ્ણવ પરિવાર

શ્રી રાધા માહાત્મ્ય

● વાર્ષિક વિશેષાંક - ભેટપુસ્તક ●

■ પ્રવક્તા ■

પ. પૂ. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી
(કડી - અમદાવાદ)

આદ્યતંત્રી : **શ્રી રમેશભાઈ વિ. પરીખ**
તંત્રી : **વસંતબહેન ર. પરીખ**
પરામર્શક : **શ્રી વિજયભાઈ દેસાઈ**
શ્રી મુકેશભાઈ દલાલ
વ્યવસ્થાપક : **શ્રી અમિતભાઈ પરીખ**

વર્ષ : ૩૧ ■ અંક : ૧૧ ■ સળંગ અંક : ૩૭૭
ફેબ્રુઆરી-૨૦૧૫ : મહા-ફાગણ - ૨૦૭૧ : શ્રીવલ્લભાબ્દ - ૫૩૭

એક વૈષ્ણવ (મુંબઈ)ના દંડવત્ પ્રણામ
તથા
સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

With Best Compliments From

Desai Bros. & Co.

DEALING IN

Kansai Nerolac Paints
Birla White Cement
Birla Wallcare Putty
Wonder Cement
Taralac Paints
Pidilite Dr. Fixit Construction Chemicals
&
General Building Materials

Desai Bros. & Co.
Station Road, Mehsana-384002.
Ph.(02762) 222770, 244184
Jignesh R. Desai
Mobile: 09824314580

KANSAI NEROLAC PAINTS LIMITED
WONDER CEMENT
Birla White The Whitest White Cement
TARALAC®
DR. FIXIT WATERPROOFING SOLUTIONS

Best Wishes From

Shreeji Traders
Parvati Trading Co.



ગો. વા. કપિલાબેન હરિવલ્લભદાસ (બાયડવાળા-પૂના)ના
સ્મરણાર્થે હ. શાહ હરિવલ્લભદાસ અંબાલાલ પરિવાર,
શાહ દિલીપકુમાર, જીગર અ.સૌ. પૂર્વી,
અ.સૌ. નિલા, ચિ. અતુલ, અ.સૌ. રીટા,
ચિ. ઋષભ, ચિ. હિમીલ (મુંબઈ)ના
જયશ્રીકૃષ્ણ.

શ્રી ભાનુલાલ ભીખાભાઈ રાજપરા - શ્રીમતી ચંપાબેન ભાનુભાઈ રાજપરા,
ચિરંજીવી મિલન, તથા જયવીર (રાજકોટ)ના સદૈન્ય
જયશ્રીકૃષ્ણ.

'વ્રજરજ'
હિર પરાવાડી, ધોરાજી, જિલ્લો : રાજકોટ,
મો. ૯૬૮૭૬ ૪૦૩૪૦



ગો. વા. ડૉ. સુરેશભાઈ જમનાદાસ પરીખ (ધંધુકા)
અરૂણા એસ. પરીખ (ધંધુકા)

પુત્ર-હેતલ, પુત્રવધૂ-હિનલ
પુત્રી-શેફાલી, જમાઈ-નિરવ

પૌત્ર-રાહુલ, બ્રિન્દા (શિકાગો)
આરવ, આર્યા, શાહ (ન્યૂયોર્ક)

સર્વેના જયશ્રીકૃષ્ણ.



સ્વ. કીર્તીદા જી. પરીખ - સ્વ. જીતેન્દ્ર હી. પરીખ

અશ્વિન પરીખ - પરીખ પરિવાર,
સ્વ. જીતેન્દ્ર હી. પરીખ તથા
સ્વ. કીર્તીદા જી. પરીખના સ્મરણાર્થે (વડોદરા)ના
જયશ્રીકૃષ્ણ.



સ્વ. હરિવદન એ. શાહ (અમદાવાદ)ના

જયશ્રીકૃષ્ણ.

એક વૈષ્ણવ (મહેસાણા)ના

જયશ્રીકૃષ્ણ.



એક વૈષ્ણવ (મહેસાણા)ના

જયશ્રીકૃષ્ણ.



એક વૈષ્ણવ (મહેસાણા)ના

જયશ્રીકૃષ્ણ.

અલ્પાબેન અને ચંદ્રેશભાઈ પારેખ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

ચંદ્રેશ એન્ડ અલ્પા પારેખ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

વસુમતીબેન ન્યાલચંદ બરોડીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

દિપક ઓચ્છવલાલ કડકીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

હિતેન લક્ષ્મીદાસ આશર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

કૃષ્ણકાંત શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મહેન્દ્રભાઈ ભીખાભાઈ શાહ (વિરમગામ-અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. શ્રીમતી શારદાબેન લલીતભાઈ મહેતા,
ગો.વા. શ્રીમતી મણીબેન ગીરધરલાલ મહેતા (મુંબઈ)ના
જયશ્રીકૃષ્ણ.

શ્રી ગોવિંદદાસ પુરુષોત્તમદાસ   શ્રી ગિરિધારીભાઈ જી. શાહ
શ્રીમતી કુંજલત્તાબેન ગોવિંદદાસ   શ્રીમતી સીમાબેન ગિરીધારીભાઈ શાહ
શ્રી તીર્થ ગિરિધારીભાઈ શાહ (ચેન્નઈ)
ના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

પ્રસ્તાવના

પ્રિય વૈષ્ણવો,

આપ સૌનું પ્રિય બનેલું 'વૈષ્ણવ પરિવાર' આ વર્ષે તેના પ્રકાશનનાં ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ બધા વર્ષો દરમ્યાન 'વૈષ્ણવ પરિવાર' તરફથી દર વર્ષે ભેટપુસ્તક આપવાની પરંપરા પ્રભુકૃપાથી જળવાઈ રહી છે, આ વર્ષે પણ એ પરંપરામાં આ 'શ્રીરાધા માહાત્મ્ય' પુસ્તક સર્વ મેમ્બરોને ભેટ પુસ્તક તરીકે અપાઈ રહ્યું છે.

શ્રી રાધાજી પ્રભુની અહ્‌લાદિની શક્તિ છે. પ્રભુની આરાધ્યા છે. તેમના માહાત્મ્ય, સ્વરૂપ, ગુણ, લીલા વગેરે આ પુસ્તકમાં યુગલ સ્વરૂપના વિવિધ લીલા પ્રસંગો દ્વારા રોચક રીતે રજૂ થયાં છે. ઉપરાંત શ્રીગુસાંઈજીકૃત 'રાધાપ્રાર્થનાચતુઃશ્લોકી' અને શ્રીહરિરાયજીકૃત 'શ્રીમદ્ રાધાષ્ટકમ્' સ્તોત્ર પણ અર્થ સાથે આપ્યાં છે. ડૉ. સુલોચના શાહ દ્વારા લિખિત પુસ્તક 'હરિપ્રિયા'માંથી શ્રી રાધાજીની લીલા વર્ણવતી ત્રણ કૃતિઓનો સમાવેશ પણ કર્યો છે. આશા છે કે આ બધા દ્વારા યુગલસ્વરૂપની અલૌકિક લીલાનુભૂતિ સૌના હૃદયમાં થશે.

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી (કડી, અમદાવાદ) દ્વારા હૈદ્રાબાદમાં ત્રણ દિવસ માટે 'શ્રી રાધાજીકા માહાત્મ્ય' વિષય ઉપર થયેલા હિન્દી વચનામૃતોની સીડી ઉપરથી આ પુસ્તક સંકલિત થયેલ છે. આપશ્રીની મધુર, સરળ તથા અત્યંત ભાવપ્રચુર શૈલીમાં થયેલ વચનામૃતો વૈષ્ણવોમાં ઘણાં પ્રિય બન્યા છે. વીડિયો સી.ડી.નું શ્રવણ કરવા છતાં તે વચનામૃતોને પુસ્તક સ્વરૂપે મેળવવા માટે વૈષ્ણવોનો હંમેશા આગ્રહ રહે છે. આ વચનામૃતો 'વૈષ્ણવ પરિવાર'માં

લેખમાળા સ્વરૂપે છપાતાં હોવા છતાં વૈષ્ણવોની વારંવારની માગણી તેને પુસ્તક સ્વરૂપે મેળવવાની રહી અને આપશ્રીએ પ્રસન્નતાથી તેને પ્રકાશિત કરી ભેટપુસ્તક તરીકે આપવા આજ્ઞા આપી. આપશ્રીના આશીર્વાદથી એ વચનામૃતો આજે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યાં છે અને 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ મેમ્બરોને એ પુસ્તક ભેટ પુસ્તક તરીકે અપાઈ રહ્યું છે, તેનો ખૂબ આનંદ છે. આ પ્રસંગે હું આપશ્રીનો ઋણસ્વીકાર કરતાં ધન્યતા અનુભવું છું.

દેશ પરદેશના વૈષ્ણવોએ પુસ્તકના પ્રકાશન માટે મનોરથી બની અમારા કાર્યને સરળ બનાવ્યું છે. પોતાના દૈવી દ્રવ્યનો શ્રી રાધાજીની નામસેવામાં વિનિયોગ કરી શ્રીરાધાજીના અને શ્રીવલ્લભના પ્રીતિપાત્ર બન્યા છે, આ નામસેવા માટે બધા જ મનોરથી વૈષ્ણવો પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું અને આવનારા વર્ષોમાં પણ સૌનો આવો જ સહકાર મળી રહેશે તેવી આશા વ્યક્ત કરું છું.

અંતમાં મને આ પુસ્તકને સીડી ઉપરથી સંકલિત કરવાની જે સેવા મળી, તેને હું મારું મહદ્ ભાગ્ય સમજું છું. લેખન થયું તેટલો સમય શ્રીરાધાજીના સાન્નિધ્યમાં અને યુગલસ્વરૂપની લીલાઓના ચિંતનમાં ચિત્તની પ્રણવતા રહી. 'બે ઘડી જીવ્યાની અનુભૂતિ થઈ.' આ પ્રકારની કૃપા હંમેશા થતી રહે એ જ આપશ્રીના ચરણોમાં નમ્ર અભ્યર્થના છે. હિંદી ભાષામાં થયેલ વચનામૃતો ઉપરથી ગુજરાતીમાં ભાષાંતર કરતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે આપશ્રીની ક્ષમા માગું છું.

અંતમાં શ્રીપ્રભુની કૃપા અને શ્રીવલ્લભકુળના આશીર્વાદથી શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ રહેલી આ નામસેવામાં વૈષ્ણવોનો જે પ્રેમભર્યો સહકાર મળે છે, તે માટે સૌનો આભાર માની, સૌને ધન્યવાદ આપી વિરમું છું.

– **વસંતબેન પરીખ**

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।
।। શ્રીગુસાંઈજી પરમદયાલવે નમઃ ।।

શ્રી રાધા માહાત્મ્ય

વ્યાખ્યાતા : પૂ. પા. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી
(કડી - અમદાવાદ)

હે દયામયી રાધે, હે કૃપામયી રાધે.
દયામયી કૃપામયી કરૂણામયી રાધે.
હે કૃષ્ણમયી રાધે, શ્રીકૃષ્ણમયી રાધે.
દયામયી કૃપામયી કરૂણામયી રાધે.
હે રસમયી રાધે, હે રાસમયી રાધે,
રસમયી રસમયી રાસમયી રાધે.
હે શ્યામમયી રાધે, ઘનશ્યામમયી રાધે.
શ્યામમયી શ્યામમયી ઘનશ્યામમયી રાધે.
હે રસમયી રાધે, હે રાસમયી રાધે.
રસમયી રસમયી રસમયી રાધે.
હે કુંજમયી રાધે, નિકુંજમયી રાધે.
કુંજમયી કુંજમયી, નિકુંજમયી રાધે.
હે દયામયી રાધે કૃપામયી રાધે.

વૈષ્ણવો, આ દિવ્ય ઉત્સવમાં નિમિત્ત બનેલ મનોરથી પરિવાર, આ ઉત્સવમાં જે મનોરથી બન્યા છે, તેમને હું મનોરથી નહિ પણ રાધાજીના કૃપાર્થી કહીશ, કારણકે રાધાજીની કૃપાદૃષ્ટિ જેના ઉપર થઈ છે, રાધાજીએ જેમને પોતાના ચરણોમાં જગ્યા આપી છે, તેઓ જ આ આયોજનમાં જોડાઈ શકે છે. મારા માટે તો સૌથી આનંદનો વિષય એ છે કે આજે મારાથી પણ આ રાધાજીનાં ગુણગાન પ્રથમ વાર થઈ રહ્યાં છે અને મને લાગે છે કે રાધાજીનાં ગુણગાન સુધી હું એટલે પહોંચી શક્યો છું કે અનેક અનેક ભાગવત સપ્તાહો, અનેકવાર વલ્લભના ગુણગાન, અનેક અનેક શ્રીયમુનાજીનાં ગુણગાન, અનેક ગીતો ઉપર કથા કરી ત્યારે હું રાધાજી વિશે કંઈક કહી શકીશ.

સ્વ. શ્રીમતી કપિલાબેન હરિવલ્લભદાસ (બાયડવાળા)ના સ્મરણાર્થે
હ. હરિવલ્લભદાસ અંબાલાલ (પુના)ના જયશ્રીકૃષ્ણ.

રાધાજી એટલે પ્રભુની આહ્લાદિની શક્તિ. પ્રભુની કૃપાશક્તિ. રાધાજી એટલે પ્રભુનું જ સ્વરૂપ, મારે માટે વિશેષ આનંદની બાબત એ છે કે રાધાજીનું ગુણગાન કરવાનો અવસર મળ્યો અને તે પણ શ્રીગિરિરાજ બાવાના સાન્નિધ્યમાં. મને તો લાગે છે કે આપ સૌ અને હું તો નિમિત્ત બન્યાં છીએ. રાધાજીનાં ગુણગાન સાંભળવાનો મનોરથ તો આપણા શ્રીગિરિરાજબાવાનો છે. આપણે તો વચમાં આવી ગયાં છીએ. આ મનોરથ તો એમને જ કરવાનો હતો. આ શ્રવણ એમને જ કરવાનું હતું. કારણકે શ્રીગિરિરાજબાવા એ રાધાજીના મનોરથનું સ્વરૂપ છે. મારા માટે અધિક આનંદનો અવસર છે કે શ્રીગિરિરાજજીના સાન્નિધ્યમાં આ રાધાજીના ગુણગાન ગાવાનો અવસર મળ્યો છે.

શ્રી ગિરિરાજબાવા શ્રી રાધાજીનો મનોરથ કેવી રીતે છે? ગોલોકધામમાં એકવખત શ્રી ઠાકોરજી બિરાજતા હતા. સામે શ્રીરાધાજી નૃત્ય કરી રહ્યાં હતાં. એટલું સુંદર નૃત્ય હતું કે પ્રભુ પણ એ નૃત્યના દર્શનથી ધન્ય થઈ ગયા. કહેવા લાગ્યા : 'વાહ, પ્યારીજી વાહ! આવા સુંદર નૃત્યનું દર્શન મેં કોઈ દિવસ કર્યું નથી.' જેમ જેમ શ્રીઠાકોરજી પ્રશંસા કરે છે તેમ તેમ રાધાજીને વધુ આનંદ આવે છે.

બબલા લક્ષ્મીબેન (તાન્ઝાનીયા, ઈસ્ટ આફ્રિકા)ના જયશ્રીકૃષ્ણ.

રાધાજી કહે છે : 'પ્રભુ, હવે હું એવું નૃત્ય કરું છું કે જ્યારે મારા ચરણોથી હું તાલ આપીશ, ત્યારે એક એક તાલ સાથે મારા ચરણના ઝાંઝરમાંથી એક એક ઘૂઘરી વાગશે.' આમ રાધાજી વિવિધ પ્રકારે નૃત્ય કરી રહ્યાં છે. ઘણાં સમય પછી નૃત્યનો વિરામ થયો. શ્રીઠાકોરજી વાહ, વાહ કરતાં કહે છે કે 'આપે આજે ખૂબ સુંદર નૃત્ય કર્યું છે. આટલું સુંદર નૃત્ય પહેલાં કદી કર્યું નથી.'

'હે શ્યામસુંદર, જો આપ મારા નૃત્યને જોઈને પ્રસન્ન થયા હો તો આજે હું આપની પાસે કંઈક માગવા ઈચ્છું છું.'

'અરી પ્યારીજુ, શું આપ કંઈ માગવા ઈચ્છો છો?'

'હાં સાંવરેલાલ.'

'કહો, શું જોઈએ?'

રાધાજી કહે છે : 'હે પ્રભુ, ગોલોકધામમાં કોઈ એવું સ્થાન હોય જેમાં અનેક કુંજ-નિકુંજ હોય, એવું સ્થાન હોય જે આપના જેવું શ્યામ વર્ણનું હોય, જેમાં અનેક કંદરા હોય જ્યાં આપણે બેસીને વાર્તાલાપ કરી શકીએ, જ્યાં રંગબેરંગી પક્ષીઓનાં ગીત સંભળાતા હોય, જ્યાં સુંદર ઝરણાં વહેતાં હોય....

શ્રીસ્વામિનીજી આમ વર્ણન કરતાં ગયાં અને શ્રીઠાકોરજી પ્રિયાજીના મનમાં જાગેલા આ મનોરથને નેત્ર બંધ કરીને શ્રવણ કરતા ગયા. જેવું વર્ણન પૂર્ણ થયું કે શ્રીઠાકોરજીએ નેત્ર ખોલ્યાં. જેવાં નેત્ર ખોલ્યા કે પ્રભુનાં હૃદયમાંથી એક તેજપુંજ પ્રગટ થયો. ગોલોકધામની ભૂમિને સ્પર્શ કરીને એ તેજપુંજે વિશાળ સ્વરૂપ ધારણ કરી લીધું. સો યોજનની લંબાઈ થઈ. પ્રભુએ પોતાનો સ્પર્શ કરીને એને સ્થિર કર્યો. એમાં સો શિખર બન્યાં. એનું નામ પડ્યું ગિરિરાજ. આમ શ્રીગિરિરાજબાવા એ બીજું કોઈ નહિ પણ શ્રીસ્વામિનીજીના મનમાં જાગેલો મનોરથ છે.

શ્રી વ. સે. પ્ર. કેન્દ્ર, હ. જીતેન્દ્રભાઈ રમણીકલાલ પરીખ (પાટણ)ના જયશ્રીકૃષ્ણ.

જ્યારે આપણે શ્રીગિરિરાજબાવાનાં દર્શન કરવા જઈએ ત્યારે એમ ન માનવું કે આપણે કોઈ પર્વતનાં દર્શન કર્યાં છે. એવું માનવું આપણું સૌભાગ્ય છે કે આપણે શ્રીસ્વામિનીજીના મનોરથને જોઈ શક્યાં છીએ.

તો શ્રીગિરિરાજબાવા એ શ્રીરાધાજીનો મનોરથ અને રાધાજીનાં ગુણગાન એ શ્રીગિરિરાજબાવાનો મનોરથ. કારણકે શ્રીગિરિરાજ બાવાને સૌથી વહાલાં શ્રીરાધાજી અને રાધાજીના પ્યારા શ્રીગિરિરાજબાવા છે. આજે આપણે શ્રીગિરિરાજજીના સાન્નિધ્યમાં શ્રીરાધાજીનાં દર્શન કરીશું.

હું તો પહેલેથી જ કહું છું કે મારામાં શ્રીરાધાજીનું વર્ણન કરવાનું સામર્થ્ય નથી. બ્રહ્માજીએ સાઈઠ હજાર વર્ષો સુધી પુષ્કરમાં જઈને તપસ્યા કરી ત્યારે ભગવાને પ્રસન્ન થઈને કાંઈ માગવાનું કહ્યું, બ્રહ્માજીએ માગ્યું કે શ્રીરાધાજીનાં ચરણારવિંદનાં દર્શન મને થાય.

વિચાર કરો કે જેમનાં ચરણારવિંદનાં દર્શન કરવા માટે બ્રહ્માજીને ૬૦-૬૦ હજાર વર્ષો સુધી તપ કરવું પડે, તો પણ એ ચરણનાં દર્શન સુલભ ન હોય એવાં શ્રીરાધાજીનાં ગુણગાન આપણે શું કરી શકીએ? રાધાજીના સ્વરૂપને આપણા શ્યામસુંદર સિવાય કોઈ જાણતું નથી. તેથી હું પ્રભુને જ વિનંતી કરું છું કે હે પ્રભુ, આપનાં રાધાજીને આપના સિવાય કોઈ જાણતું નથી. જો આપ રાધાજીના સ્વરૂપને પ્રગટ કરવા ઈચ્છતા હો, આપના જીવોને એ સ્વરૂપ જણાવવા ઈચ્છતા હો તો આપ હૃદયમાં પધારો. આપ જ હૃદયમાં બિરાજીને આપની પ્રાણપ્યારી શ્રીરાધાનાં યશોગાન કરાવો, કારણ એ વર્ણન કરવાનું સામર્થ્ય મારામાં નથી. મોટા મોટા શાસ્ત્રકાર અને ગ્રંથકાર પણ આપનું વર્ણન કરતાં કરતાં થાકી જાય છે. આપના સ્વરૂપનો પાર પામી શકતા નથી.

ધીરજબેન દેસાઈ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

રાધાજી કોણ છે? જેમને આધીન સ્વયં ભગવાન છે. વિચાર કરો. આપણે મસ્તક ઉપર જે તિલક કરીએ છીએ તે શું છે? શ્રીઠાકોરજીનાં ચરણચિહ્ન છે. પણ જે શ્રીઠાકોરજી પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે તે શું છે? શ્રીરાધાજીનાં ચરણચિહ્ન છે. જે ચરણારવિંદને પ્રભુ પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે, વળી ધારણ કરીને ધન્ય થઈ જાય છે.

જેમ એક કોરો કાગળ હોય તેના ઉપર કોઈ સરકારી સહી - સિક્કા થાય તો તેનું મૂલ્ય વધી જાય છે, તેમ પ્રભુ કહે છે કે હું તો રસરૂપ છું. જ્યારે રાધાજીના ચરણ મારા મસ્તક ઉપર બિરાજે છે, ત્યારે હું પુષ્ટ થાઉં છું. અને પુષ્ટિલીલા કરવા માટે સામર્થ્યવાન બનું છું. આવાં રાધાજીનાં ગુણગાન આજે આપણે કરીશું. પ્રભુ કરાવશે, આપણે તો શું કરી શકીએ?

દયારામભાઈ કહે છે :

જગત જપે નૃપ નામ, રહ્યો જશ સઘળે ફેલી,
પણ પટરાણીનું નામ લહે, જે રહે રંગમહેલ,

અહીં દયારામભાઈ કહે છે કે કોઈ બહુ મોટો રાજા હોય, જેને બધા લોકો જાણતા હોય, એનું ગુણગાન તો દરેક જણ કરી શકે. પણ એ રાજાની રાણીનાં ગુણગાન કોણ કરી શકે કે જેને રાજાએ પોતાના અંતઃપુરમાં આવવાની આજ્ઞા આપી છે. તે રીતે પ્રભુ દરેક જણ માટે સુલભ છે. તેને તો બધા જાણે છે. બધા એ ગુણ ગાય છે. પરંતુ રાધાજીનાં ગુણગાન તો એ જ કરી શકે કે જેને પ્રભુએ પોતાના અંતઃપુરમાં પ્રવેશ આપ્યો છે. જેના ઉપર પ્રભુએ ભરોસો કરી લીધો છે. એ જ રાધાજીના ગુણગાન શ્રવણ કરવા આવીને બેસી શકે.

રાધાજી કોણ છે? રાધાજી એટલે પ્રભુનું સુખ. લાગે છે કે કૃષ્ણ સેવા સમિતિએ આજે કૃષ્ણની સૌથી મોટી સેવા કરી છે. સમિતિ દ્વારા આજે પ્રભુની સામે રાધાજીનાં ગુણગાન થઈ રહ્યાં છે. કૃષ્ણનું સુખ રાધા જ છે. કૃષ્ણ વગર રાધા રહી શકતા નથી કે રાધા વગર કૃષ્ણ રહી શકતાં નથી.

શાહ કનકબેન કૃષ્ણકાન્ત (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

જ્યારે રાધાજીએ પ્રભુને કહ્યું કે પ્રભુ હવે હું આપની સાથે નહિ રહું. તમારા સિવાય હું રહેવા ઈચ્છું છું. ત્યારે શ્યામસુંદર કહે છે કે તમે ગમે તેટલું ઈચ્છો પણ મારા વગર રહી જ નહિ શકો. રાધાજી પૂછે છે, કેમ નહિ રહી શકું?

‘આપ આપનું નામ લખી જુઓ.’

રાધાજીએ પોતાનું નામ લખ્યું. ‘ર’ પછી ‘કાનો’, ‘ધ’ પછી ‘કાનો’ કર્યો.

‘જુઓ, આપ મારા વગર રહી શકો છો? ‘ર’ પછી ‘કાનો’ છે અને ‘ધ’ પછી પણ ‘કાનો’ છે. જેના નામમાં જ આ રીતે ‘કાના’ છે, એ ‘કાન્હા’ વગર કેવી રીતે રહી શકશે?’ વળી હું તો આપને વશ છું. આપ મારા વગર નહિ રહી શકો, તે જ રીતે હું આપના વગર નહિ રહી શકું.

રાધાજીનો વિચાર કરતાં આપણને થશે અન્ય ભક્તિ માર્ગોમાં રાધાજીનું મહત્ત્વ વધારે છે. એમના ઉત્સવો ધામધૂમથી મનાવાય છે. તો આપણા પુષ્ટિમાર્ગમાં કેમ રાધાજીને થોડું ઓછું મહત્ત્વ અપાય છે?

એક પ્રસંગ છે. એકવાર શ્રીગુસાંઈજીને ત્યાં એક ચૂડી વેચવાવાળો આવ્યો. શ્રીગુસાંઈજીએ તેને કહ્યું કે અમારી સાતે પુત્રવધૂઓને જે ચૂડીઓ ગમે તે પહેરાવી દો. ચૂડીવાળો અંદર ગયો. એક એક કરીને બધાં વહુજીઓને જે જે ચૂડીઓ પસંદ આવી તે આપી દીધી. પાછો આવીને કહે છે. ‘મહારાજ, આપની આઠે પુત્રવધૂઓને મેં ચૂડીઓ આપી દીધી છે.’

હંસાબેન હસમુખભાઈ કાનાબાર (પોર્ટુગલ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીગુસાંઈજી વિચારે છે 'મારે સાત પુત્ર છે. સાત પુત્રવધૂઓ છે. આ આઠમી કોણ છે?' આપ અંદર પધાર્યા. સાતે પુત્રવધૂઓએ આવીને દંડવત કર્યા પણ આઠમી લાંબો ઘૂંઘટ કાઢીને ઊભી રહી. શ્રી ગુસાંઈજી વિચારે છે : 'આ આઠમી છે કોણ?' તેની પાસે ગયા તો એણે પોતાનું મુખ ફેરવી લીધું. શ્રીગુસાંઈજી નારાજ થયા. પૂછે છે : 'આપ કોણ છો? ઘૂંઘટ ઊઠાવો.'

ડરતાં ડરતાં ઘૂંઘટ ઊઠાવ્યો કહે છે : 'મૈં રાધારાની હૂં'

'યહાં આયકે ક્યોં ખડી હો?'

'આપ મેરે સ્વામીકી સેવા અપના પુત્ર માનકે કરતે હો, જો મેરે સ્વામી આપકે બાલક હૈ, તો મૈં આપકી કૌન હુઈ?'

પુષ્ટિમાર્ગમાં શ્રીરાધાજી સૌના ખૂબ જ પ્રીતિપાત્ર છે, પ્રિય છે. જે પ્રિય હોય તેમનું મૂળ નામ લેવાતું નથી, માટે આપણે ત્યાં એમને શ્રીસ્વામિનીજી કહેવાય છે.

આ રાધાજીનું સ્વરૂપ શું છે? આપણે જ્યાં સુધી શ્રીરાધાજીના ગુણગાન ગાઈએ ત્યાં સુધી ભૂલી જવાનું કે આપણે હૈદરાબાદમાં છીએ આપણે બરસાનામાં છીએ એમ જ માનવાનું; કારણ કે રાધાજીનું ગામ બરસાના છે.

બરસાના એટલે ઉત્તર પ્રદેશનું કોઈ ગામ નહિ, વ્રજનો કોઈ ભાગ નહિ પણ બરસાના એટલે પ્રભુને કરવામાં આવેલી વિનંતી કે 'પ્રભુ, આપકી કૃપા બરસાના. આપકી રસવૃષ્ટિ, કૃપાવૃષ્ટિ બરસાના. આપકી સ્નેહવૃષ્ટિ બરસાના.' આમ બરસાના એટલે પ્રભુને કૃપા, પ્રેમ, સ્નેહ વરસાવવાની વિનંતી, બરસાના નામમાં જ પ્રભુને વિનંતી છે કે હે પ્રભુ, આપની કૃપાદૃષ્ટિ કરો. જીવોને ધન્ય કરો.

બ એટલે વ્રજ, ર એટલે રાધા, સ એટલે સખીઓ અને સખાઓ, ન એટલે નંદનંદન. આમ બરસાના નામમાં બધાની કૃપા આવી જાય

સુશીલાબેન હસમુખભાઈ પરીખ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

છે. શ્રીઠાકોરજી આવી ગયા, સખીઓ આવી ગઈ, પ્રભુનો પૂરો પરિકર આ બરસાના નામમાં આવી ગયો. બરસાનાની આ લીલા જાણવા દ્વારકા જવું જરૂરી છે. તેથી હું આપ સૌને પહેલાં દ્વારિકા લઈ જાઉં છું.

દ્વારકામાં દ્વારકાધીશ બિરાજે છે. તેમની વય લગભગ ૧૨૫ વર્ષની થવા આવી છે. આપની આંખોની સામે જ ધીરે ધીરે યાદવોનો સંહાર થઈ રહ્યો છે. યદુવંશ નિર્મૂલ થઈ રહ્યો છે. ભગવાન આનાથી દુઃખી છે. હૃદયમાં ઘણી પીડા થઈ રહી છે. ઘણો ક્ષોભ થઈ રહ્યો છે.

એટલામાં બધા દેવો આવ્યા. તેમણે ભગવાનની સ્તુતિ કરીને કહ્યું : 'પ્રભુ, હવે આપને સ્વધામ પધારવાનો સમય થઈ ગયો છે. આપ આ ભૂતલની લીલાનો ત્યાગ કરો. સ્વધામ પધારો.'

ભગવાને ભૂતલનો ત્યાગ કરી સ્વધામ પધારવાનો નિર્ણય કરી લીધો. જે દિવસે ભગવાને આ નિર્ણય કર્યો તે દિવસથી પ્રભુને ઊંઘ આવવાની બંધ થઈ ગઈ. સૂઈ જાય ત્યારે તેમના મનમાં અનેક વસ્તુઓનું ચિંતન થઈ રહ્યું છે. વિચારે છે કે મેં આ ભૂતળ ઉપર દરેકના મનોરથ પૂર્ણ કરવા માટે અવતાર લીધો છે. દરેકની મનોકામના પૂર્ણ કરવાની હતી. કોઈનો મનોરથ અપૂર્ણ તો નહિ રહ્યો હોય ને!

ભગવાને દ્વારકાલીલાનું ચિંતન કરીને પછી મથુરાલીલાનું ચિંતન શરૂ કર્યું. યાદ આવ્યું કે મથુરામાં કંસને માર્યો હતો. તે પછી મથુરામાં સૌને લાગ્યું હતું કે હવે ભગવાન મથુરાના રાજા બનશે, પણ ઉગ્રસેનને રાજા બનાવ્યો. ભગવાન હજી ચિંતન કરે છે. અક્રુરજી મને લેવા માટે મથુરાથી ગોકુળ આવ્યા હતા. અક્રુર મને લઈને નીકળ્યા ત્યારે બધી ગોપીઓ રડી રહી હતી. નંદબાબા-યશોદા રડી

ધીરૂબેન એસ. પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

રહ્યાં હતાં. આ બધી બાબતો ભગવાનના માનસપટલ ઉપર દોડી રહી હતી ત્યાં ભગવાન એકદમ ઝબકીને જાગી ગયા. 'અરે મેરી યશોદામૈયા!'

ભગવાન વિચારે છે કે આ બધી બાબતો મને અત્યારે કેમ યાદ આવે છે? ભૂતકાળની આ વાતો મારા મન ઉપર કેમ છવાતી જાય છે? ધીરે ધીરે એવી અવસ્થા આવી કે પ્રભુને ઊંઘ આવતી બંધ થઈ ગઈ.

જે અવસ્થા મથુરામાં થઈ હતી – 'ઊધો મોહે બ્રજ બિસરત નાહિ' એ અવસ્થા આજે આવી ગઈ. નેત્ર બંધ કરે છે તો યશોદામૈયાના શબ્દો એમના કાનમાં ગુંજે છે : 'અરે અક્રુરજી, મેરે લાલકો મત લે જાઓ. લાલાકો છોડ દો. ઉસકે બગૈર મૈં નહીં રહે પાઉંગી.'

ભગવાન પણ મૈયા, મૈયા કરતાં, પાછળ જોતાં, ચાલ્યા જાય છે. પણ તે સમયના યશોદામૈયાની આંખના આંસુ જોઈને, તેને યાદ કરીને પ્રભુ જાગી જાય છે. રાણીઓને ચિંતા થઈ. પ્રભુને આ શું થઈ ગયું છે? ઘણા બેચેન રહે છે. વિચલિત રહે છે. નિદ્રા આવતી નથી. એવું લાગે છે કે પ્રભુને કોઈ ચિંતા છે. એવી કઈ ચિંતા છે કે પ્રભુ ઊંઘી શકતા નથી? કઈ બાબત એમને પીડા આપી રહી છે? પણ એમને પૂછવાનું સાહસ કોઈ કરી શકતું નથી. ભગવાનને કોઈ પૂછી નથી શકતું કે આપના મનમાં કઈ બાબતનું દુ:ખ છે.

ભગવાન વિચારે છે કે હું તો એવું વિચારીને આવ્યો હતો કે આ જીવનમાં દરેકનું ઋણ ચૂકવીને પાછો જઈશ, પણ નંદયશોદા ગોપીઓ વગેરેએ તો ફક્ત આપ્યું જ છે, બદલામાં કાંઈ ઈચ્છયું નથી, માગ્યું નથી. જ્યારે હું તેમને કંઈ માગવાનું કહેતો તો કહેતાં

પ્રતિમા અરૂણકુમાર પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

કે બસ પ્રભુ, આપવા ચાહો છો તો એટલું આપો કે આપ સદા પ્રસન્ન રહો. જો આપ પ્રસન્ન રહેશો તો અમને બધું જ મળી જશે. આ બધાનું ઋણ હું કેવી રીતે ચૂકતે કરીશ?

પ્રભુને આ બધું યાદ આવે છે. ગાયો, ગોપીઓ બધાં યાદ આવે છે. પણ જ્યાં માનસપટલ ઉપર રાધાનું ચિત્ર અંકિત થવા લાગ્યું કે ભગવાનનું ચેન જતું રહ્યું. નીંદ જતી રહી. ભોજનનો પણ ત્યાગ કર્યો. જળ પીવાનું બંધ કરી દીધું. અરે, અમારા પ્રભુને આ શું થઈ ગયું છે? રાણીઓ વિચાર કરે છે. શું અમારી સેવામાં કોઈ ક્ષતિ છે? કોઈ અપરાધ થયો છે? ભગવાન અમારી પાસે હોવા છતાં પણ અમારી સાથે છે એવું કેમ નથી લાગતું?

પ્રભુના માનસ ઉપર એકવાર રાધાજીની ઝલક આવી ગઈ છે, તે હવે દૂર થતી નથી. પ્રભુનું મન, ચિત્ત, આત્મા, રોમ રોમ રાધાનું સ્મરણ કરી રહ્યાં છે. જેમ ઉધ્ધવજીને પ્રભુ કહી રહ્યા હતા કે, 'હે ઉધ્ધવ, મેરી રાધાકે લિયે મેરા સંદેશ લેકે જાઓ. ઉસે કહેના કે મૈં ઉન્હેં બહોત યાદ કરતા હું. ઉનકે લિયે તડપતા હૂં.' ત્યારે ઉધ્ધવે કહેલું કે આપ રાધાજીને યાદ કરો છો તો મને કેમ મોકલો છો? એમને જ પત્ર લખોને!

પ્રભુ કહે છે : 'ઉધ્ધવ, મૈં રાધાકો પત્ર લિખનેકો બહુત સમયસે પ્રયત્ન કરતા હૂં, લેકિન જબ એક કાગજમેં રાધા લિખતા હૂં, તબ મેરી આંખોમેંસે અશ્રુધારા બહતી હૈ ઔર જો ભી લિખા હુઆ હોતા હૈ વો મેરી આંખો કે આંસુઓમેં બહ જાતા હૈ.'

ભગવાનને એ શબ્દો યાદ આવ્યા જે તેમણે ઉધ્ધવજીને કહ્યા હતા. 'મેરી રાધાકો મિલકે આના.' વિચારોમાં પ્રભુને નિંદર નથી આવતી.

શ્રીમતી કીકીબેન પ્રફુલભાઈ પટેલ (યું.કે.)ના જયશ્રીકૃષ્ણ.

રૂકિમણીજી ચિંતિત થઈ ગયાં. એમણે બધી રાણીઓને પાસે બોલાવી. કહે છે : 'હમણાંથી હું જોઉં છું કે પ્રભુ ભલે પોઢ્યા હોય, પણ ઊંઘતા નથી. એવું લાગે છે કે મનથી તેઓ ક્યાંક પહોંચી ગયા છે, ઘણીવાર પ્રભુનું પૂરું શ્રીઅંગ કંપી રહ્યું હોય છે. કાલે રાત્રે મેં એમની આંખોમાંથી આંસુ વહેતાં જોયાં. જેવો મેં પ્રભુના શ્રીઅંગને સ્પર્શ કર્યો તો એમના રોમરોમમાંથી ધ્વનિ સંભળાયો.- રાધા, રાધા, રાધા. મેં મારા હાથમાં જોયું તો એના ઉપર પણ રાધા નામ છપાઈ ગયું હતું. રૂકિમણીજી ચોંકી ગયાં. આ રાધા કોણ છે કે જેને યાદ કરી કરીને પ્રભુ રડી રહ્યા છે!'

રૂકિમણીજી રાણીઓને કહે છે : 'જુઓ પ્રભુ આપણા પતિ છે. આપણી સાથે રહે છે. આપણે ૧૬૧૦૮ રાણીઓ છીએ. પણ કોઈ એમના મનને જીતી શક્યું નથી. આપણા પ્રેમમાં કોઈ કમી છે. હજી આપણા પ્રેમમાં પ્રભુને આપણી સાથે બાંધી શકે એવી પાત્રતા નથી આવી. પ્રભુ આપણને મળ્યા છે પણ આપણે એમને પામી શક્યાં નથી. રાતમાં પણ પ્રભુ ઊંઘમાં રાધાનું નામ લે છે. એ કોણ છે?'

'મેં સાંભળ્યું હતું કે પ્રભુ જ્યારે વ્રજમાં રહેતા હતા ત્યારે ત્યાં કોઈ ગોવાલણી સાથે એમને પ્રીત હતી, જેનું નામ રાધા હતું. પણ એ ગ્વાલિનીમાં એવું શું હશે કે ભગવાન દ્વારિકામાં પધાર્યા, એમની હવે તો અવસ્થા થઈ છે, પુત્રોને ઘેર પણ પુત્રો થયા છે, છતાં એ બાળપણની સખીને યાદ કરી કરીને રડી રહ્યા છે, આંખમાંથી આંસુ વહાવી રહ્યા છે, આ વાત મારી સમજમાં આવતી નથી.'

બધી રાણીઓ ચિંતિત થઈ ગઈ. વિચારે છે : હમણાં તો પ્રભુ બહાર પધાર્યા છે. એમના મનમાં શું ચિંતા છે, શું પીડા છે, એ વાત આપણે જાણવી કેવી રીતે? ઉધ્ધવજી પણ અહીં નથી. એ હોત તો આપણને બતાવત.

રૂકિમણીજી કહે છે : પ્રભુ કાલે પધારવાના છે. આપણે હિંમત કરીને પૂછીશું. આપણે કહીશું કે પ્રભુ આપની અમે પત્નીઓ છીએ. દાસીઓ છીએ. આપનાં છીએ, પણ અમે જાણીએ છીએ કે અમારી પાસે રહીને પણ પ્રભુ આપ અમારા થઈ શક્યા નથી અમને લાગે છે કે આપ કોઈ બીજાના છો. કોઈ બીજાની અમાનત અમારી પાસે રહી ગઈ હોય એવું લાગે છે. આપને અમારાથી સુખ નથી મળી રહ્યું. બતાવો પ્રભુ, આ રાધા કોણ છે? જેને યાદ કરી કરીને આપ રડો છો? બધી રાણીઓ સંમત થઈ. કાલે આપણા પ્રભુને આ વાત જરૂર પૂછીશું.

બીજા દિવસે બધી રાણીઓ સજ્જ થઈને બેઠી. આજે તો જરૂર પ્રભુને રાધા વિશે પૂછીશું. રાધા કોણ છે, જેની યાદથી આપની આંખોમાં આંસુ આવી જાય છે.

પ્રભુ બહારગામથી પધાર્યા. ખૂબ શ્રમિત હતા. રુકિમણીજીએ ભોજન કરવા વિનંતી કરી. ભગવાને ભોજન કરવાની ના પાડી અને પોઢવા માટે પોતાના કક્ષમાં ચાલ્યા ગયા.

ભગવાનની બાકીની સાતે પટરાણીઓને સમાચાર મળ્યા કે પ્રભુ દ્વારકાધીશ, અમારા સ્વામી પધારી ગયા છે. રુકિમણીજીના મહેલમાં પધાર્યા છે. ચાલો કમ સે કમ દર્શન તો કરી લઈએ. આવો વિચાર કરીને, સાતે પટરાણીઓ રુકિમણીજીના ભવનમાં આવી.

'રુકિમણીજી, આપણા સ્વામી પધાર્યા છે. ક્યાં છે? અમે એમનાં દર્શન કરી લઈએ એવા વિચારથી અહીં આવ્યાં છીએ.'

'પ્રભુ આવ્યા તો છે.'

સ્વ. ચંદ્રકાંતાબેન ધનસુંખલાલ દલાલ (સુરત)ના જયશ્રીકૃષ્ણ.

ઘનશ્યામભાઈ દેસાઈ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

'આપે એમને કાંઈ પૂછ્યું? કાલે આપણે એમને રાધાજી વિશે પૂછવાનું નક્કી કર્યું હતું, તે પૂછ્યું?'

'ભગવાને મને પૂછવાની તક જ ન આપી. એટલા બધા શ્રમિત છે કે સીધા પોતાના કક્ષમાં પધારીને પોઢ્યા છે.'

'દીદી, આપ આજ્ઞા આપો તો અમે ભગવાનના મુખારવિંદના દર્શન કરી લઈએ. ઘણા દિવસથી પ્રભુ બહાર હતા એટલે અમને દર્શન થયાં નથી.'

'ઠીક છે, પ્રભુનાં મુખારવિંદનાં દર્શન કરવાં હોય તો ભલે, આવો.' રાણીઓ અંદર ગઈ. જોયું તો ભગવાન પોઢ્યા તો છે, પણ આમથી તેમ પાસાં બદલી રહ્યા છે. આળોટી રહ્યા છે. એમનાં નેત્રોમાંથી દડદડ આંસુ વહી રહ્યા છે. રાણીઓથી પ્રભુની આ અવસ્થા સહન ન થઈ.

પ્રભુનું માનસપટલ તો વૃંદાવન પહોંચી ગયું છે. ત્યાં રાધાજી બેઠાં છે. બધી સખીઓ બેઠી છે. સખીઓ કહે છે : 'જુઓ, કેવી ચાંદની ખીલી છે!' રાધાજી કહે છે : 'સખિ, પિયા બિન નાગિન કાલી રાત.'

'અરે રાધાજુ, આજ તો ચાંદની રાત છે. આપ આવું કેમ કહો છો.'

'સખીઓ, તમે જાણતાં નથી. જ્યારે નાગણ કોઈને ડસવા માટે આવે છે ત્યારે તો શ્યામ દેખાય છે. પણ જ્યારે કોઈને ડંખ મારીને જઈ રહી હોય, ત્યારે શ્વેત દેખાય છે. આ એ રાત્રિ છે જેણે પ્રભુના વિયોગમાં મને ડસી છે. જ્યારે ડસવા આવી ત્યારે તો શ્યામ હતી પણ હવે ડસીને જઈ રહી છે ત્યારે આવી ધવલ લાગી રહી છે.'

આ રીતે પ્રભુના મનમાં રાધાજીની એક એક વાત યાદ આવી રહી છે. ગોપીઓ કહે છે : 'રાધાજી, આટલો બધો સમય

એક વૈષ્ણવ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

વ્યતીત થઈ ગયો. શું આજે પણ આપ શ્યામસુંદરને ભૂલી નથી શક્યાં?'

'જેણે આપણું મન લઈ લીધું હોય, ચિત્ત ચોરી લીધું હોય, ઈન્દ્રિયોનું હરણ કરી લીધું હોય એને આપણે કેવી રીતે ભૂલી શકીએ?' રાધાજીએ કહ્યું.

ભગવાનને એ દશ્ય યાદ આવી ગયું કે જ્યારે ભગવાનને લઈને અક્રુરજી મથુરા જતા હતા ત્યારે રસ્તામાં રાધાજી ઊભાં હતાં. ભગવાને પોતાની બાંસુરી રાધાજીના હાથમાં આપી હતી. કહ્યું હતું કે રાધા, એ તું જ છે જેને માટે હું આ બાંસુરી બજાવતો હતો. પણ હવે મારે વ્રજ છોડીને હંમેશ માટે જવાનું છે. રાધા, હવે આપણું મિલન થાય કે ન થાય. હું આજ સુધી તને કશું આપી નથી શક્યો. ક્ષમા કરજે.'

રાધાજીએ આંખો બંધ કરી લીધી. 'શ્યામસુંદર, કાંઈ કહેવા ઈચ્છો છો?'

'હા, હું તને કાંઈ પૂછવા માગું છું. હું સદાને માટે તને છોડીને જઈ રહ્યો છું. હવે આપણું મિલન થાય કે ન થાય, પરંતુ તું તો મારા રોમ-રોમમાં બિરાજે છે. પણ રાધા, જો તું મને ચાહતી હોય તો બતાવ, હું ક્યાં છું?'

'પ્રભુ, એ જાણવા માગો છો કે આપ ક્યાં છો? તો સાંભળો. આપ મારા નેત્રમાં છો. મારી પ્રત્યેક ઈન્દ્રિયમાં છો. મારા આત્મામાં છો. મારા રોમરોમમાં પ્રભુ આપ છો.'

'રાધા, બતાવ હું ક્યાં નથી?'

'પ્રભુ, મારા ભાગ્યમાં આપ નથી. એટલે તો મને છોડીને જઈ રહ્યા છો. પ્રભુ આપ મારા ભાગ્યમાં ભલે નથી પણ હું

રશ્મિકા વિનોદ કડકીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ચોક્કસ આપની કંઈક તો છું. ભલે, આ દુનિયા આપણા પ્રેમને કોઈ નામ આપે કે ન આપે, આપણા પ્રેમને સમજે કે ન સમજે પણ શ્યામસુંદર, હું આપને આજે કહું છું કે મારી આજ્ઞા લીધા વગર આપ આ ભૂતળનો ત્યાગ નહિ કરી શકો. જ્યાં સુધી હું નહિ કહું કે શ્યામસુંદર, આપ જઈ શકો છો, ત્યાં સુધી આપ ભૂતળ ઉપરથી પધારી નહિ શકો.'

પ્રભુને યાદ આવ્યું. મેં રાધાને વચન આપ્યું હતું કે જ્યાં સુધી તું મને આજ્ઞા નહિ આપે, તારા હાથમાં હાથ મૂકીને, તારો હાથ પકડીને હું તને કહીશ કે રાધા, હવે મને જવાની આજ્ઞા આપી દે, પણ જ્યાં સુધી તું મને આજ્ઞા નહિ આપે ત્યાં સુધી હું આ ભૂતલનો ત્યાગ નહિ કરું.

પ્રભુ જેને કારણે આટલા બેચેન હતા, વ્યાકુળ હતા એ વચન એમને યાદ આવી ગયું. જાણે રાધાજી કહી રહ્યાં છે કે પ્રભુ તમે મને વચન આપ્યું હતું કે તારી આજ્ઞા વગર ભૂતલ ત્યાગ નહિ કરું, અને આજે ભૂતલત્યાગનો સંકલ્પ કરીને બેઠા છો? પ્રભુ, આ તમે મારી સાથે કપટ કર્યું છે. છળ કર્યું છે.

'ના રાધા, મેં કપટ નથી કર્યું. રાધા મને ક્ષમા કરી દો.' પ્રભુ એકદમ ચમકીને જાગી ગયા. બધી રાણીઓ વિચારે છે પ્રભુ આવા વ્યાકુળ કેમ થઈ ગયા છે. રાધે-રાધે ઉચ્ચારી રહ્યા છે. એમને શું થઈ ગયું છે? કોની ક્ષમા માગી રહ્યા છે? કોની આગળ રડી રહ્યા છે? કેમ આમ તડપી રહ્યા છે?

'પ્રભુ, આપને શું થયું? શું થયું?' બધી રાણીઓ પૂછવા લાગી. પ્રભુ કાંઈ બોલી શક્યા નહિ. 'શું આપે કોઈ સ્વપ્ન જોયું?' પ્રભુની આંખો ભરાઈ આવી.

એન. એસ. પરીખ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

રાધાના એક એક શબ્દ જાણે પ્રભુના કાનમાં ગુંજી રહ્યા છે. રુકિમણીજીએ પ્રભુના હાથ પકડી લીધા. સત્યભામાજી એમના ચરણ દબાવવા લાગ્યાં. બધાં પૂછી રહ્યાં છે : 'પ્રભુ, બતાવો. શું થયું છે?'

પ્રભુ બોલવા ઈચ્છે છે પણ એમના મુખમાંથી રાધા નામ આવતું નથી. પ્રભુનાં કંઠ રુંધાઈ રહ્યો છે. આંખમાંથી આંસુ વહે છે. એમનું શરીર પરસેવાથી ભરાઈ ગયું છે, પણ એમના મુખમાંથી રાધા નામ નીકળતું નથી.

પ્રભુને યાદ આવે છે. જ્યારે હું ગોકુળ છોડીને મથુરા જઈ રહ્યો હતો. 'રાધા, જો મારા જવાથી, મારા વિયોગમાં તમારામાંથી કોઈના પણ પ્રાણ નીકળી ગયા તો એ દિવસ મારા જીવનનો આખરી દિવસ હશે.' પરિણામે રાધાજી અને ગોપીઓ તડપતાં રહ્યાં, પ્રભુના વિયોગમાં એવી અવસ્થા થઈ કે પ્રાણ હમણાં ચાલ્યા જશે, પણ તેમણે પોતાના પ્રાણ ટકાવી રાખ્યા. પ્રાણ જવા નહિ દીધા. ઈચ્છા વગર પણ દેહને સજાવીને રાખ્યો. પ્રભુના આટલા વિયોગમાં પણ રાધાજી રોજ સવારે ઊઠીને શૃંગાર સજતાં. સુંદર વસ્ત્રો ધારણ કરતાં. આંખોમાં કાજળ લગાવતાં. પ્રભુ ક્યારેક પણ આવી જશે એવી આશા હતી. પ્રભુ કહીને ગયા હતા કે જ્યારે હું પાછો વ્રજમાં આવું ત્યારે જો કોઈને પણ દુઃખી જોઈશ, તો હું જીવીત નહિ રહી શકું. તેથી રાધાજીને અને ગોપીઓ શૃંગાર સજતાં રહ્યાં. આજે પ્રભુ એવા વિવશ થઈ ગયા છે કે રાધાનું નામ એમના મુખમાંથી નીકળી શકતું નથી. હા.. હા... કરી રહ્યા છે. કંઠ રુંધાય છે. આંખમાંથી અશ્રુ વહે છે. આવી પ્રભુની અવસ્થા રાણીઓએ કદી જોઈ ન હતી. બધી અચંબિત થઈ ગઈ. બધા યાદવોનો નાશ થઈ ગયો ત્યારે પણ ભગવાન

વસંતબેન નટવરલાલ શેઠ (અંજાર-કચ્છ)ના જયશ્રીકૃષ્ણ.

આવા દુઃખી નહોતા થયા. તો આજે એવું શું બન્યું છે કે ભગવાનને એ વાત મનમાં ને મનમાં મૂંઝવી રહી છે. એ રાધા કોણ છે, જેને યાદ કરીને પ્રભુની આવી અવસ્થા થઈ ગઈ છે. એમની આંખો રડી રહી છે. કાંઈ બોલી શકતા નથી. એમનું રોમ રોમ જાણે તડપી રહ્યું છે. જલમાંથી બહાર કાઢેલી માછલીની દશા જેવી દશા આજે પ્રભુની થઈ ગઈ છે.

એક સમય એ હતો કે જ્યારે પ્રભુને માટે ગોપીઓ તડપી રહી હતી. એક એક ગોપી પ્રભુનું નામ લઈ લઈને રડતી હતી. એ જ દશા આજે રાધાજીના વિયોગમાં પ્રભુની થઈ ગઈ છે.

રાણીઓથી આ વાત સહન ન થઈ. તે બધી પણ રડવા લાગી. પહેલાં તો આંસુ એ માટે આવ્યાં કે પોતાના સ્વામી રડી રહ્યા છે. એમણે કદી પણ પોતાના સ્વામીને આવી દુઃખી અવસ્થામાં જોયા ન હતા. જે બધાને સંભાળતા હતા એ શ્યામસુંદરને આજે મનથી તૂટેલા જોઈને, દ્વારિકાધીશને દુઃખી જોઈને રાણીઓ પોતાની જાતને સંભાળી ન શકી. જોરજોરથી રડવા લાગી. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

તેમના મનમાં એ જાણવાની લાલસા હતી કે એ રાધા કોણ છે, જેણે પ્રભુને આટલો પ્રેમ આપ્યો છે. અમે ૧૬૧૦૮ રાણીઓ મળીને પણ જે પ્રેમ દ્વારિકાધીશને ન આપી શકી, એ પ્રેમ એક રાધાએ આપ્યો છે. અમારો બધી રાણીઓનો પ્રેમ પણ એના પ્રેમની બરાબરી કરી શક્યો નથી. હવે તો એ જાણવું જ રહ્યું કે અમારા દ્વારિકાધીશ જેને માટે આટલા વ્યથિત છે એ રાધાનું સ્વરૂપ શું છે?

પણ કોને પૂછવું, કેવી રીતે પૂછવું. બધી રાણીઓના મનમાં એક જ પ્રશ્ન હતો. કોઈ એકબીજા સાથે વાત કરી શકતી ન હતી. બધી રાણીઓ બહુ જ બેચેન હતી. પોતાના પતિને પોતાનો ન બનાવી શકનાર એ રાણીઓને પ્રભુને પોતાના બનાવનાર રાધા વિશે જાણવું હતું. છેવટે હિંમત કરીને પૂછ્યું : પ્રભુ, આપ રાત્રે અચાનક જાગી જઈને રાધા, રાધા, રાધા પોકારી રહ્યા હતા. અમે જાણવા ઈચ્છીએ છીએ કે આ રાધા કોણ છે? કૃપા કરીને આપ બતાવો.

પારખીયા મગનભાઈ હરિભાઈ (માંડણકુંડલા)ના જયશ્રીકૃષ્ણ.

'મારામાં એવું સામર્થ્ય નથી કે હું રાધા વિશે કાંઈ કહી શકું. એ તો મારી પણ આરાધ્યા છે.' ભગવાન આટલું કહીને ચાલ્યા ગયા. પણ રાણીઓને આટલાથી સંતોષ ન થયો.'

એટલામાં નારદજી આવ્યા. રાણીઓ કહે છે : 'નારદજી, આજકાલ અમારા ઘરમાં એવું કાંઈ થઈ રહ્યું છે, જેનાથી અમારા મનને શાંતિ નથી.' 'એવું તે શું થયું છે?' નારદજીએ પૂછ્યું.

'અરે શું કહીએ? અમારા સ્વામીને રાત્રે ઊંઘ નથી આવતી. સૂઈ રહ્યા હોય ત્યારે, ઊંઘમાં હોય ત્યારે પણ રાધા... રાધા... એમ બોલ્યા કરે છે.'

'આ રાધા છે કોણ?'

'મેં સાંભળ્યું છે કે રાધા એમની બાળપણની સખી છે. તમે એને જાણો છો?' રુકિમણીએ પૂછ્યું.

'અરે, હું તો રાધાને એ દિવસથી જાણું છું જ્યારે એ વૃષભાનજીને ત્યાં એક નાનકડી કન્યા તરીકે જન્મી હતી. એ કન્યા પ્રગટી તો ખરી, પણ એનાં નેત્ર બંધ હતાં. વૃષભાનજી સહિત બધાંને આશ્ચર્ય થયું કે આવી સુંદર કન્યા, જેનાં દર્શન કરવા મોટા મોટા દેવો આવ્યા છે, એનાં નેત્ર કેમ ખૂલતાં નથી? મોટા મોટા વૈદ્ય, જ્ઞાનીઓ વગેરેને બોલાવ્યા. પૂછ્યું : 'કૃપા કરીને બતાવો કે આ અમારી રાધાને શું રોગ લાગુ પડ્યો છે?' એની આંખો કેમ ખુલતી નથી?' પણ કોઈ એનો ઉપાય બતાવી શક્યા નહિ.

એક વૈષ્ણવ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

નારદજી કહે છે : 'તે સમયે હું પણ ત્યાં ગયો હતો. એ કન્યાને જોતાં જ ઓળખી ગયો કે આ કોણ છે. એ કોના માટે પ્રગટી છે. એ કોનું સ્વરૂપ છે. કોના માટે આવી છે. ત્યારે મેં વૃષભાનજીને કહ્યું હતું કે વૃષભાનજી, આપ આ કન્યાની ચિંતા ન કરો. એનાં નેત્રો એટલા માટે બંધ છે કે જેને જોવા માટે તે આવી છે એ હજુ સુધી ભૂતલ ઉપર પ્રગટ થયા નથી. જે સ્વરૂપનાં દર્શન કરવા એ આવી છે એ હજુ સુધી આવ્યા નથી. જ્યાં સુધી એ ભૂતલ ઉપર નહિ પ્રગટે ત્યાં સુધી આ કન્યા નેત્ર કેવી રીતે ખોલે? કારણ એ ચંદ્ર છે તો આ ચકોરી છે. એ દીપક છે તો આ પતંગ છે. બંને એકબીજા વગર અધૂરા છે. આ કન્યા જેને જોવા માટે આવી છે, એને જોતાં પહેલાં એ કોઈને પણ જોવા ઈચ્છતી નથી.'

આમ બે વર્ષ સુધી રાધાજીએ પોતાનાં નેત્રો ન ખોલ્યાં. બે વર્ષ પછી જ્યારે કૃષ્ણ વ્રજમાં પ્રગટ્યા. અને એમના પ્રાગટ્યની વધાઈ એમણે સાંભળી –

રાવલકે કહે ગોપ આજ વ્રજ ધુનિ ઓપ
કાન દે દે સુનો બાજે ગોકુલ મંદિલરા.

રાવલ ગામ, જ્યાં રાધાજીનું પ્રાગટ્ય થયું હતું, ત્યાં સુધી નંદમહોત્સવની વધાઈના સૂર પહોંચ્યા, 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી' એ શબ્દો રાવલ સુધી આવ્યા, અને રાધાજીના કાનમાં આ શબ્દો પડ્યા, ત્યારે એ સાંભળતાં જ રાધાજીએ પોતાનાં નેત્રો ખોલ્યાં. જેને જોવા માટે, જેની સેવા માટે, જેને સુખ આપવા માટે હું આવી છું, તેનું પદાર્પણ હવે ભૂતલમાં થયું છે, એમ જાણતાં જ એમનાં નેત્રો ખૂલ્યાં.

નારદજી કહે છે : 'હું તો એટલું કહી શકું કે પ્રભુની અંતરંગ લીલામાં હજુ સુધી મારો પ્રવેશ નથી. જે જે લીલાનાં મને દર્શન થયાં, તે તે લીલાનો તો હું સાક્ષી છું. કોઈવાર હું પ્રભુના દર્શન કરવા જતો, તે સમયે રાધાજીનાં દર્શન પણ થતાં, પણ એમની બધી લીલાઓ હું જાણતો નથી.'

પ. ભ. નિર્મળાબેન ગજેન્દ્રલાલ શાહ (ભરૂચ)ના જયશ્રીકૃષ્ણ.

રાણીઓને થાય છે કે રાધાજીનું સ્વરૂપ એવું તે કેવું હશે કે જેના વિશે કોઈ કશું પણ કહેવા ઈચ્છતું નથી. એમનાં સ્વરૂપનું દર્શન કોઈ કરાવતું નથી?

નારદજી કહે છે : 'જુઓ, એક વ્યક્તિ એવી છે કે જે પ્રભુની લીલાને જાણે છે. એ વ્યક્તિ એવી છે કે જેણે ઠાકોરજીની લીલાને બાળપણથી આજ સુધી જોઈ પણ છે અને સમજી પણ છે.

'કોણ છે એ?'

'એ રોહિણીજી છે. રોહિણીજીની પાસે જઈને તમે વિનંતી કરો, જેમણે પ્રભુને નાનાથી મોટા થતા જોયા છે. પ્રભુની દરેક લીલાનાં એ સાક્ષી છે. એમણે રાધાજીને પણ પોતાના ખોળામાં ખેલાવ્યાં છે. જેમણે રાધાજી અને ઠાકોરજીનો કેટલીય વાર મેળાપ પણ કરાવ્યો છે. એમને તમે વિનંતી કરો. એ તમને રાધાજીના સ્વરૂપ અંગે બતાવી શકશે.'

બધી રાણીઓએ વિચાર્યું કે રાધાજી વિશે આપણે જાણવું તો છે, આપણે એ જાણવું છે કે આ રાધા કોણ છે, જેણે અમારા પતિનું મન હરી લીધું છે, જેણે અમારા પતિને અમારાથી છીનવી લીધા છે, જે વાતની ચિંતા અમારા મનને સતત સતાવી રહી છે, એના માટે આપણે જરૂર રોહિણીજી પાસે જઈએ.

આમ વિચારીને ઘરનાં વડીલ એવાં રોહિણીજી પાસે બધી પટરાણીઓ અને રાણીઓ પહોંચી તો ગઈ, પણ ગયા પછી મનમાં ક્ષોભ થયો. માને કેવી રીતે કહેવું કે અમારા પતિ અને આપના

ગો. વા. ચંપાબેન જમનાદાસ ચોકસી હસ્તે ભાનુભાઈ ચોકસી (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

લાલની જે પ્રેયસી રાધા છે, એની લીલાનું વર્ણન કરો. મૈયા તો આ વાતનું વર્ણન કરી ન શકે. એની મર્યાદા ભંગ થાય. પરંતુ રાણીઓને એક વાતની ખાત્રી હતી કે શ્રીઠાકોરજીની લીલાનું કોઈ વર્ણન કરી શકે એમ હોય તો તે રોહિણીજી જ છે. કારણ એ જ એની લીલાની જાણકાર છે.

'અરે, તમે આ શું પૂછો છો? શ્યામસુંદર તો મારા પુત્રવત છે. એમની લીલાઓ વિશે હું કેવી રીતે કહી શકું? મને તો સંકોચ થાય. વળી જો કહેતી હોઉં અને શ્રીઠાકોરજી આવી જાય તો હું તો શરમની મારી મરી જાઉં.'

'મા, તમે ચિંતા ન કરો. અમે એવી વ્યવસ્થા કરી દઈશું કે જ્યારે આપ અમને પ્રભુની લીલા, રાધાજીની કથા સંભળાવી રહ્યાં હશો ત્યારે કોઈ અંદર આવી નહિ શકે. સુભદ્રાજીને દ્વાર ઉપર પહેરો ભરવા બેસાડી દઈશું.'

સાંજના સમયે રુકિમણીજીના ભવનમાં બધાં ભેગાં મળીશું એવું નક્કી થયું. પ્રભુની નજર ચૂકવીને બધી રાણીઓ એક એક કરીને રુકિમણીજીના ભવનમાં આવીને બેસી ગઈ. વચમાં રોહિણીજી અને ચારે બાજુ બધી રાણીઓ. બધી રાણીઓ જાણવા માટે ઉત્સુક હતી કે રાધા કોણ છે? એનું સ્વરૂપ શું છે? રુકિમણીજીએ વિનંતી કરી કે કૃપા કરીને અમને બતાવો કે આ રાધા કોણ છે અને અમારા પ્રભુ સાથે એમનો શું સંબંધ છે? એનું સ્વરૂપ કેવું છે? એ ક્યાં રહે છે? એણે પ્રભુને એવો તે કેવો પ્રેમ કર્યો કે અમારા પ્રભુને અહીં પણ રાધા સિવાય કોઈ દેખાતું નથી.

રોહિણીજી કહે છે કે રાધાનું વર્ણન કરવાનું સામર્થ્ય તો મારી પાસે પણ નથી. કારણકે રાધા નામની અંદર જ મારા શ્યામસુંદર સમાયા છે. રાધા નામ એવું છે કે જ્યારે કોઈ વ્યક્તિના મુખમાંથી 'રા' અક્ષર નીકળે ત્યારે ભગવાન બેચેન થઈ જાય છે. વ્યાકુળ થઈ જાય છે. અરે, જેના મુખમાં 'રા'અક્ષર આવ્યો છે તેને તો હું મારું સર્વસ્વ આપી દઉં. કશું બાકી રહી ન જાય.

સંપટ પી. કે. (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

જ્યારે કોઈના મુખમાંથી 'ધા' અક્ષર નીકળે ત્યારે ભગવાનને થાય છે કે આજે હું આને મારી જાતને સોંપી દઉં. જેના મુખમાંથી રાધા શબ્દ નીકળે તેને માટે પ્રભુને થાય છે કે હું આને મારું બધું જ આપી દઉં. મને પોતાને આના હાથમાં સોંપી દઉં. છતાં પણ પ્રભુને લાગે છે કે હજી મેં આને પૂરતું આપ્યું નથી. આ રાધા નામની અસર છે.

પટરાણીઓ પૂછે છે : 'આ રાધા નામ કેવું છે?'

રોહિણીજી કહે છે : રાધા નામ આધાર. સમગ્ર વ્રજનો, કૃષ્ણનો જો કોઈ આધાર છે તો એ રાધા છે. સમગ્ર વ્રજ જે નીંવ ઉપર – પાયા ઉપર ઊભું છે એ રાધા છે. સમગ્ર વ્રજલીલા, સંપૂર્ણ વ્રજપરિકરનો કોઈ આધાર છે તો એ રાધા છે. રાધાનું વર્ણન કરતાં પહેલાં રોહિણીજી રાધાજીનો મહિમા બતાવે છે.

પરમ ધન રાધા નામ આધાર.
જાહીકી ટેર મુરલીમેં ટેરત, સુમિરત વારંવાર.

રોહિણીજી કહે છે કે બધા પુષ્ટિજીવોનો, બધા કૃષ્ણભક્તોનો કોઈ આધાર છે તો એ રાધાનું નામ છે. એ રાધાના નામના આધાર ઉપર આ પૂરો લીલાપરિકર ટકી રહેલો છે. રાણી, તમે જાણો છો, ભગવાન જ્યારે વ્રજમાં હતા ત્યારે મુરલી બજાવતા હતા?

'હા, અમે સાંભળ્યું છે. પ્રભુ મુરલી સુંદર બજાવતા હતા.'

'તે વખતે ભગવાન મુરલીમાં જે નામ પોકારતા હતા તે નામ રાધા હતું. ભગવાન મુરલીની ટેરમાં રાધા... રાધા... રાધા... પોકારતા હતા. પ્રભુની મુરલીની ટેર રાધા હતી. રાધા નામ આધાર,

રેખાબેન (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

પરમ ધન રાધા નામ આધાર. બધા જીવોનો આધાર કોઈ હોય તો એ રાધાનું નામ છે. આ નામ ભગવાનને પણ એવું વિચલિત કરી દે છે કે રાધાનું નામ લેનારને ભગવાન પણ આધીન થઈ જાય છે.'

'પટરાણીઓ, તમે રાધાને શું જાણો? એકવાર વૃંદાવનમાં રાસલીલા થઈ રહી હતી. એક સ્વરૂપ શ્રીકૃષ્ણનું અને એક સ્વરૂપ રાધાજીનું બન્યું હતું. કૃષ્ણ બનેલા સ્વરૂપે પ્રભુની પ્રસાદી માળા ધારણ કરી કે તરત એ પાત્રને કૃષ્ણનો આવેશ આવી ગયો. પ્રસંગ એવો હતો કે તે સમયે રાધાજી પ્રભુને છોડીને જઈ રહ્યાં હતાં. પ્રભુ રાધાજીના વિયોગમાં તડપી રહ્યા હતા.

રાધા મુખ ચંદ્ર, ચકોર મેરે નૈના. પ્રભુ કહે છે કે રાધા, તારું મુખ ચંદ્ર છે. મારાં નયન ચકોર છે. જેમ ચકોર ચંદ્રમાને જ જોતાં વ્યાકુળ થઈ જાય છે, એવી રીતે હે રાધે, જ્યારે મને તમારાં મુખનાં દર્શન નથી થતાં, ત્યારે મારાં નયન ચકોરની જેમ વ્યાકુળ થઈ જાય છે.

આટલું કહેતાં તો કૃષ્ણ બનેલા એ રાસધારીને એવો આવેશ આવ્યો કે તેને થયું કે રાધા મને છોડીને જઈ રહી છે. તરત એ સિંહાસન ઉપરથી મૂર્છિત થઈને પડી ગયો. હે રાધા... હે રાધા... હે રાધા.. પોકારવા લાગ્યો. લોકોને થયું આની આવી દશા કેમ થઈ ગઈ? એના રોમરોમમાંથી રાધા... રાધા... રાધા... ધ્વનિ નીકળવા લાગી. મુખમાંથી ફીણ નીકળવા લાગ્યું. આંખમાંથી અશ્રુધારા અટકતી નથી. 'હે રાધા, મને છોડીને ન જાઓ.' બધાંને ચિંતા થઈ. આને પ્રભુનો આવેશ આવી ગયો છે, એને રાધાજીનો પ્રબળ વિયોગ સતાવી રહ્યો છે. એના પ્રાણ ન ચાલ્યા જાય! શું કરવું?

કિશોરી બિપીન તલાટી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

કોઈએ કહ્યું : 'અહીં બેઠેલા બધા રાધે... રાધે... રાધે... નામની ધૂન મચાવે.' રાસલીલા જોવા બેઠેલા સૌ કોઈએ સતત ત્રણ કલાક સુધી ધૂન મચાવી ત્યારે એ પ્રભુના સ્વરૂપ બનેલ વ્યક્તિને હોશ આવ્યો. રાધાજીને બોલાવી કૃષ્ણની સાથે પધરાવી આરતી કરી.

વિચાર કરો. પ્રભુનું સ્વરૂપ ધારણ કરેલ વ્યક્તિને પણ રાધાજીના વિયોગના સંકેત માત્રથી આજે જો આવી અવસ્થા થઈ જાય તો એ રાધાજીનું સ્વરૂપ શું હશે? જે નામ લેતાં, જે નામનું ગુણગાન કરતાં આપણા શ્યામસુંદર વિવશ થઈ જાય, એક બાળક જેમ રમકડા માટે જોરજોરથી રડે તેમ ૧૨૫ વર્ષની વયે આપણા દ્વારિકાધીશ એ રાધાને માટે રડે, એ રાધાજી કેવાં હશે એ વિચારો. માટે જ કહ્યું છે :

પરમ ધન રાધા નામ આધાર.
વેદમંત્ર અરુ જંત્ર તંત્રમેં યહી કિયો નિર્ધાર.

રોહિણીજી કહે છે : આ વાત ફક્ત હું નથી કહી રહી કે રાધા નામ સૌનો આધાર છે પરંતુ વેદમંત્ર, જંત્ર, તંત્ર બધાએ નિશ્ચિત રીતે કહ્યું છે કે સર્વ જીવોનો આધાર, કૃષ્ણભક્તોનો આધાર જો કોઈ છે તો એ રાધા છે.

શ્રી શુક પ્રગટ કિયો નહિ તાતે જાન સારકો સાર, પરમ ધન રાધા નામ આધાર.

આ રાધા નામ એવું અગાધ છે. સૌનો આધાર એ નામ છે. બધાં શાસ્ત્રોએ પણ એ વાત કહી છે. તો પ્રશ્ન એ થાય કે શ્રીશુકદેવજીએ ભાગવતજીમાં એ પ્રકટ કેમ નથી કર્યું? કારણકે તેઓ જાણે છે કે બધાનો સાર કોઈ છે તો એ રાધા છે. કલિયુગના જીવો જો એ સારને પામી લે તો ક્યાંક એ વિચલિત ન થઈ જાય, એટલા માટે એ રસને ગોપ્ય રાખ્યો. એ રસ કોઈ સાધનથી ન મળે, માત્ર

વિકેશ એન. શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

કૃપાથી મળે. તેથી ભાગવતમાં તેમણે રાધાનામ અપ્રગટ રાખ્યું, સંતાડીને રાખ્યું. માત્ર ગુપ્ત રૂપથી પ્રગટ કર્યું.

કહે છે કે શુકદેવજી મહારાજના પણ કોઈ ગુરુ છે તો એ રાધા છે. આ શુકદેવજી રાધાજીના શુક છે – નિકુંજલીલામાં રાધાજી આ શુકને પોતાની પાસે રાખતાં. શ્રીઠાકોરજી સાથે વિલાસ કરીને પધારે ત્યારે એકેએક વાત આ શુકને બતાવતાં.

સુવા પઢાવત સારંગનયની – આ સુવા કોણ છે? શુકદેવજી છે. લીલાની એક એક બાબત રાધાજી આ શુકને કહે છે. શુક આખો દિવસ બોલતો રહે છે. શ્રી રાધે, શ્રી રાધે, શ્રી રાધે. એક દિવસ રાધાજીએ કહ્યું : 'શુક, તું રાધા નહિ કૃષ્ણ કૃષ્ણ બોલ.' શુકે રાધેકૃષ્ણ રટવા માંડ્યું.

પણ જ્યાં શુક 'રાધે' શબ્દ બોલે ત્યાં એની એવી અવસ્થા થાય કે એને છ મહિનાની સમાધિ લાગી જાય. રાધાજીના સ્વરૂપમાં એવી પ્રીતિ થઈ ગઈ કે શુકદેવજી 'રાધા' નામ લે અને છ મહિના સુધી સમાધિમાં સરી પડે. જો આવી સમાધિ લાગી જાય તો, પરીક્ષિતની પાસે તો માત્ર સાત દિવસ હતા, સાત દિવસમાં જ શ્રીભાગવતજીની કથા સંભળાવવાની હતી, જો સમાધિ લાગી જાય તો પરીક્ષિતને કથા સંભળાવી એનો ઉધ્ધાર કેવી રીતે થાય, કોણ કરે? તેથી જ શુકદેવજીએ પ્રયત્ન કરીને રાધાજીનું નામ અપ્રગટ રાખ્યું. નામ લીધું પણ સંકેતથી લીધું.

શુકદેવજી મહારાજ જાણતા હતા કે બધા જીવોનો આધાર કોઈ છે, સર્વ શાસ્ત્રોનો સાર કોઈ છે તો આ રાધા નામ છે. રાધાથી વધારે મોટો બીજો કોઈ આધાર નથી. એકલું કૃષ્ણનામ લો તો કોઈ આનંદ ન આવે પણ કૃષ્ણ કૃપા ક્યારે કરે, જીવને રાહ ક્યારે બતાવે, જ્યારે તમે રાધા સહિત કૃષ્ણને યાદ કરો. રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ એમ જેમ બોલતા જશો તેમ તેમ રા... ધે કૃષ્ણ એવું સંભળાશે. જો તમે ઈચ્છતા હો કે કૃષ્ણ રાહ બતાવે, તો એ રાહ ક્યારે બતાવશે? જ્યારે કૃષ્ણ સાથે રાધાજીનું નામ જોડાશે. રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ. રાધે બિના આધે ક્રિષ્ણ. આમ રાધા વિના કૃષ્ણ આધે પરંતુ રાધાકૃષ્ણ બોલો તો રાહ દે કૃષ્ણ.

આમ રાહ બતાવનાર કોઈ છે તો એ રાધાજી છે. શ્રી રાધાજી–શ્રી સ્વામિનીજી કૃપા કરે તો પ્રભુ કૃપા કરે. ભક્તો કહે છે કે રાધાજી આ સમગ્ર લીલાવૃક્ષનું મૂળ છે. જેમ વૃક્ષનું મૂળ હોય, ત્યારબાદ થડ, શાખાઓ, ફૂલ, ફળ હોય તેમ સમગ્ર લીલાવૃક્ષનું ફળ શ્રીકૃષ્ણ છે તો મૂળ શ્રીરાધા છે. હવે પ્રશ્ન એ છે કે જ્યારે કોઈ વૃક્ષ ઊગે ત્યારે પહેલાં મૂળ આવે કે ફળ આવે? પહેલાં મૂળ હોય, તેથી જ ભગવાનના પ્રગટ થતાં પહેલાં બે વર્ષ પૂર્વે રાધાજી પ્રગટ થયાં, કારણ મૂળ હશે તો ફળ આવશે. મૂળ વગર કદી ફળ મળી શકતાં નથી. એટલા માટે કહ્યું કે રાધા નામ અગાધ છે. સર્વ સારનું પણ સાર છે. માટે શુકદેવજી મહારાજે પણ આ નામને અપ્રગટ રાખ્યું.

રાધા નામમાં એવો રસ છે જેમ કોઈ પુષ્પની અંદર રસ મધુ હોય. જ્યારે પુષ્પ ખીલે ત્યારે શું કોઈ ભ્રમરને નિમંત્રણ મોકલવું પડે છે? કોઈ પુષ્પમાં રસ આવી જાય ત્યારે ભ્રમરને નિમંત્રિત કરવા પડતા નથી. જેવો રસ આવે કે તરત ભમરો શોધતો શોધતો આવી જાય છે. પુષ્પની આસપાસ મંડારાવા લાગે છે. એવી જ રીતે રાધાનું નામ રસ છે. જેના મુખમાં રાધા રૂપી રસ આવી જાય, તેની પાસે એ રસના લોભી શ્યામસુંદર જરૂર આવી જાય છે. તેની આસપાસ મંડરાતા રહે છે. આજે અહીં પણ આપણા બધાની મધ્યમાં એ જરૂર ખેલી રહ્યા હશે, કારણકે રાધાનું નામ આવે અને એ સાંવરા

રેખા પંકજ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મીના પંકજ પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

સલોના શ્યામ ન આવે એવું બને નહિ. રાધાજીના ગુણગાન થઈ રહ્યા છે ત્યારે નિશ્ચિત રૂપથી આપણા શ્રીઠાકોરજી અહીં ખેલી રહ્યા હશે. બંસી બજાવી રહ્યા હશે. એકએક વૈષ્ણવના મુખારવિંદમાં જોઈ રહ્યા હશે કે કોના કોના મુખમાં મારી રાધાનું નામ આવે છે. નામ આવતાં કેવો ભાવ પ્રગટ થાય છે એ પ્રભુ સ્વયં જોવા ઈચ્છે છે.

કોટિન રૂપ ધરે નંદનંદન, તોઉ ન પાયો પાર,
વ્યાસદાસ અબ પ્રગટ બખાનત, ડાર ભારમેં ભાર.
પરમ ધન રાધા નામ આધાર.

શ્રીઠાકોરજીએ અનેક રૂપ ધારણ કર્યા, અનેક અવતાર લીધા, ચોવીસ ચોવીસ અવતાર લીધા પણ રાધાજીએ કોઈ અવતાર લીધો હોય એવું સાંભળ્યું નથી. ભગવાને આટલા બધા અવતાર એટલા માટે લીધા કે કોઈ અવતારમાં તો હું રાધાજીનો પાર પામી શકીશ. એમના સ્વરૂપને જાણી શકીશ. રાધાજીના સ્વરૂપને જાણવા માટે કોઈવાર રામ બનીને આવ્યા, વામન બનીને આવ્યા, ઘનશ્યામ બનીને આવ્યા, કોઈવાર નરસિંહ બનીને આવ્યા. ૨૪ અવતાર લીધા પણ આજ સુધી નંદનંદન રાધાજીનો પાર પામી શક્યા નથી, તો આપણે તો ક્યાંથી એમના સ્વરૂપને સમજી શકીએ? તેથી કહે છે : કોટિ કોટિ રૂપ ધારણ કર્યા ભગવાને પણ રાધાજીના સ્વરૂપનો પાર ન પામી શક્યા. એમને ઓળખી ન શક્યા. રાધાજીનું આવું સ્વરૂપ છે.

રાધાજીનું સ્વરૂપ કેવું છે? ભગવાને કોટિ કોટિ રૂપ ધારણ કર્યા તો પણ આપ રાધાજીના સ્વરૂપને જાણી શક્યા નથી. એમના સ્વરૂપને ઓળખી શક્યા નથી. રાધાજી કેવાં છે? રાધાનું નામ શું છે? સબનકા આધાર હી રાધાકા નામ હૈ.

બિંદુ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

એક સમયે ભગવાન પોઢ્યા હતા. તે સમયે એમને રાધાજીનો એવો વિરહ થયો કે રાધાજીનું ચિંતન કરતાં કરતાં ભગવાન સ્વયં રાધા બની ગયા. લાંબા લાંબા કેશ થઈ ગયા. રાધાજી જેવાં નેત્રો થઈ ગયાં. જેમ કીટભ્રમર ન્યાયમાં કીડો ભ્રમરનું ચિંતન કરતાં કરતાં ભ્રમર થઈ જાય છે તે રીતે રાધાજીનું ચિંતન કરતાં કરતાં અને રાધાજીનું નામ લેતાં લેતાં સ્વયં દ્વારિકાધીશ પ્રભુ રાધારૂપ થઈ ગયા. સ્ત્રીરૂપ થઈ ગયા. જ્યારે આપ રાધા સ્વરૂપ થઈ ગયા ત્યારે એમના મુખમાંથી રાધાજીનાં ૧૬ નામ પ્રગટ થયાં. ભગવાને એ સમયે એ ૧૬ નામોનું શ્રવણ જેને કરાવ્યું એને આજ્ઞા કરી કે આ એ નામ છે કે રાધાજીનું ચિંતન કરતાં કરતાં મારા હૃદયમાં એમને માટે ખૂબ તાપ વધ્યો, હૃદયમાં વિરહની ખૂબ પીડા થઈ, હૃદયમાં રાધા પ્રેમનો એવો જાણે સમુદ્ર ઉમડ્યો કે હું ભૂલી ગયો કે હું કૃષ્ણ છું. મને પોતાને રાધા માની બેઠો અને મારા મુખમાંથી રાધાજીનાં આ ૧૬ નામ પ્રગટ થયાં. હું ચોક્કસપણે કહું છું કે જે આ ૧૬ નામો એકવાર માત્ર સાંભળી લેશે, એનું શ્રવણ કરશે એને આ જીવનમાં જ મારાં પ્રગટ દર્શન જરૂર થઈ જશે. અને આ ૧૬ નામ એવાં છે કે મુખમાંથી આ ૧૬ નામોનું ઉચ્ચારણ થઈ જશે એને આ જ જન્મમાં, આજ દેહથી, આ જ નેત્રોથી મારી લીલાનાં દર્શન એકવાર જરૂર થશે. આ સોળ નામ જેના મુખમાંથી પ્રગટ થશે, એના ઘરમાં બિરાજતા ઠાકોરજી દોડતા દોડતા આવીને એની ગોદમાં જરૂર બિરાજશે. એને કહેશે કે તું મને તારા હાથોથી ભોજન કરાવ. આ સુખ એને ઠાકોરજી જરૂર આપશે. પોતાની લીલાનો પ્રગટ અનુભવ એને કરાવશે.

શ્રીપ્રભુ બિરાજતા હતા, તે સમયે એમની પાસે ઉધ્ધવજી હતા. કેટલાક દેવો પણ ગુપ્ત રીતે ત્યાં બિરાજમાન હતા. જ્યારે પ્રભુ

એક વૈષ્ણવ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

રાધાસ્વરૂપ બની ગયા ત્યારે એમના મુખમાંથી સહુથી પહેલાં રાધાજીનું મૂળ નામ નીકળ્યું - હે રાધા, હે રાધા, રાધા. આમ ત્રણ વાર આ નામ લઈને આપે કહ્યું : સૌનો આધાર આ રાધા નામ છે.

બીજું નામ પ્રગટ્યું - હે રાસેશ્વરી, રાસેશ્વરી, રાસેશ્વરી. ત્રીજું નામ પ્રભુના મુખમાંથી પ્રગટ્યું : હે રાસવાસિની, રાસવાસિની, રાસવાસિની રાધા, આપ રાસેશ્વરી છો કારણકે આપના વિના રાસ થઈ શક્તો નથી. આપની કૃપા જ રાસ થાય છે. આપની કૃપાથી જ જીવને રાસનું સુખ મળે છે. હે રાસવાસિની, આપ નિત્ય રાસમાં રહેવાવાળાં છો. આપનો રાસમાં જ પ્રવેશ છે. આપની નિકુંજમાં હું નિત્ય રાસ કરું છું.

ચોથું નામ કહ્યું : હે રસિકેશ્વરી, હે રસિકેશ્વરી, હે રસિકેશ્વરી. પ્રભુ બોલતા જ રહ્યા. આંખમાંથી અશ્રુધારા વહી રહી. એ જાણી શકતા નથી કે હું કૃષ્ણ છું કે રાધા છું. કોઈવાર એમને લાગે છે કે પોતે રાધા છે અને શ્યામ, શ્યામ પોકારી ઊઠે છે. જ્યારે લાગે છે કે હું તો કૃષ્ણ છું, ત્યારે રાધાનું એક એક નામ પ્રગટાવી રહ્યા છે. આ સમયે એમને રાધાનો આવેશ આવ્યો છે અને પોકારી ઊઠ્યા - હે રસિકેશ્વરી?! કારણ પ્રભુ જાણે છે કે આ દુનિયામાં કોઈ રસિક છે તો હું છું અને મારી 'ઈશ્વરી' જો કોઈ છે તો એ રાધા છે.

પાંચમું નામ પ્રગટ્યું : 'હે કૃષ્ણપ્રાણાધિકા' રાધા એવી છે કે જે કૃષ્ણને માટે પોતાના પ્રાણથી પણ અધિક છે.

છઠ્ઠું નામ કહ્યું : હે કૃષ્ણપ્રિયા, હે કૃષ્ણપ્રિયા.

સાતમું નામ કહ્યું : હે કૃષ્ણસ્વરૂપિણી. રાધાજી એ છે કે જે ઈચ્છે તો કૃષ્ણનું સ્વરૂપ ધારણ કરી શકે છે. આઠમું નામ કહ્યું :

રાધિકા કણકીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

હે કૃષ્ણવામાંગસંભૂતા - આપ કૃષ્ણના વામ અંગમાંથી પ્રગટ થયાં છો. નવમું નામ કહ્યું : 'પરમાનંદરૂપિણી.' જે પરમાનંદનું સ્વરૂપ છે. ભગવાન કહે છે કે મારાથી મારી રાધા જરાપણ અલગ નથી.

કોઈએ પૂછ્યું : 'પ્રભુ, આપ રાધાજીને આટલો પ્રેમ કરો છો તો તમે વિવાહ રૂકિમણીજી સાથે કેમ કર્યા?'

પ્રભુએ ઉત્તર આપ્યો, 'વિવાહને માટે બે વ્યક્તિની જરૂર હોય છે. મારા માટે તો મારી રાધા અને મારામાં કોઈ ભેદ નથી. હું જ રાધા છું અને રાધા જ કૃષ્ણ છે. માટે અહીં પ્રભુ રાધાજીનું નામ આપે છે. પરમાનંદરૂપિણી. જે મારું જ સ્વરૂપ છે એ રાધા.

દસમું નામ આપ્યું : ક્રિષ્ણા. જે મારી જેમ જ મોક્ષ આપવાવાળી છે. એ રાધા-ક્રિષ્ણા.

અગિયારમું નામ પ્રગટ્યું : વૃંદા-જે વૃંદાવનમાં રહેવાવાળી છે. વૃંદાવનમાં ક્રીડા કરનારી છે. આગળ કહ્યું : વૃંદાવની, હે વૃંદાવની, હે વૃંદાવની.

જે વૃંદાવનમાં રહે છે અને વૃંદાવનમાં લીલા કરે છે. વૃંદાવનની લીલામાં રાધાજીની કૃપા વગર કદી પ્રવેશ મળતો નથી.

જ્યારે એક ભક્તે કોઈ સંતની પાસે પ્રભુની લીલાનું વર્ણન કર્યું ત્યારે સંતે એને પૂછ્યું : 'તું પ્રભુની લીલાઓનું વર્ણન તો કરે છે, પણ તું કદી વૃંદાવન ગયો છે?'

'ના.'

'તું વૃંદાવનમાં જઈને રાધાજીના ચરણોમાં કદી લોટ્યો છે?'

'ના.'

તો પછી આ તું જે વર્ણન કરી રહ્યો છે એ તારો અનુભવ નથી પણ કપોળકલ્પના છે. જ્યાં સુધી ભક્ત વૃંદાવન જ

નીતીન પોપટ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

રાધાજીની ચરણધૂલિમાં લોટતો નથી, ત્યાં સુધી પ્રભુની લીલા એની સમજમાં નથી આવતી. કલ્પના કરી શકે છે પણ એનો અનુભવ નથી કરી શકતો.

તેથી જ આગળનું નામ કહ્યું : શ્રી વૃંદાવન વિનોદિની, વૃંદાવન વિનોદિની.

ચૌદમું નામ કહ્યું : 'ચંદ્રાવતી.' રાધાજીનું મુખ એવું છે જાણે ચંદ્ર પ્રગટ થયો હોય.

પંદરમું નામ આપ્યું : 'ચંદ્રકાન્તા.' ચંદ્રમાના સ્વરૂપ જેવી જેમની આભા છે.

સોળમું નામ પ્રગટ્યું : 'શતચંદ્રનિભાનના'

પ્રિયજનો, આજે આપે આ સોળ નામનું શ્રવણ કર્યું છે, આપ સૌના મુખમાંથી પણ આ નામોનું ઉચ્ચારણ થયું છે, તો નિશ્ચિંત થઈ જજો. એકવાર જરૂર આપને શ્રીપ્રભુની લીલાનાં દર્શન થશે. આ જ નયનોથી પ્રભુની લીલાનાં દર્શનનું સુખ જરૂર મળશે. કારણકે રાધાના નામનો ધ્વનિ, રાધાના નામનો પ્રભાવ, રાધાના નામનો આધાર, રાધાના નામનો વિશ્વાસ એવો છે જે આપ જાણતા નથી. એની ઉર્જા એવી છે કે એ નામ લેવાવાળા ઉપર કૃપા થઈ જાય છે. માટે કહ્યું :

કોટિન રૂપ ધરે નંદનંદન તોઉ ન પાયો પાર.
વ્યાસદાસ અબ પ્રગટ બખાનત ડાર ભારમેં ભાર...
પરમ ધન રાધા નામ આધાર.
જાહિ પિયા મુરલીમેં ટેરત સુમિરત વારંવાર
પરમ ધન રાધા નામ આધાર.

બધી પટરાણીઓ બેઠી છે. રોહિણીજી એમની સામે રાધા નામની મહત્તા અને દિવ્યતા તથા રાધાના સ્વરૂપની અગાધતા વર્ણવી રહ્યાં છે. બધી રાણીઓ આ વર્ણન સાંભળી રહી છે.

જાગૃતિ રાડીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

રોહિણીજી કહે છે : જુઓ, હું રાધાજીના સ્વરૂપનું વર્ણન તો કરી રહી છું પણ એક વાત કરી દઉં. તમે સવારે આકાશનું દર્શન કરશો તો લાગશે કે આકાશ લાલ છે. બપોરે જોશો તો એ પીળું દેખાશે. સાંજે લાગશે કે આકાશમાં શ્યામલતા છવાઈ રહી છે. આમ જે રીતે આકાશદર્શન કરવાવાળા પોતાની દૃષ્ટિથી આકાશની વ્યાખ્યા કરે છે, એ રીતે જ્યારે હું રાધાનું વર્ણન કરવા બેસું તો મને પણ રાધાનાં અનેક સ્વરૂપનાં દર્શન થાય છે. રાધાની લીલાઓનું વર્ણન કરું તો એ લીલાઓ પણ અનંત છે. એ સ્વરૂપ એવું અગાધ છે કે એની મહત્તા, દિવ્યતા શબ્દોથી વર્ણવવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. કેમ?

રાધાનો પરિચય આપું ત્યારે એમ થાય છે કે ક્યાંથી પ્રારંભ કરું? કેટલાક પૂછે છે : રાધા કોણ છે? કેટલાક એમ કહે છે કે રાધા કૃષ્ણની પ્રેયસી છે. કૃષ્ણની પ્રિયતમા એટલે રાધા.

કોઈ કહે છે : રાધા પ્રભુની આરાધ્યા છે. પ્રભુની ભક્ત છે. રાધાને દરેક પોતાની રીતે જુએ છે. યોગીઓ પોતાની રીતે જુએ છે. જ્યોતિષિઓ પોતાની રીતે જુએ છે. જુદા જુદા આચાર્યોએ પણ પોતાની રીતે એનું દર્શન કર્યું છે. કોઈને માટે રાધા જગતની ઉત્પાદિકા છે. કોઈના મતે રાધા કૃષ્ણની આહ્લાદિની શક્તિ છે. કોઈને માટે રાધા પરમ તત્વરૂપ છે, પ્રેમ તત્ત્વરૂપ છે. સૌએ પોતાની રીતે આ રાધાતત્ત્વને સમજાવ્યું છે. પોતાની રીતે એનું વર્ણન કર્યું છે.

'પરંતુ રાધાની લીલાનું વર્ણન કરવું ઘણું મુશ્કેલ છે. પટરાણીઓ, તમે કહો. રાધાને તમે શું કરીને જાણો છો?'

પટરાણીઓ કહે છે : 'અમે તો માનીએ છીએ કે રાધા બીજું કોઈ નહિ પણ કૃષ્ણની પ્રેયસી છે. એ કોઈ એવી ગોપકન્યા છે કે જેની સાથે પ્રભુને પ્રેમ છે.'

રક્ષા અલખભાઈ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

રોહિણીજી કહે છે : 'જુઓ, પ્રેમ કરવાવાળાઓ અનેક પ્રકારના હોય છે. આ દુનિયામાં પ્રભુને પ્રેમ કરવાવાળા પણ અનેક પ્રકારના છે, પણ આપણા કૃષ્ણને જેમણે પ્રેમ કર્યો એ ભક્તો ત્રણ પ્રકારના છે. કૃષ્ણને મથુરામાં કુબ્જાએ પ્રેમ કર્યો, દ્વારિકામાં તમે પટરાણીઓએ પ્રેમ કર્યો. વ્રજમાં રાધાએ પણ પ્રેમ કર્યો. ત્રણેએ ભગવાનને પ્રેમ કર્યો. ત્રણે ભગવાનની આરાધિકા છે, પણ આ ત્રણેના પ્રેમમાં ભેદ ક્યાં છે? કુબ્જાએ પ્રભુને પ્રેમ કર્યો ત્યારે એની ભાવના હતી કે પ્રભુ, તમને સુખ મળે કે ન મળે પણ મને સુખ મળવું જોઈએ. જ્યારે આ કુબ્જાની જેમ ભગવાન પાસે આપણે આપણું સુખ માગવા લાગીએ, પોતાના આનંદ માટે કામના કરીએ ત્યારે ભૂલી જઈએ છીએ કે આ પ્રેમનો માર્ગ તો અમારા પ્રિયને સુખ આપવાનો માર્ગ છે. જો આપણામાં આવો ભાવ આવી જાય કે પ્રભુને સુખ મળે કે ન મળે, અમને સુખ મળવું જોઈએ, તો માનવું કે આપણો પ્રેમ પેલી કુબ્જા જેવો છે.

પટરાણીઓનો પ્રેમ કેવો છે? પટરાણીઓ ઈચ્છતી હતી કે અમારા પ્રભુને સુખ મળે અને અમને પણ સુખ મળે. અમે સુખી રહીએ અને અમારી જેમ અમારા પ્રભુ પણ સુખી રહે. જ્યારે આ રીતે આપણા પ્રભુની સાથે આપણા સુખનો પણ વિચાર આવી જાય ત્યારે માનવું કે આપણો પ્રેમ આ પટરાણીઓ જેવો છે.

એક પ્રેમ છે રાધાનો. એ શું ઈચ્છે છે? એ ઈચ્છે છે કે ભલે મને સુખ મળે કે ન મળે, ભલે મારા ઉપર મોટી વિપત્તિ આવી જાય, પણ મારા પ્રભુને કોઈ શ્રમ ન પડે. આવો પ્રેમ પ્રભુ ઉપર આવે તો એ રાધાનો પ્રેમ છે. એ પ્રેમ ગોપીઓનો પ્રેમ છે. આ પ્રેમ પ્રભુના નિષ્કામ ભક્તોનો પ્રેમ છે.

રસિકલાલ એમ. શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

એકવાર જ્યારે નારદજીએ જોયું કે ભગવાન અહીં દ્વારિકામાં રહીને પણ રાધાને યાદ કરી રહ્યા છે. ગોપીઓને યાદ કરી રહ્યા છે ત્યારે કહે છે કે પ્રભુ, અહીં આટલી આટલી રાણીઓ છે, જે ચોવીસે કલાક આપની સેવામાં રહે છે. વિચારે છે કે પ્રભુને ક્યાંક શ્રમ ન પડે. આપને સુખ આપવાનો પ્રયત્ન રાત દિવસ કરે છે. આ સોળહજાર રાણીઓના પ્રેમમાં શું કમી છે કે આપ એમની પાસે રહેવા છતાં ગોપીઓને યાદ કરો છો?

ભગવાને નારદજીને આ વાત સમજાવવા માટે એક લીલા કરી. કહે છે કે નારદ, મારા મસ્તકમાં ખૂબ પીડા થઈ રહી છે. મારાથી પીડા સહન થતી નથી. નારદજી પૂછે છે : 'પ્રભુ, આ પીડા દૂર કરવાનો કોઈ ઉપાય ખરો?'

'હા છે. જો કોઈ મારો ભક્ત મને એના ચરણની રજ આપે અને રજ હું મારા મસ્તક ઉપર લગાવું તો મારી પીડા દૂર થાય.'

'નારદજી, તમે મને પ્રેમ કરો છો?'

'હા, પ્રભુ. હું તમને ખૂબ પ્રેમ કરું છું.'

'તો એમ કરો, તમારા ચરણની રજ મને આપો.'

નારદજીએ પોતાના પગ પાછળ લઈ લીધા. 'અરે પ્રભુ, આપ તો બ્રહ્મ છો, ભગવાન છો. હું તો એક સાધારણ જીવ છું. મારા ચરણની રજ આપને આપું અને એ રજ આપ મસ્તક પર લગાવો તો હું તો નર્કમાં જ જાઉં. પતીત થઈ જાઉં. જન્મ મરણના ફેરામાં પડી જાઉં. આ કામ હું નહિ કરી શકું.'

'કાંઈ વાંધો નહી નારદ, તમે મારી બધી રાણીઓ પાસે જાઓ. કોઈ રાણી ચરણરજ આપે તો લઈ આવો.'

સેવકશ્રી રામજીભાઈ હ. રમેશચંદ્ર લ. કાપડીયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ.

નારદજીએ દ્વારિકામાં બધી રાણીઓ પાસે જઈને કહ્યું : ‘દ્વારિકાધીશના મસ્તકમાં ખૂબ પીડા થઈ રહી છે.’

‘શું પ્રભુના મસ્તકમાં પીડા થઈ રહી છે?’

‘હા ખૂબ પીડા થઈ રહી છે.’ સાંભળીને બધી રાણીઓનાં હૃદય ભરાઈ આવ્યાં. ‘પીડા દૂર કરવા અમે શું કરી શકીએ?’ રાણીઓએ પૂછ્યું.

‘એક જ ઉપાય છે. પ્રભુએ કહેવડાવ્યું છે કે જો કોઈ એમને પ્રેમ કરવાવાળો ભક્ત એની ચરણરજ આપે તો મારી પીડા દૂર થાય એમ છે. રાણીઓ, તમે પ્રભુને પ્રેમ કરો છો?’

‘હા હા, ખૂબ પ્રેમ કરીએ છીએ. અમારા પ્રાણથી પણ અધિક અમે દ્વારિકાધીશને પ્રેમ કરીએ છીએ.’

‘તો એમ કરો. તમારા ચરણની રજ આપો.’

સાંભળતાં જ બધી રાણીઓ પાછળ હટી ગઈ. ‘અરે, એ તો અમારા પતિ છે. અમારા પ્રાણનાથ છે. એમને અમારી ચરણરજ આપીએ તો જન્મોજન્મ અમારે નરકમાં પડવું પડે. આ કામ અમે નહિ કરી શકીએ. અમને પાપ લાગે.’

કોઈ પટરાણી કે રાણી પોતાની ચરણરજ આપવા તૈયાર ન થઈ. નારદજી પાછા ભગવાન પાસે આવ્યા.

‘નારદ, ચરણરજ લઈ આવ્યા?’ પ્રભુએ પૂછ્યું.

‘શું કહું પ્રભુ, દરેક રાણીના મહેલમાં જઈ આવ્યો. કોઈ રાણી ચરણરજ આપવા તૈયાર નથી.’

‘એમ કર નારદ, તું વ્રજમાં મારી રાધાની પાસે જા. મારી ગોપીઓની પાસે જા.’

શ્રી નગીનભાઈ ઈ. કુંજલત્તા ર. કાપડીયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ.

નારદજી વૃંદાવનમાં આવ્યા. રાધાજી બિરાજતાં હતાં. તેમની આસપાસ બધી ગોપીઓ બેઠી હતી. જેવું નારદજીએ કહ્યું કે આજે પ્રભુના મસ્તકમાં પીડા થઈ રહી છે. સાંભળતાં જ રાધાજી રડવા લાગ્યાં. ‘અરે, તમે શા માટે રડો છો?’ નારદજીએ પૂછ્યું.

‘જરૂર અમારી કોઈ ભૂલ થઈ હશે, જેને કારણે અમારા પ્રભુને શ્રમ પડી રહ્યો છે. એમને પીડા થઈ રહી છે. એ પીડા કેવી રીતે દૂર કરીએ એ બતાવો નારદ.’

‘એક ઉપાય છે. પ્રભુએ કહેવડાવ્યું છે કે મને પ્રેમ કરવાવાળો ભક્ત મને પોતાની ચરણરજ આપશે અને એ રજ હું મારા મસ્તક ઉપર લગાવીશ તો મારી પીડા દૂર થશે.’

‘અરે નારદજી, જેટલી રજ જોઈએ એટલી લઈ જાઓ.’

‘અરે, રાધાજી, તમે આ શું કહો છો? એ તો બ્રહ્મ છે. એને તમારી ચરણરજ આપશો તો જનમ જનમ સુધી નર્કમાં પડવું પડશે.’

‘અરે, એક જન્મ તો શું, કરોડો કલ્પ સુધી નરકમાં રહેવા અમે તૈયાર છીએ, જો અમારી રજથી પ્રભુની પીડા મટતી હોય તો એમને સુખ થતું હોય તો ગમે તેવો અમને શ્રમ થાય, અમારા ઉપર ગમે તેટલી મોટી વિપત્તિ આપે પણ અમને વાંધો નથી. એ સહન કરવા અમે તૈયાર છીએ.’ રાધાજીએ કહ્યું.

જ્યાં પોતાના પ્રિયના સુખનો જ વિચાર હોય એ પ્રેમ રાધાનો પ્રેમ છે. પોતાના પ્રભુના સુખનો વિચાર રાધાજી અને ગોપીઓ કરતી હતી એટલો કોણ કરે છે?

જ્યારે ભગવાન મથુરા પધાર્યા ત્યારે રાધાજી રડી રહ્યાં હતાં. તડપી રહ્યાં હતાં. જીવનની એક એક ક્ષણ એક એક કલ્પ જેટલી લાગતી હતી. આટલો વિયોગ રાધાજીને હતો તો શું વ્રજથી મથુરા

શ્રી દિલીપકાકા હ. રૂપાલી અનંતકુમાર કાપડીયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ.

દૂર હતું? શું રાધાજી અને ગોપીઓ મથુરા જઈ નહોતાં શકતાં? જો પ્રભુનો આટલો વિયોગ હતો, પ્રભુ વિના જીવન અસંભવ હતું, એક એક ક્ષણ યુગ જેવી લાગતી હતી તો તેઓ મથુરા કેમ ન ગયાં? કારણકે તેઓ વિચારી રહ્યાં હતાં કે પ્રભુને પહેલાં અમારી સાથે રહેવામાં સુખ મળતું હતું. હવે તેઓ અમને છોડીને ગયા છે. આ સમયે કદાચ એમને મથુરા જવાને કારણે સુખ મળતું હશે. અમારાથી દૂર રહેવામાં સુખ મળતું હશે. જો પ્રભુને ત્યાં સુખ હોય તો અમે ત્યાં જઈને પ્રભુના સુખમાં વ્યવધાન શા માટે કરીએ? અમને પ્રભુ જોઈએ પણ અમારા આ વ્રજમાં જ જોઈએ. અમારા વ્રજના ઠાકુર જ અમને જોઈએ, બીજા કોઈ નહિ. કહે છે કે ભગવાન મથુરામાં નથી, ગોકુળમાં નથી. દયારામભાઈ કહે છે : નિશ્ચયના મહેલમાં વસે મારો વહાલમો. એ જે નિશ્ચય હતો કે જો પ્રભુ અમારા જ છે, જો પ્રભુ અમને મળશે તો અહીં વ્રજમાં જ મળશે. અને એ નિશ્ચયરૂપી મહેલમાં જ શ્યામસુંદર રહે છે. આ પ્રેમ રાધાનો પ્રેમ છે.

મોટાભાગના લોકો એમ કહે છે કે રાધા એ કૃષ્ણની પ્રેયસી છે. લોકો કૃષ્ણને પ્રેમ કરવાવાળી પ્રેયસીના રૂપમાં રાધાને જુએ છે. તો પ્રશ્ન થાય કે કૃષ્ણની પ્રેયસી કોણ બની શકે? જો પત્ની હોય તો એમાં મર્યાદા આવી જાય, પરંતુ પ્રભુના પ્રિય થઈને રહેવું, સદા એમના પ્રિય બની રહેવું, પ્રભુની પ્રિયતામાં રહેવું, પ્રભુના સુખનો વિચાર સતત કરતા રહેવું, એ સૌથી મોટી વાત છે.

પ્રભુને પ્રેમ કરવાવાળા કેવા હોય? પ્રભુ એમને ગળે લગાવે તો પણ પ્રભુ પ્યારા લાગે અને કોઈવાર ધક્કો મારીને પાડી દે, તો પણ પ્રભુ એટલા જ પ્યારા લાગે. કોઈવાર પ્રભુ હાથ પકડી લે ત્યારે પણ વહાલા લાગે અને કોઈવાર ભીડમાં હાથ છોડી દે તો પણ એટલા જ વહાલા લાગે. દરેક ક્ષણે, દરેક અવસ્થામાં, દરેક સ્થિતિમાં જેમને પ્રભુ પ્યારા લાગતા હોય એ જ પ્રભુની પ્રેયસી બની શકે. એ જ પ્રભુની પ્રિયા.

જ્યારે ભગવાને રાધાજી સાથે રાસ કર્યો ત્યારે એમને ભગવાન જેટલા પ્રિય લાગ્યા એટલા જ પ્રિય ઉધ્ધવજીને સંદેશ આપીને મોકલ્યા અને પોતે ન આવ્યા તો પણ લાગ્યા. દ્વારિકા ચાલ્યા ગયા તો પણ એટલા જ પ્રિય રહ્યા.

આ દુનિયામાં ભગવાનને પ્રેમ કરવાવાળા તો ઘણા છે, પણ રાધાજીના પ્રેમમાં અને બીજા લોકોના પ્રેમમાં ફરક શું? કોઈએ સરસ ભેદ બતાવ્યો છે.

'રાધાકે પ્રેમમેં શૃંગાર હૈ, રાગ નહીં હૈ.' બંનેના પ્રેમના તફાવતનું પહેલું લક્ષણ બતાવ્યું કે રાધાના પ્રેમમાં શૃંગાર છે, રાગ નથી. જ્યારે આપણા પ્રેમમાં રાગ હોય છે, શૃંગાર નહિ. પ્રેમ એ છે જે સજાવે, પ્રેમ એ છે જે નિખારે, બધ્ધ ન કરી દે. દુનિયાના લોકો પ્રેમ કરે છે એ પ્રેમ સાચો પ્રેમ નથી હોતો, રાગ હોય છે.

બીજું કહ્યું : **'રાધાકે પ્રેમમેં ભોગ હૈ પર અંગસંગ નહીં હૈ.'** રાધાનો પ્રેમ શુધ્ધ પ્રેમ છે, જ્યાં લેવાની વાત નથી, આપવાની જ વાત છે. જ્યાં લેવાની વાત આવે ત્યાં કામના આવી જાય છે. મોહ આવી જાય છે. અને જ્યાં આપવાથી ક્યારેય થાકે નહિ, બધું આપ્યા પછીય લાગે કે હજી તો કશું આપ્યું નથી. એ પ્રિયને માટે મારાથી કશું બન્યું નથી, આવી ભાવના હોય એ છે રાધાનો પ્રેમ.'

રાધાનો પ્રેમ એવો છે જેમાં **'આસક્તિ તો હૈ પર અજ્ઞાન નહીં હૈ**. આ વાત સમજો. ઘણીવાર એવું બને કે આસક્તિ હોય અને અજ્ઞાન હોય તો એને મોહ કહેવાય. રાધાને કૃષ્ણના પ્રતિ આસક્તિ છે અને તે જાણે પણ છે કે કૃષ્ણ કોણ છે. એ જે કાંઈ કરી રહ્યા

ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ શાહ (વિરમગામ-અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

ભાવનાબેન હિરેનભાઈ શાહ (વિરમગામ-અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

છે તે શા માટે કરી રહ્યા છે. પ્રભુ જે લીલા કરી રહ્યા છે તેમાં પ્રભુની શું ઈચ્છા છે? તેઓ શું ઈચ્છે છે. આ બધું રાધા જાણે છે તેથી કહ્યું કે તેનામાં આસક્તિ છે પણ અજ્ઞાન નથી.'

રાધાનો પ્રેમ કેવો છે? જેમાં **'ક્રંદન હૈ પર દુઃખ નહીં હૈ.'** આવું કદી બને ખરું કે કોઈ રડી રહ્યું હોય પણ દુઃખી ન હોય? આંખમાંથી આંસુ આવી રહ્યાં છે, પણ એ દુઃખી નથી. આવી ઘટના આપણને જીવનમાં ક્યાંય જોવા મળતી નથી. કોઈ જોરજોરથી રડી રહ્યું હોય, આંખમાંથી આંસુ વહી રહ્યા હોય છતાં એ દુઃખી ન હોય. અહીં કહે છે રાધાજી રડી રહ્યાં છે પણ એ દુઃખી નથી. એટલા માટે દુઃખી નથી કે રાધાજીને દેશાંતર વિયોગ કદી થયો નથી. પ્રત્યક્ષ વિયોગ, પલકાંતર વિયોગ, વનાંતર વિયોગ અને દેશાંતર વિયોગ એમ ચાર પ્રકારના વિયોગ બતાવવામાં આવ્યા છે. રાધાજીને પ્રત્યક્ષ વિયોગ થાય છે. એકવાર ઠાકોરજી રાધાજીની ગોદમાં પોતાનું મસ્તક રાખીને પોઢ્યા હતા. છતાં પ્રેમની અધિકતાને કારણે રાધાજીને થયું કે શ્યામસુંદર મને છોડીને ચાલ્યા ન જાય. એક ક્ષણમાં આવો વિચાર આવ્યો અને બીજી ક્ષણે લાગ્યું કે પ્રભુ મને છોડીને ચાલ્યા ગયા. રાધાજી રડવા લાગ્યાં. પોકારવા લાગ્યાં : હે શ્યામસુંદર, હે શ્યામસુંદર! પ્રભુ ચોંક્યા - કહે છે : રાધાજી, હું તો અહીં જ છું. રાધાજીએ નેત્રો ખોલ્યાં. અરે, પ્રભુ ગોદમાં પોઢ્યા છે, છતાં વિયોગનો અનુભવ થયો. આને કહે છે પ્રત્યક્ષ વિયોગ.

પલકાંતર વિયોગ કોને કહેવાય છે? જ્યારે શ્રીઠાકોરજી સામે જ બિરાજતા હોય અને રાધાજી પ્રભુને ટગર ટગર નિરખી રહ્યાં હોય, જાણે આંખોથી પી રહ્યાં હોય અને ત્યારે જ એમનાં નેત્રો ક્ષણવાર માટે બંધ થાય અને એક ક્ષણનો પણ વિયોગ દર્શનમાં થાય તેને પલકાંતર વિયોગ કહે છે. હોરી ખેલના દિવસોમાં રાધાજી કહે છે :

ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ શાહ (વિરમગામ-અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

લાલ ગોપાલ ગુલાલ હમારી આંખિનમેં જિન ડારો જુ. પ્રભુ જ્યારે ગુલાલ લઈને રાધાજીને રંગવા માટે આવે છે ત્યારે રાધાજી કહે છે કે પ્રભુ આપ ભલે અમને પૂરેપૂરાં રંગી દો, અમારાં વસ્ત્રોને પણ રંગી દો પણ કૃપા કરીને અમારાં નયનોમાં ગુલાલ ન નાખશો.

'કેમ ન નાખું?'

'પ્રભુ જો આ ગુલાલ આંખોમાં જશે તો ક્ષણભર માટે અમને આપનાં દર્શન નહિ થાય. યદિ આ નેત્રોથી આપનાં દર્શન નહિ થાય તો અમને લાગશે કે અમારું નેત્રોને ધારણ કરવું વ્યર્થ છે. બીજો પણ એક ડર છે. જો આંખોમાં ગુલાલ જશે તો અમને અન્યાશ્રય થઈ જશે.'

'અરે, એમાં વળી અન્યાશ્રય ક્યાંથી થાય?'

'આ જે પંક્તિ છે : લાલ ગોપાલ ગુલાલ હમારી આંખિનમેં જિન ડારોજુ.' એમાં 'લાલ' શબ્દ કોના માટે છે? ગોપાલ માટે કે ગુલાલ માટે? રાધાજી કહે છે કે પ્રભુ, અમે તો નયનોમાં શ્યામને વસાવ્યા છે. હવે આ લાલ ગુલાલની જગ્યા ક્યાં છે? જો નયનોમાં શ્યામને બદલે લાલ ગુલાલ જશે તો શું અમને અન્યાશ્રય નહીં થાય? અમારા નયનોમાં જે જગ્યા છે માત્ર 'શ્યામ' ને માટે છે. કાજલ પણ આંખોમાં અમે લગાવીએ છીએ, એ એટલા માટે લગાવીએ છીએ કે એનો રંગ શ્યામ છે. એ અમને અમારા શ્યામની યાદ અપાવે છે, નહિ કે અમારી આંખોના સૌંદર્યને વધારવા માટે લગાવીએ છીએ. અમે તો અમારા નયનોમાં કૃષ્ણને જ વસાવ્યા છે. આમ આ પંક્તિમાં લાલ શબ્દ ગુલાલને માટે કહ્યો છે, નહિ કે ગોપાલને માટે. અમારા નયનોમાં આપના સિવાય કોઈ વસી શકતું નથી. આ છે પલકાંતર વિયોગ.

મહેન્દ્રભાઈ ભીખાભાઈ શાહ (વિરમગામ-અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

વનાંતર વિયોગ કોને કહે છે? પ્રભુ ગાયો ચરાવવા માટે વનમાં પધારે ત્યારે રાધાજી અને ગોપીજનો પલપલ પ્રભુને યાદ કરે એ વનાંતર વિયોગ.

જ્યારે ભગવાન વ્રજ છોડીને મથુરા ગયા એ વિરહને દેશાંતર વિયોગ કહે છે. રસશાસ્ત્રની દૃષ્ટિથી આ દેશાંતર વિયોગ છે પણ રાધાજી અને ગોપીઓને કદી દેશાંતર વિયોગ થયો નથી. જો એમને દેશાંતર વિયોગનો અનુભવ થયો હોત તો તેઓ મથુરા જરૂર જતાં, પણ એમને માટે તો પ્રભુ સદા વ્રજમાં બિરાજે છે. વ્રજ છોડીને પ્રભુ કદી બીજે ક્યાંય ગયા જ નથી.

જ્યારે ઉધ્ધવજી ગોપીઓની પાસે આવ્યા અને કહ્યું : 'રાધાજી, હું શ્યામનો સંદેશો લઈને આવ્યો છું. ત્યારે રાધાજી અને ગોપીઓ હસવા લાગ્યાં. કહે છે :

'અરે ઉધ્ધવ, જરા ફરી કહે તો શું લઈને આવ્યો છે?'

'મથુરાથી આપને માટે પ્રભુનો સંદેશ લઈને આવ્યો છું.'

'જે માત્ર અમારા હૃદયમાં અને નયનોમાં વસ્યા છે, જે અમારા રોમરોમમાં છે, એનો સંદેશો તમે કેવી રીતે લાવી શકો? અરે એટલું સામર્થ્ય તો અમારા શ્યામસુંદરમાં છે જ નહિ કે અમને છોડીને મથુરા જાય. અમારા પ્રભુ અમારાથી દૂર કદી ગયા જ નથી.'

'અરે ગયા છે. પ્રભુ મથુરામાં છે. હું એમનો સંદેશ લઈને આવ્યો છું ને!'

'અરે ઉધ્ધવ, અમારા શ્યામસુંદર તો ગાયો ચરાવવા ગયા છે. થોડી વારમાં ગોધૂલિવેળા થશે અને અમારા પ્રભુ ગાયોને લઈને પધારશે.'

ગો. વા. રતિલાલ જીવાભાઈ કણસાગરા (મોટી ખાવડી - જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

'આવું તો કદી થઈ જ ન શકે. હું હમણાં જ મથુરામાં એમને મળીને આવું છું. પ્રભુ મથુરામાં જ છે. એમણે તમારે માટે સંદેશ આપીને મને મોકલ્યો છે.'

'ઉધ્ધવ થોડી પ્રતીક્ષા કરો.' જોતજોતામાં સૂરજ ઢળવા લાગ્યો. ગોધૂલિવેળા થઈ. ગોપીઓ કહે છે : 'હવે, પ્રભુ પધારતા જ હશે.'

'એ શક્ય જ નથી. પ્રભુ તો મથુરામાં છે.'

'ઉધ્ધવ, સાંભળો. બાંસુરી બાજી રહી છે.'

ઉધ્ધવ સાવધાન થયા. દૂરથી બંસરીનો અવાજ સંભળાયો. અવાજ પાસે આવ્યો. આવી બંસરી તો શ્યામસુંદર સિવાય કોઈ બજાવી જ ન શકે. ઉધ્ધવજી વિચારે છે જેને હું મથુરા છોડીને આવ્યો છું, એ અહીં કેવી રીતે હોઈ શકે? ચકિત થઈને જોવા લાગ્યા. સામે જોયું તો ચારેબાજુ રજ ઊડી રહી છે. રજથી પૂરું આકાશ આચ્છાદિત થઈ ગયું. વ્રજરજ સર્વત્ર છવાઈ ગઈ. ત્યાં રાધાજીના ચરણોની રજ ઉધ્ધવના નેત્રોમાં પડી. ઉધ્ધવજીને દિવ્ય દૃષ્ટિ મળી.

'જુઓ ઉધ્ધવજી, સામે શું દેખાય છે?' ઉધ્ધવજી જુએ છે તો છોટી છોટી ગૈયનકે પીછે, કાંધેપે કાલી કમલિયા લે કે, બંસી બજાતે બજાતે શ્યામસુંદર પધાર રહે હૈ. ઉધ્ધવજીને જ્યાં પ્રભુનાં દર્શન થયાં કે એ મૂર્છિત થઈને પડી ગયા. રાધાજી અને ગોપીઓની ચરણરજ લઈને પોતાના મસ્તક ઉપર લગાવવા લાગ્યા.

વ્રજની રજમાં આ સામર્થ્ય છે કે જેનાથી મનુષ્ય પ્રભુની લીલાનાં દર્શન કરી શકે છે. પ્રભુની લીલાનો અનુભવ કરી શકે છે.

આમ રાધાજીને કદી દેશાંતર વિયોગ નથી. સદા વનાંતર વિયોગ છે. આ વિયોગમાં ભલે વિયોગનું દુઃખ છે પણ એ આશા પણ છે કે સાંજ પડતાં જ પ્રભુ પાછા પધારશે. જેમ કોઈ સ્ત્રીનો પ્રિયતમ

ગો. વા. રંભાબેન રતિલાલ કણસાગરા, હ. અજીત આર. કણસાગરા (મોટી ખાવડી - જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

પરદેશ જાય ત્યારે એની આંખમાં આંસુ આવે પણ મનમાં એ આશા પણ હોય કે થોડા સમયમાં એ પાછો આવશે. અહીં રાધાજી પણ રડે છે, આંખમાં આંસુ છે, ક્રંદન છે પણ દુઃખ નથી. તેથી જ કહે છે કે **'રાધાજી કો વિયોગ હૈ પર બિછોડા નહીં હૈ.'**

વિયોગ એટલે શું? છૂટા પડીને પાછા મળે એ વિયોગ. પણ છૂટા પડીને પછી કદી મળે નહિ એ બિછોડા. રાધાજીને કદી આવું નથી.

'રાધાજીકે પ્રેમમેં સેવા હૈ લેકિન અભિમાન નહીં હૈ.' રાધાજી બધું જ કરી છૂટે છે પણ એ વાતનું મનમાં અભિમાન કરતાં નથી.

આવો છે રાધાજીનો પ્રેમ.

કૃષ્ણ વગર રાધા અધૂરી અને રાધા વગર કૃષ્ણ અધૂરા છે. આ વાત સમજાવતાં ગુજરાતી કવિ પ્રિયકાન્ત મણિયારે એક સુંદર ગીત રચ્યું છે. જેમાં કૃષ્ણ કોણ અને રાધા કોણ છે તે સરસ રીતે સમજાવ્યું છે :

આ નભ ઝૂક્યું તે કાનજી, ને ચાંદની તે રાધારે.
આ સરવર જલ તે કાનજી, ને પોયણી તે રાધા રે.
આ બાગ ખીલ્યો તે કાનજી, ને લહેરી જતી તે રાધા રે
આ પર્વત શિખર તે કાનજી, ને કેડી ચડે તે રાધારે

આકાશ કૃષ્ણ છે તો રાધા ચંદ્રમા છે, ચાંદની છે. આકાશની શોભા કોનાથી છે? ચંદ્રથી. તેથી જો આકાશ કૃષ્ણ છે, તો રાધા ચંદ્રમા છે. જો પર્વત કૃષ્ણ છે, તો પર્વત ચડવા માટેની સાંકડી કેડી એ રાધા છે. એક બગીચો એ કૃષ્ણ છે, તો બગીચાના ફૂલોની સુગંધ રાધા છે.

આ ચાલ્યા ચરણ તે કાનજી, ને પગલી પડે તે રાધા રે.
આ કેશ ગૂંથ્યા તે કાનજી, ને સેંથી પૂરે તે રાધા રે.

રક્ષાબેન પટવારી (કોલકતા)ના જયશ્રીકૃષ્ણ.

કવિ કહે છે કે આકાશ તરફ જોઈએ અને આકાશ ઝુકતું હોય એવું લાગે તો એ કાનજી છે અને ખીલેલી ચાંદની એ રાધા છે. સરોવરનું જળ એ કૃષ્ણ છે તો એમાં ખીલેલી પોયણી એ રાધા છે.

કોઈ વ્યક્તિ ચાલીને ક્યાંક ગયો હોય તો એ અહીંથી પસાર થયો છે એની ખબર કેવી રીતે પડે? એના ચરણોની છાપથી. કહે છે કે જે ચરણ ચાલી રહ્યા છે એ કોણ છે? એ કૃષ્ણ છે. એમના ચરણોની છાપ છે એ કોણ છે? એ રાધા છે.

કૃષ્ણવગર રાધાનો પરિચય ન મળે અને રાધા વગર કૃષ્ણનો ન મળે. જ્યાં કૃષ્ણ છે ત્યાં રાધા છે અને રાધા છે ત્યાં કૃષ્ણ છે.

આ દીપ જલે તે કાનજી, ને આરતી તે રાધા રે
આ લોચન મારા કાનજી, ને નજરું જુએ તે રાધા રે

અહીં કવિએ રાધાજીનો પરિચય આપ્યો. રાધા વિના કૃષ્ણ અધૂરા અને કૃષ્ણ વિના રાધા. જાણે બંને એકબીજાના પૂરક છે. એ પૂરકતાનો પરિચય અહીં આપણે કરી રહ્યાં છીએ. તેથી જ કૃષ્ણ કોણ અને રાધા કોણ એમ બંનેનું વર્ણન થઈ રહ્યું છે. અહીં એક પ્રેયસીના રૂપમાં રાધાનું દર્શન આપણે કરી રહ્યાં છીએ. દરેક દૃષ્ટિકોણથી અલગ અલગ સ્વરૂપથી રાધાજીનાં દર્શન કરવાનો પ્રયત્ન કરીશું. એક પ્રેયસીના રૂપમાં રાધા, ભાગવતમાં રાધા, ભક્તરૂપથી રાધા, જ્યોતિષમાં રાધા અને યોગમેં ભી રાધા એમ જુદા જુદા દૃષ્ટિકોણથી રાધાને જોવાનો પ્રયત્ન કરીશું તો રાધા તત્ત્વની કાંઈક ઝલક આપણને જોવા મળશે. જોકે રાધાને જાણવાનું તો અસંભવ છે. આ તો રસનો એક સાગર છે. એ સાગરના તટ ઉપર આપણે પહોંચી ગયાં છીએ. સાગરના તટ ઉપર જવાવાળા પણ અલગ અલગ પ્રકારના હોય છે ને? કેટલાક લોકો ઠંડી ઠંડી હવા ખાવા જાય છે. કેટલાક લોકો આરામથી થોડીવાર બેસવા માટે

મધુબેન શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

જાય છે. કેટલાક લોકો પીકનીક મનાવવા ખાવા-પીવા જાય છે. કેટલાક લોકો છીપલાં-શંખલાં વીણવા માટે જાય છે. કેટલાક લોકો માટીનાં ઘર બનાવવા જાય છે. પણ એક વાત નક્કી છે. ભલે ગમે તે હેતુથી સાગરના તટ ઉપર પહોંચી ગયા તો ચિંતા ન કરશો, એક નહિ તો બીજી લહેર પણ તમને ભીંજવ્યા વિના ત્યાંથી જવા નહિ દે.

આ રાધા એ પણ પ્રેમનો સાગર છે. પ્રેમની સરિતા પણ છે. પ્રેમનું વહેતું ઝરણું પણ છે. વળી એ પ્રેમનો એવો કૂવો પણ છે, જેની અંદર જઈ શકીએ પણ અંદર તરી ન શકીએ. અંદર જ રહેવું પડે. કૂવામાં કોઈ કૂદી જાય તો એમાંથી તરીને પાર ન ઉતરી શકે. એમાં તો ડૂબવાનું જ હોય. રાધાના રસમાં પાર જવાનું ઈચ્છશો તો પાર જઈ નહિ શકો, પણ ડૂબી જશો તો પાર પામી શકશો. કારણકે આ રસ કેવો છે? ભક્તો કહે છે કે આ રસને જાણવાનો નથી, એમાં ડૂબવાનું છે. ભક્ત કેવો હોય છે? ભક્ત જલેબી જેવો હોય છે. જલેબી કોરી હોય તો એનું કોઈ મૂલ્ય નહિ. તળાયા પછી એને ચાસણીમાં ડૂબાડીએ તો એ બરોબર રસ પીએ અને રસદાર બને તો એને ખાવામાં બધાંને આનંદ આવે. જેટલી પણ કથાઓ સાંભળી, જેટલા પણ સત્સંગ કર્યા, માનજો કે તેલમાં તળાયાં છો પણ માનજો કે આ ત્રણ દિવસ ચાસણીમાં ડૂબવાનાં છો અને રાધાનો પ્રેમ, રાધાનો રસ એ ચાસણીના રૂપમાં છે. એમાં જ્યારે ડૂબકી મારશો ત્યારે પરિપક્વ બનશો અને પરિપક્વ બનશો તો શ્રીઠાકોરજીને યોગ્ય બનશો.

એટલા માટે રાધાજીનું એક પ્રેયસીના રૂપમાં વર્ણન કરતાં કહ્યું કે રાધાજીના પ્રેમમાં સેવા છે પણ અભિમાન નથી. રાધાજીના પ્રેમમાં માન છે પણ ધૈર્ય નથી. એટલે કે તેઓ માન કરે છે. પણ વધારે સમય એ માન ટકતું નથી. રાધાજીને રિસાવાનું ઘણું પસંદ છે. વારે વારે રિસાઈ જાય છે, પણ વધારે સમય રૂસણાં રહેતાં નથી. રિસાઈને, ઘૂમટામાં મ્હોં છુપાવીને બેસી જાય પણ વારંવાર ઘૂંઘટમાંથી જોયા કરે કે પ્રભુ આવ્યા કે નહિ? પ્રભુ મનાવવા આવ્યા કે નથી આવ્યા. આ રીતે માન તો છે પણ ધૈર્ય નથી. આ પ્રેમ કેવો? વારેવારે રિસાય પણ પાછાં પ્રભુના આવવાની રાહ જોયા કરે. રાહ જોવા છતાં પ્રભુ ન પધારે તો સખીને મોકલે કે જા, પ્રભુને કહી આવ કે ભલે રિસાયાં છે, પણ પ્રભુ, રાધાજી આપને ખૂબ યાદ કરે છે. ભલે આપનાથી રૂઠ્યાં છે પણ આપના વગર તેમને ચેન નથી પડતું. આપનાથી રિસાઈને બેઠાં છે પણ પળેપળ આપનું નામ લઈ રહ્યાં છે. વળી સખીને કહે છે કે મારી દશા કેવી છે એનું જરા સારી રીતે વર્ણન કરજે.

કહેજે કે માન કરીને બેઠાં છે પણ આપનાથી દૂર રહેવાથી કેવી દશા થઈ ગઈ છે તે આપ જાણો છો? રડી રડીને આંખો સૂજી ગઈ છે. એ વિરહિણીના વાળ પણ વિખરાઈ ગયા છે. કેવાં કૃશ થઈ ગયાં છે, દેહ પણ જાણે સૂકાઈ ગયો છે.

સખીએ વર્ણન કર્યું તો પ્રભુ કહે છે, 'માન કરવાને હજુ પંદર મિનિટ થઈ છે, એટલામાં દેહ સૂકાઈ ગયો? પંદર મિનિટમાં આંખો સુજી ગઈ છે? વાળ પણ વિખરાઈ ગયા છે?' હા પ્રભુ, કારણ કે રાધાજીનો પ્રેમ એવો છે. એમાં માન તો છે પણ ધૈર્ય નથી. એક ક્ષણે રૂઠે છે અને બીજી ક્ષણે પસ્તાય છેઃ અરે, આ મેં શું કર્યું? પ્રભુથી રિસાઈ ગઈ? હવે એમનાથી દૂર હું કેવી રીતે રહી શકીશ? મારો દેહ એમના વિના હું કેવી રીતે ધારણ કરી શકીશ? સ્વયં રૂઠે છે, માન છે પણ ધૈર્ય નથી. આ રાધાજીનો પ્રેમ છે.

સ્વ. વીણાબેન રમેશકુમાર વેદ પરિવાર (જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

કાન્તાબેન શામજીભાઈ પારલીયા પરિવાર (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

કહે છે : પ્રલાપ છે પણ બેહોશી નથી. મમતા છે પણ મોહ નથી. મમતા એટલે શું? આ મારા પ્રભુ છે. પરંતુ એવો મોહ નથી કે આ ફક્ત મારા જ પ્રભુ છે. આ બહુ મોટી વાત છે. આપણામાં મમતા આવે કે ન આવે, મોહ આવી જાય છે. પરંતુ રાધાજીના પ્રેમમાં મમતા છે, પણ મોહ નથી. એ જાણે છે કે પ્રભુ મારા છે, પરંતુ ફક્ત મારા નથી. એ જાણે છે કે હું પ્રભુની છું પરંતુ પ્રભુ પૂર્ણ રૂપથી મારા જ નથી. આમ એ પ્રભુને બાંધતી નથી. એવો મોહ નથી.

વળી કહે છે કે રાધાજીનો પ્રેમ કેવો છે? જેમાં અનુરાગ છે પણ કામના નથી. પ્રભુ પ્રત્યે અનુરાગ હોવા છતાં રાધાજીને પ્રભુ પાસે કોઈ કામના નથી.

કોઈ વ્યક્તિની પાસે જ્યારે કોઈ કામના આવે છે ત્યારે તે પોતાની કેટેગરી બદલી નાખે છે. દરેક જણ ઈચ્છે છે કે પોતાને આનંદ મળે, સુખ મળે. પ્રભુને એ માટે વિનંતી પણ કરે છે. I want happyness. ભગવાન કહે છે તને સુખ જોઈએ પણ તારા રસ્તામાં બે મોટા મોટા પહાડ ઊભા છે. 'કયા પહાડ?'

'તે હમણાં શું કહ્યું?'

"I want happiness' તો એમાં પહેલો પહાડ છે. I અને બીજો પહાડ છે want. I means Ego. I ને માટે અંગ્રેજીમાં નિયમ છે. I is always capital. I કદી બેસી શકતો નથી. એ ઊભો જ રહે છે. બીજો પહાડ છે want - એટલે કે Desier, અપેક્ષા.

ભગવાન કહે છે સુખ જોઈતું હોય તો તારા આ I and want- Ego and Desier – અહં અને અપેક્ષા બંનેને હટાવ. આ બે જાય પછી બાકી રહે છે : happiness આપણા અને પ્રભુની વચ્ચે આ જ બે પથ્થર છે. રાધાના પ્રેમમાં આ બંને નથી. એ સદા આનંદ સ્વરૂપ છે. સદા આનંદમાં જ રહે છે. એનામાં પ્રભુ પ્રત્યે અનુરાગ છે પણ કોઈ કામના નથી.

રાધાજીનો પ્રેમ એવો છે જેમાં તૃપ્તિ છે પણ અનિચ્છા નથી. એનો અર્થ શું? કોઈએ આપણને પેટ ભરીને ભોજન કરાવી દીધું. ખૂબ ભાવતી વસ્તુ આગ્રહ કરી કરીને ખવડાવી દીધી. ગુલાબજાંબુ બહુ ભાવે છે, એક કીલો, દોઢ કિલો ખવડાવી દીધા, પછી શું થશે? ગુલાબજાંબુ જોઈને ગભરાટ થશે.

બે ત્રણ વર્ષ પહેલાં એકવાર મારે લંડનમાં એક વૈષ્ણવને ત્યાં પધરામણીમાં જવાનું થયું. એ વૈષ્ણવે અનેક સામગ્રી બનાવેલી. આરોગવા માટે આગ્રહ કર્યો. મેં ના પાડી. 'હું કશું લેતો નથી.' છેવટે એમણે પાઈનેપલના જ્યુસ માટે પૂછ્યું. મને થયું કે ભાવથી કહે છે તો કાંઈ લેવું પડશે એમ માની જ્યુસ લીધો. એ દિવસે ૨૧ વૈષ્ણવોને ઘેર પધરામણી હતી. એ બધાએ આ વૈષ્ણવને પૂછી લીધું. 'આપ શું લેશે?' એમણે કહ્યું : 'જેજે કાંઈ નહિ લે, ફક્ત પાઈનેપલનો જ્યુસ લેશે.' ત્યાર પછી જેટલી પણ પધરામણીમાં અમે ગયા ત્યાં દરેક વૈષ્ણવ સામગ્રીની થાળી ધરે. આ હું નહિ લઉં એમ કહું એટલે કહે કે આ પાઈનેપલનો જ્યુસ તો લેવો જ પડશે. મોટો લોટો ભરીને લાવે. એ દિવસે જ્યાં પણ ગયો ત્યાં એ જ્યુસ લેવો પડ્યો! આજ સુધી મને એ જ્યુસ જોઈને ગભરાટ થાય છે.

આમ તૃપ્તિ અને અનિચ્છા સંગ હોવા એનો મતલબ છે કે કોઈપણ વસ્તુ મોટા પ્રમાણમાં લઈ લીધી છે, પછી કોઈ એ વસ્તુ આપણી સામે લાવે તો એ લેવાની આપણને અનિચ્છા થઈ જાય છે. રાધાજી જ્યારે પ્રભુની સંગે હોય, પ્રભુની દરેક લીલામાં સાથે હોય, પ્રભુનાં દર્શન કરતાં હોય, એમની વાણી સાંભળીને

સ્વ. શ્રીમતી વિજયાબેન દેવજીભાઈ બેચરા, હસ્તે રમાબેન ગીરધરભાઈ બેચરા, સોનવડીયા (સિંહસર)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. અ. સૌ. લીલાવતીબેન ડી. જોષી, હસ્તે નિલમબેન વિનુભાઈ જોષી (કોડીનાર)ના જયશ્રીકૃષ્ણ.

તૃપ્તિ પામતાં હોય, પ્રભુનાં સંગથી તૃપ્ત થતાં હોય, પરંતુ જ્યારે પણ પ્રભુની પાસે જવાનું હોય ત્યારે એમને અનિચ્છા નથી રહેતી. વારંવાર પ્રભુ પાસે દોડી જાય છે. આમ તૃપ્તિ હોવા છતાં અનિચ્છા ન થાય એ વસ્તુ ઘણી દુર્લભ છે. જ્યારે આવો પ્રેમ આવે ત્યારે જાણવું કે એ રાધાનો પ્રેમ છે.

આપણે રાધાના પ્રેમના પહેલા પહેલુ, એક પ્રિયતમાના રૂપમાં રાધા કોણ છે, પ્રેયસીના રૂપમાં રાધા કોણ છે, તેનું દર્શન કર્યું.

એકવાર રાધાજીના સૌંદર્ય વિશે કંસ રાજાએ સાંભળ્યું. તેણે પોતાના કર્મચારીઓને કહ્યું કે એ કન્યા ક્યાં જાય છે, શું કરે છે એના મને સમાચાર આપો. હું એનાં દર્શન કરવા જઈશ. તે સમયે રાધાજી પોતાની સખીઓ સાથે પ્રેમસરોવરમાં સ્નાન કરવા પધાર્યાં હતાં. કોઈએ આવીને કંસને આ સમાચાર આપ્યા.

‘મહારાજા કંસ, જે કન્યાનાં દર્શન માટે આપ વ્યાકુળ રહો છો, એ કન્યા પ્રેમસરોવરમાં પોતાની સહેલીઓ સાથે સ્નાન કરવા આવી છે.’

કંસને થયું કે આ સારો મોકો છે. એ સમયે ત્યાં બીજું કોઈ નહિ હોય એટલે ત્યાંથી હું એ કન્યાનું હરણ કરીને લઈ આવીશ.

કંસ પોતાની સેના સાથે મથુરાથી નીકળ્યો. રાધાજીને સખીઓએ કહ્યું :

‘રાધા, આપણે અહીં સ્નાન કરવા એકલાં આવ્યાં તો છીએ, પણ કોઈ પુરુષ આવી જશે તો? અહીં તો કોઈ છુપાવાની જગ્યા પણ નથી. આપણે લજ્જિત થઈ જઈશું? શું કરીશું?’

‘ચિંતા ન કરશો. એમ કરો એક લાકડી લાવો.’ રાધાજીએ લાકડી લઈને પ્રેમસરોવરના આખા વિસ્તારની ફરતે એ લાકડીથી

મંજુલાબેન રમણલાલ માંડવીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

એક લકીર બનાવી દીધી. કહ્યું : ‘આ મારી રેખાની અંદર જે કોઈ પુરુષ પ્રવેશ કરશે, તે જ સમયે તે ગોપી બની જશે.’

કંસ આવ્યો. સૈન્યને પાછળ ઊભા રહેવાનું કહ્યું. રાધાજીને લઈ જવા માટે હું એકલો જ પૂરતો છું. આવો વિચાર કરીને જેવો તે પ્રેમસરોવરની હદમાં પ્રવેશ્યો કે તરત જ સ્ત્રી બની ગયો. વિચાર કરવા લાગ્યો કે આ મને શું થયું? હું આવો કેમ બની ગયો?

તે જ સમયે રાધાજી અને સખીઓ સ્નાન કરીને આવી. તેમણે જોયું કે એક ભયંકર સ્વરૂપવાળી વ્યક્તિ સ્ત્રીના કપડાં પહેરીને બેઠી છે. સખીઓને થયું શું પૂતના તો ફરી નથી આવી ગઈ?

સખીઓએ તો એને જોરજોરથી થપાટો મારી. કહેવાય છે કે છ મહિના સુધી એને ત્યાં રાખીને સખીઓએ એની પાસે ગોબરનાં છાણાં થપાવ્યાં!

છ મહિના સુધી આવું કામ કરીને એ કંસ એવો થાક્યો કે ન સૂઈ શકે, ન બેસી શકે. રડતો રડતો વૃષભાનજી પાસે ગયો. વિનંતી કરી કે કૃપા કરીને તમારી કન્યાને કહો કે મને ફરીથી રાજા બનાવે. નહિ તો મથુરા ઉપર ઉત્પાત થઈ જશે.

વૃષભાનજીએ રાધાજીને બોલાવીને વિનંતી કરી : રાધા, જુઓ, આ મથુરાનો રાજા છે. રાજા નહિ હોય તો રાજ્યમાં ઉત્પાત થઈ જશે. આપ કૃપા કરીને તેને તે જેવો હતો એવો રાજા બનાવી દો.

રાધાજી સમજી ગયાં કે આ જ કંસ છે. એ મારા સ્વામીને બહુ દુઃખ આપવાનો છે. એમણે કંસને કહ્યું, ‘જો આજે તો હું તને જેવો હતો તેવો બનાવી દઉં છું. પરંતુ જો તું ફરીથી કોઈવાર આ વ્રજમાં પગ મૂકીશ અને ફરી જો ગોપી બની જઈશ તો, યાદ રાખજે કદી પણ પાછો પુરૂષ બની નહિ શકે. કોઈ જન્મે પણ નહિ.’

કૌશીકા ચંદ્રકાંત શેઠ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

એ દિવસ પછી કંસે કોઈ દિવસ વ્રજમાં પગ મૂકવાની હિંમત કરી નહિ. એક એક દૈત્યોને મોકલ્યા. જ્યારે એને ખબર પડી કે મને મારવાવાળો આ કૃષ્ણ છે, ત્યારે અક્રૂરજીને મોકલીને કૃષ્ણને મથુરા બોલાવ્યા, પણ પોતે વ્રજમાં જવાની હિંમત કરી નહિ.

આમ રાધાજી પ્રભુની રક્ષા પણ કરે છે. ભગવાનની એ આહ્લાદિની શક્તિ છે.

પટરાણીઓ પૂછે છે : 'મા, એ બતાવો કે રાધા અને કૃષ્ણનું પહેલું મિલન ક્યાં થયું હતું?'

રોહિણીજી કહે છે : એક દિવસની વાત છે. રાધા અને કૃષ્ણ બંને બહુ નાનાં હતાં. સાંઝીના દિવસો ચાલી રહ્યા હતા. રાધાજીએ સખીઓને કહ્યું કે ચાલો, બાગમાં જઈએ અને સાંઝી માટે ફૂલ લઈ આવીએ. બધાં વાટિકામાં ફૂલ લેવા આવ્યાં. ફૂલ તોડી રહ્યાં છે. સખીઓ ફૂલ લેતી લેતી આગળ નીકળી ગઈ પણ રાધાજી જેવાં ઝાડીમાંથી ફૂલ લઈને બહાર આવવા નીકળ્યાં કે તેમની સાડીનો પાલવ ઝાડીના કાંટામાં ફસાઈ ગયો. કેમ ય કરતાં નીકળે જ નહિ. રાધાજીએ સખીઓને બોલાવી, હે ચંદ્રાવલિ, હે વિશાખા, હે લલિતા, જુઓ મારી સાડીનો પાલવ ઝાડીમાં ઉલઝી ગયો છે. આવીને સુલઝાવી દો. રાધાજી બૂમો પાડતાં રહ્યાં પણ સખીઓ એટલી દૂર નીકળી ગઈ હતી કે કોઈએ રાધાજીની બૂમ સાંભળી નહિ.

રાધાજીની આંખમાં અશ્રુ આવી ગયાં. અરે, આ સખીઓ કેવી છે, કેટલી દૂર ચાલી ગઈ છે. અહીં કોઈ નથી.

એટલામાં ઝાડીમાં કોઈનો ચાલવાનો અવાજ આવ્યો. રાધાજી ચોંક્યાં. કોણ છે? જોયું તો પીત રંગનું પીતાંબર પહેરેલ એક સુંદર બાળક છે. એના હાથમાં મુરલી છે, માથે મોરમુગટ છે. રાધાજી તો એ મંદમંદ સ્મિત કરતા, પોતાની પાસે આવેલા બાળકને જોતાં

ચપલા વલ્લભભાઈ જીણાભાઈ (લીંબુડા)ના જયશ્રીકૃષ્ણ.

જ રહી ગયાં. એમને થયું કે જેને માટે મારો જન્મ થયો છે, જેને માટે હું બની છું, આજે એ જ મારી સામે આવી ગયો છે. જેની સેવા માટે મેં જન્મ લીધો છે, એ આજે મારી સામે છે. ટગર ટગર જોઈ જ રહ્યાં છે. એમના મુખારવિંદ ઉપરથી દૃષ્ટિ હટતી જ નથી.

પ્રભુ આગળ આવ્યા. રાધાજીનો પાલવ ઝાડીમાંથી બહાર કાઢ્યો અને મંદ મંદ સ્મિત કરતાં કરતાં ઝાડીમાં અંતર્ધાન થઈ ગયા.

રાધાજી ચારે બાજુ શોધવા લાગ્યાં. અરે, મારા પ્રભુ ક્યાં ગયા? ક્યાં ગયા? એટલામાં સખીઓ આવી ગઈ. 'અરે રાધેરાની, શું થયું? કેમ બૂમો પાડતાં હતાં?'

'મારો પાલવ ઝાડીમાં ફસાઈ ગયો હતો.'

'લાવો, હું બહાર કાઢી દઉં.'

'અરે, હવે જરૂર નથી. પાલવ બહાર નીકળી ગયો છે.'

'ભલે, ચાલો હવે જઈએ.'

રાધાજી અને સખીઓ ચાલતાં ચાલતાં બરસાના આવી રહ્યાં હતાં. બધી સખીઓ વાતો કરી રહી હતી, પણ રાધાજી ક્યાંક ખોવાયેલાં હતાં. સખીઓ પૂછે છે : 'રાધેજુ, જ્યારે આપ ઘેરથી નીકળ્યાં ત્યારે જુદાં જ લાગતાં હતાં, અને હવે પાછાં જાઓ છો, ત્યારે લાગે છે કે જાણે કોઈ બીજી જ વ્યક્તિ છો. કહો તો ખરા, આપની સાથે આવું શું થઈ ગયું છે?' એવું શું થયું કે આપ ક્યાંક ખોવાયેલાં હો તેવું લાગે છે? આપની આંખોમાંથી અશ્રુધારા વહી રહી છે. એવું લાગે છે કે આપ કોઈને યાદ કરી રહ્યાં છો. કોઈનું ચિંતન કરી રહ્યાં હો તેવું લાગે છે. શું થયું છે? શું હજી તમારો પાલવ ક્યાંક ઉલઝી રહ્યો છે?'

'આંચલ તો સુલઝ ગયા, લેકિન આંચલ જિસને સુલઝાયા, ઉસીમેં મેરા મન ઉલઝ ગયા હૈ. જો સાંવરેને મેરા આંચલ સુલઝાયા

ગો. વા. શા. જસુમતીબેન ચીનુભાઈ શંકરલાલ (રૂપાલવાળા-
હાલ : અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

ઉસકે સ્વરૂપસે મેરા મન ઉલઝ ગયા હૈ. સખી, ક્યા કહું? મુઝે ચૈન નહીં પડ રહા. મૈં વો સાંવરેકો ફિરસે દેખના ચાહતી હૂં. સખિ, કોઈ તો ઉસે લેકે આવો. મૈં ઉસે મિલના ચાહતી હૂં.' રાધાજીએ વ્યથિત હૃદયે કહ્યું.

આમ કહેતાં કહેતાં રાધાજી વ્યગ્ર થઈ ગયાં. પ્રભુ વિના રહી શકતાં નથી. પળે પળે એમને યાદ કરી રહ્યાં છે. પ્રભુનાં દર્શન કેવી રીતે થશે?

સખીઓએ કહ્યું : 'રાધાજી, પ્રભુ ત્યાં બગીચામાં બિરાજે છે. એમ કરીએ, આપણે ત્યાં ફરીથી ફૂલ તોડવા જઈએ.'

રાધાજી સંમત થયાં. બધી ગોપીઓ રાધાજીને સંભાળીને બગીચામાં લઈ ગઈ. શ્યામસુંદરનાં દર્શન કર્યા પછી એવી દશા થઈ ગઈ છે કે રાધાજીને ચેન પડતું નથી. જ્યારે બગીચામાં તેમની પહેલી મુલાકાત પ્રભુ સાથે થઈ ત્યારે રાધાજીએ પ્રભુનું મન હરી લીધું અને પ્રભુએ રાધાજીનું મન હરી લીધું. બંનેને એવી પ્રીત થઈ ગઈ કે એકબીજાને જોયા વિના બંને જણ એક ક્ષણ પણ રહી ન શકે.

બધી પટરાણીઓ સાંભળી રહી છે. રોહિણીજી કહી રહ્યાં છે કે કૃષ્ણ-રાધા વચ્ચે એવી પ્રીત થઈ ગઈ કે બંને જણ એકબીજા વગર રહી નથી શકતાં.

એક દિવસ રાધાજીએ એમનાં મૈયાને પૂછ્યું : 'મા, મેરી મિત્રતા એક છોટે સે બાલકસે હો ગઈ હૈ. ક્યા મૈં ઉસકે ઘર ખેલનેકો જાઉં?' પણ મૈયા એમને એકલાં જવા નથી દેતાં. સખીઓ વિચારે છે કે રાધાને કૃષ્ણને મળવાનો કેવો તાપ છે, પણ શું કરવું?

જોતજોતામાં શીતકાલ આવ્યો. રાધાજી અંગીઠી પાસે બેઠાં છે, પણ એમાં કોલસા બળી બળીને રાખ થઈ ગયા છે. કોઈએ કહ્યું :

સ્વ. ચંદ્રકાંત રસિકલાલ ગાંધી (મોડાસા)ના જયશ્રીકૃષ્ણ.

'જુઓ આ અગ્નિ બુઝાઈ ગયો છે.' સખી કહે છે : 'ના, ના. એને રાધાજીનો સ્પર્શ થયો છે. રાધાજીના હૃદયમાં પ્રભુને મળવાનો એવો તાપ છે કે એનાથી અગ્નિ પણ લજ્જિત થઈને બુઝાઈ ગયો છે.'

સખીઓએ વિચાર્યું : રાધાજીને આટલો તાપ છે તો આપણે કોઈ ઉપાય કરીને પ્રભુની પાસે લઈ જઈએ, અથવા તો પ્રભુને અહીં લઈ આવીએ.

પ્રભુની પણ એવી જ દશા થઈ ગઈ હતી કે રાધાજીનાં દર્શન વગર રહી શકતા ન હતા. વિચારતા હતા કે રાધાજીને મળવા કેવી રીતે જવું.

ભગવાને વિચાર કરી ચૂડીવાળાનું રૂપ લીધું. ચૂડી વેચવાના બહાને ચાલતાં ચાલતાં બરસાના આવ્યા. રાધાજીના મહેલની બહાર આવીને ઊભા રહ્યા. માથે ટોપલામાં રંગબેરંગી ચૂડીઓ છે. કોઈએ પૂછ્યું : 'કોણ છો? કેમ આવ્યા છો?'

'હું તો ચૂડીવાળો છું. નંદગામથી આવ્યો છું. તમારાં રાધારાણીને મારી આ ચૂડીઓ ખૂબ પસંદ છે. કાયમ તો એમની સખીઓ મારી પાસેથી લઈ જતી, પણ આજે હું સ્વયં એમને ચૂડીઓ પહેરાવવા આવ્યો છું. આપ અંદર જઈને રાધારાણીને એટલું કહી દો કે પેલો ચૂડીવાળો આવ્યો છે.'

દ્વારપાળ પૂછે છે : 'તમારો પરિચય શું છે? ક્યાંથી આવો છો? શું કામ કરો છો? અહીં કેમ આવ્યા છો?'

ચૂડીવાળો કહે છે : 'નંદગામ મેરા ગાંવ હૈ, ગૈયા ચરાના મેરા કામ હૈ. વો કીર્તિ કુમારીકો કહે દો. હમ ઔર કોઈ નહીં, હમતો વૃષભાનકી લલીકી ગલીકે ગુલામ હૈ. ઔર વહી વૃષભાનનંદિનીકી સેવા કરનેકો આયે હૈ.'

અ.સૌ. સ્વ. લતાબેન અનંતરાય પોપટ ધારવાળા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

દ્વારપાળે રાધાજીને કહ્યું : 'એક નાનો બાળક ચૂડી વેચવા આવ્યો છે. 'એને અંદર બોલાવો.' રાધાજીએ કહ્યું.

જેવો ચૂડીવાળો અંદર આવ્યો અને રાધાજીએ એને જોયો તો ચૂડીવાળાના રૂપમાં પ્રભુનાં દર્શન કરીને રાધાજી પ્રસન્ન થઈ ગયાં. કીર્તિજીને ખ્યાલ આવી ગયો કે આ ચૂડીવાળો તો બીજો કોઈ નહિ પણ નંદનંદન છે અને રાધાજી સાથે ખેલવા માટે આવ્યો છે.

ત્યારથી કીર્તિજી રાધાજીને ખેલવા માટે નંદભવનમાં જવા દેતાં. એટલા જ માટે આપણા મંગળાથી શયન સુધીના સેવાક્રમમાં એક પણ સમય એવો નથી કે જેમાં રાધાજી ન હોય. ઠાકોરજી જાગવાથી પોઢતાં સુધી રાધાજી વગર રહી શકતા નથી.

આપણે ત્યાં સેવાક્રમમાં બે લીલાઓ એક સાથે ચાલે છે. એક નંદાલયની લીલા અને બીજી નિકુંજની લીલા. જે સમયે યશોદામૈયા પ્રભુને જગાવે એ જ સમયે રાધાજી પણ પ્રભુને જગાવે છે. રાધારાની દરરોજ પોતાની સખીઓ સાથે ઠાકોરજીને જગાવવા માટે નંદભવનમાં જાય છે. એમનેમ જાય તો મૈયા એમની ચોરી પકડી પાડે, એટલે કોઈ બહાનું કાઢીને જાય છે.

કોઈવાર સખીઓને કહે : 'ગોપીઓ, ચાલો આપણે શ્યામસુંદરનાં દર્શન કરવા જઈએ.'

'અરે રાધાજી, હજી તો સવારના છ વાગ્યા છે. હમણાં જ તો સવાર થયું છે. આટલાં વહેલાં જઈશું તો યશોદામૈયા શું વિચારશે? કહેશેકે તમારે કાંઈ કામકાજ નથી? સવાર સવારમાં અહીં આવી ગયાં છો? જવા માટે કોઈ બહાનું શોધવું પડશે.'

રાધાજી કહે છે : 'એમ કરો. યશોદામાને કહો કે જ્યારે જ્યારે પણ અમે શ્યામસુંદરનાં દર્શન કરીને દહીં વેચવા જઈએ છીએ ને

સ્વ. ભાવિષા ભરતકુમાર ગણાત્રાના સ્મરણાર્થે, હ. હરીશભાઈ ગણાત્રા (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ.

ત્યારે અમારું બધું દહીં વેચાઈ જાય છે. માટે અમે નિયમ કર્યો છે કે દહીં વેચવા જઈએ ત્યારે પહેલાં શ્યામસુંદરનાં દર્શન કરીને જઈએ, જેથી અમારું દહીં વેચાઈ જાય, બોણી પણ સારી થાય અને આખો દિવસ સારો જાય.'

આવું બહાનું વિચારીને સખીઓ રાધાજીને લઈને નંદભવનમાં આવી. હજી તો સવાર થઈ છે. મૈયા પ્રભુને જગાવી રહ્યાં છે. વારંવાર જાગવા માટે વિનંતી કરે છે પણ પ્રભુ જાગતા નથી. મૈયા કહે છે : લાલા, જો તારી બધી ગાયો જાગી ગઈ છે. આ પક્ષીઓ પણ જાગી ગયાં છે. જાગીને કૃષ્ણ, કૃષ્ણ બોલી રહ્યાં છે. ગાયો તારી પ્રતીક્ષા કરી રહી છે. ક્યારે તું જાગે અને ગૌશાળામાં જઈને એમને વ્હાલ કરે. પણ પ્રભુને એવી નિંદર આવે છે કે એમનાં નેત્રો ખુલતાં જ નથી.

યશોદામૈયા કહે છે, 'રોહિણી, દેખ. આજે લાલો જાગતો જ નથી.' એમને ક્યાં ખબર છે કે પ્રભુ આજે કોનાથી જાગવાના છે. રોહિણીમૈયા પણ જગાવવાનો પ્રયત્ન કરે છે, 'લાલા, જો સવાર થઈ ગઈ છે. ભોર ભઈ હૈ. સૂરજ ઊગી ગયો છે. હવે તો જાગ.'

પણ પ્રભુ જાગતા નથી. એટલામાં શું થયું? ગોપીઓ આવી. સાથે રાધારાની પણ આવી. 'અરે, આમ સવાર સવારમાં કેમ આવ્યાં છો?' 'મૈયા, આજ તો હમ તુમ્હારે લાલાકે મુખકે દર્શન કરને આયે હૈં.' ગોપીઓ જવાબ આપે છે.

મુખ દેખન કો મૈં આઈ, લાલકો મુખ દેખનકો આઈ ।
કલ મુખ દેખ ગઈ દધિ બેચન, જાત હી ગયો બિકાઈ...લાલકો.

મૈયા, શું કહીએ. આટલા દિવસથી દહીં વેચવા જઈએ છીએ પણ કોઈ દહીં લેતું જ ન હતું. જ્યારે કાલે લાલાનું મુખ જોઈને

શિવાંગી અને પ્રાચી, હ. વિનોદચંદ્ર મંગળદાસ કા. પટેલ (વાસણા મહીસા)ના જયશ્રીકૃષ્ણ.

દહીં વેચવા ગયાં તો બધું જ દહીં તરત વેચાઈ ગયું. તેથી અમે આજે એકલાં નથી આવ્યાં પણ સાથે રાધાને પણ લઈ આવ્યાં છીએ. મૈયા તો રાધાજીને જોઈને એટલાં પ્રસન્ન થઈ ગયાં કે એમને પોતાની ગોદમાં બેસાડ્યાં. કહે છે, 'રાધા, મારો કનૈયો તારી સાથે રોજ ખેલે છે ને? આજે જોને એ મારાથી જાગતો જ નથી. એમ કરો, આજે તમે બધાં જઈને એને જગાવી દો ને હું મારાં બીજાં કામ કરી લઉં.'

કોઈ વ્યક્તિ બિમાર હોય અને એને જે વસ્તુ ભાવતી હોય એ જ વસ્તુ ડૉક્ટર એને ખાવાની કહી દે, તો પછી એને શું જોઈએ? રાધાજી જેને માટે આવ્યાં હતાં, એ જ કામ મૈયાએ એમને સોંપી દીધું. 'તમે લાલાને જગાવો અને હું મારાં બીજા કામ કરી લઉં.' જેવાં યશોદાજી બહાર ગયાં કે બધી સખીઓ અને રાધાજી ચૂપચાપ શ્રીઠાકોરજીના ભવનમાં પ્રવેશ કરી ગયાં. લલિતાજીને બહાર બેસાડી દીધાં. હાથમાં બીન આપ્યું. લલિતાજી સુંદર બીન બજાવી રહ્યાં છે.

રાધાજી, ચંદ્રાવલીજી અને વિશાખાજીએ અંદર પ્રવેશ કર્યો. સુંદર સફેદ બિછાવટવાળી શૈયા ઉપર શ્રીઠાકોરજી પોઢ્યા છે. મુલાયમ રેશમી દુલાઈ ઓઢી છે. દુલાઈ એવી પાતળી છે કે શ્રીઠાકોરજીના પૂરા શ્રીઅંગના દર્શન થઈ રહ્યાં છે. બે ઘડી તો બધાં પ્રભુના મુખારવિંદને ટગર ટગર નિરખી જ રહ્યાં.

ચંદ્રાવલી કહે છે : 'શ્યામસુંદર જાગો. જુઓ તો ખરા, આપને જગાવવા કોણ આવ્યું છે? એકવાર જોઈ લો.' પણ પ્રભુને એટલી નિંદર આવે છે કે જાગતા જ નથી. ચંદ્રાવલી કહે છે : 'આપણા શ્યામસુંદર એમ નહિ જાગે. એમનાં નેત્ર છે, એ કમલ છે. રાધાજીએ કર્ણમાં જે સુવર્ણનાં કુંડલ ધર્યાં છે, એ સૂર્ય છે. જો સૂર્ય ઊગે તો કમલ ખીલેને! જ્યારે રાધારાણી પ્રભુ પાસે આવશે અને એમણે કર્ણમાં ધારણ કરેલ કુંડલનો પ્રકાશ એમના નેત્રો ઉપર પડશે ત્યારે એ કમલ ખીલશે. માટે હે રાધારાણી, આપ પ્રભુને જગાવો.'

રાધાજી પ્રભુની પાસે પધાર્યા. બારીમાંથી એ જ સમયે સૂર્યનું કિરણ પણ આવ્યું. એ રાધાજીના કર્ણના કુંડલ ઉપર પડ્યું અને રાધાજીના કુંડલનો પ્રકાશ પ્રભુના નેત્ર ઉપર પડ્યો. જેમ સૂર્ય ઊગે અને કમલ ખીલે તેમ જેવો પ્રભુના નેત્રકમલ ઉપર રાધાજીના કુંડલનો પ્રકાશ પડ્યો કે ઠાકોરજીના નેત્રકમલ ધીરે ધીરે ખુલવા લાગ્યાં. આપના નેત્ર ખૂલે તે પહેલાં રાધાજીએ શું કર્યું? પોતાના નેત્રનું કાજળ લઈને શ્રીઠાકોરજીના ગાલ ઉપર લગાવી દીધું. પોતાના અધરનું પીક લઈને પ્રભુના મસ્તક ઉપર લગાવી દીધું. પ્રભુ જાગ્યા. જોયું તો બધી સખીઓ પોતાને જગાવવા આવી છે. બધાંને જોઈને લજ્જિત થઈ ગયા. એટલામાં રાધાજી દર્પણ લઈને પધાર્યાં : કહે છે : 'શ્યામસુંદર, જરા દર્પણમાં આપનું મુખ તો જુઓ. કઈ લીલા કરીને પધાર્યા છો?'

જેવું પ્રભુએ પોતાનું મુખ જોયું તો વધારે લજ્જિત થઈ ગયા. કહે છે : 'રાધેજુ, આ બધું તમે જ કર્યું છે.' એટલામાં યશોદામૈયા આવ્યાં. જોયું તો કનૈયો રાધાજીથી જાગ્યો છે. બધી સખીઓ સાવધ થઈ ગઈ. 'મૈયા જુઓ, કનૈયો જાગી ગયો છે.' મૈયા જેવાં કનૈયાને લઈને ગયાં અને કનૈયાને મંગલભોગ આરોગાવવા લાગ્યાં, ત્યાં તો રાધાજી આવી ગયાં.

'અરી મૈયા, જુઓ તો ખરાં, આ તમારો લાલો કેવો ભુલક્કડ છે. કાલે એ વૃંદાવનમાં ગયો હતો. ત્યાં એક મોટા કદમના વૃક્ષ નીચે બેઠો હશે અને પોતાની રત્નજડિત બંસીને ત્યાં જ મૂકીને ચાલ્યો આવ્યો હતો. એ તો સારું થયું કે હું ત્યાંથી પસાર થતી

જય અને દીપ, હ. વિનોદચંદ્ર મંગળદાસ કા. પટેલ (વાસણા-મહીસા)ના જયશ્રીકૃષ્ણ.

સ્વ. જયપ્રકાશ જમનાદાસ કોટેચા, હ. કલાવતીબેન જમનાદાસ કોટેચા (ભાણવડ)ના જયશ્રીકૃષ્ણ.

હતી અને મારી દૃષ્ટિ એ બંસી ઉપર પડી. મને થયું જરૂર આ બંસી કનૈયો જ ભૂલી ગયો હશે. હું એ લઈ આવી છું. લો.'

મૈયાનો થયું આ રાધા કેટલી પ્યારી છે, મારા લાલાનું કેટલું ધ્યાન રાખે છે! લાલાની બંસી ખોવાઈ હતી એ પણ શોધીને લઈ આવી. મારા લાલાની વહુ બનવા લાયક કોઈ હોય તો આ રાધા છે. અત્યારથી જ જાણે તેણે ઘરને સંભાળી લીધું છે અને મારા લાલાને પણ.

'લાલા, તું કાલે બંસી ભૂલી આવ્યો હતો?'

'હા મૈયા, એ બંસી કોણ શોધી લાવ્યું?'

'રાધા.'

'અરે વાહ રાધાજી, આપ બંસી શોધી લાવ્યાં?'

'હા.'

'તો રાધાજી, જ્યાં મેં બંસી મૂકી હતી ત્યાં મારા રત્નજડિત બાજુબંધ પણ મૂક્યાં હતાં. એ ક્યાં છે?'

રાધાજી વિચારે છે એક તો હું બંસી શોધી લાવી અને ઉપરથી મારા ઉપર ચોરીનો ઇલ્જામ લગાવે છે! 'અરે કનૈયા, વહાં તો સિર્ફ બંસી હી થી.'

'ના ના, મેં ત્યાં મારાં કીમતી રત્નજડિત બાજુબંધ પણ મૂક્યાં હતાં. ચરણોના નૂપુર પણ મૂક્યાં હતાં. જરૂર તમે એ બધું લીધું હશે.'

'મેં તો એવું કાંઈ લીધું નથી.'

'જો તમે નથી લીધાં તો એ ત્યાં જ પડ્યાં હશે. જુઓ, હું તો ભુલક્કડ છું. રાધાજી, મને તો યાદ પણ નથી રહ્યું કે એ જગ્યા કઈ હતી. શું તમે મને એ જગ્યા બતાવી શકો છો, જેથી હું મારી એ કીમતી વસ્તુઓ લઈ આવી શકું.'

જીતુભાઈ રણછોડદાસ ઝવેરી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મૈયા કહે છે : 'હા હા રાધા, જલદી તું કનૈયાને વૃંદાવન લઈ જા. એ તો ભૂલી જશે અને કોઈ એ વસ્તુઓ લઈ જશે.'

કનૈયાને તો એટલું જ જોઈતું હતું અને રાધાજીને પણ. રાધાજી સંકોચ કરતાં રહ્યાં અને પ્રભુ એમનો હાથ પકડીને વૃંદાવનમાં લઈ ગયા. બંને ત્યાં જઈને ખૂબ ખેલ્યાં. નૃત્ય કર્યું. મૈયાએ એક સખીને મોકલી. 'જા, કનૈયાને શોધીને લઈ આવ. સ્નાનનો સમય થઈ ગયો છે. શું એક બાજુબંધ શોધવામાં આટલી વાર લાગે?'

સખીઓ વૃંદાવનમાં ગઈ. જુએ છે તો કનૈયો રાધા સાથે ખેલી રહ્યો છે. એને પોતાની સાથે લઈને નંદાલયમાં આવી. મૈયાએ સ્નાનની તૈયારી કરી રાખી છે. લાલાને સ્નાન માટે ભીતર લઈ ગયાં. શ્રીઅંગ ઉપર ફૂલેલ લગાવ્યું. સખીઓએ ઉષ્ણ જલ તૈયાર કરીને આપ્યું. યશોદાજી સ્નાન કરાવવા તૈયાર થયાં એટલામાં એક ગોપી આવી. 'મૈયા, આપકો કઈ મિલવેકો આયા હૈ.'

મૈયાએ રાધાજી અને સખીઓને કહ્યું : 'રાધા, મારું એક કામ કરી દેશો? આ મારા નાનકડા કન્હાઈને જરા સ્નાન કરાવી દેશો? આ ફુલેલ લગાવ્યું છે એ સૂકાઈ જશે.' બધાંને એટલું જ જોઈતું હતું. મૈયા બહાર ગયાં અને સખીઓ જળનો ઘડો લઈને શ્રીઠાકોરજીના મસ્તક ઉપર રેડવા ગયાં તો ઠાકોરજીએ શું કર્યું? એ જ જળ લઈને ગોપીઓ ઉપર છાંટવા માંડ્યું. રાધાને અને ગોપીઓને પણ સ્નાન કરાવી દીધું.

મૈયા થોડીવારમાં આવ્યાં. જુએ છે તો બધાંએ સ્નાન કરી લીધું છે. 'અરે ગોપીઓ, હું તમને કહીને ગઈ હતી કે આ કન્હાઈને સ્નાન કરાવજો, તમે સ્નાન કરજો એવું મેં નહોતું કહ્યું. તમે બધાંએ સ્નાન કર્યું અને આ તો બિચારો કોરો જ બેસી રહ્યો છે.' મૈયાએ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. રાધાજી અને સખીઓ પાછાં બરસાના ગયાં.

હસુમતી અને મંગળદાસ સી. મોદી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મૈયાએ શ્રીઠાકોરજીને અંગવસ્ત્ર કર્યું. સુંદર વસ્ત્રો ધરાવવા માટે કાઢ્યાં. શૃંગાર પણ તૈયાર કર્યાં. કનૈયો કહે છે, 'મા, તું બધાં વસ્ત્ર શૃંગાર અહીં સજાવી દે.' અને એક સખાને બોલાવી કહ્યું : તું હમણાં જ બરસાના જા અને રાધાજીએ કેવાં વસ્ત્ર શૃંગાર આજે ધર્યાં છે, તે જોઈ આવ.

સખો તો દોડતો દોડતો ગયો. બરસાના જઈને રાધાજીનાં વસ્ત્ર શૃંગારનાં દર્શન કરીને આવ્યો. આવીને કનૈયાને બધું જણાવ્યું. કન્હાઈએ માતાને કહ્યું, 'મા, આજે હું આ રંગનાં વસ્ત્ર અને શૃંગાર ધરીશ.'

આ જ આપણી સેવાપ્રણાલિકા છે. આપણે દરરોજ પ્રણાલિકા જોઈને શ્રીઠાકોરજીનાં શૃંગાર કરીએ છીએ. આ પ્રણાલિકાનું પુસ્તક શું છે? એ જ રાધાજી છે. પ્રણાલિકામાં જે વસ્ત્ર અને શૃંગાર ધરવાનું લખ્યું હોય, એ શું છે? એનો અર્થ એ છે કે આજે રાધાજીએ આ વસ્ત્ર શૃંગાર ધર્યાં છે. જે વૈષ્ણવ શૃંગાર કરી રહ્યો છે એ એ સખી છે જેને પ્રભુએ રાધાજીએ વસ્ત્ર-શૃંગાર કયા ધર્યાં છે, એ જોઈ આવવાનું કહ્યું છે.

જ્યારે પણ તમે પ્રણાલિકા જુઓ ત્યારે એમ ન માનવું કે અમે પુસ્તક જોઈ રહ્યાં છીએ. એમ માનવું કે અમે રાધાજીને જોઈ રહ્યાં છીએ કે આપે આજે કયાં વસ્ત્ર-શૃંગાર ધર્યાં છે. અને આપણે જો એ વસ્ત્ર-શૃંગાર ઠાકોરજીને ધરાવીશું તો શ્રીરાધાજીના ભાવથી શ્રીઠાકોરજી એ વસ્ત્ર-શૃંગાર તરત ધરાવી લેશે.

આ રીતે શ્રીઠાકોરજીએ રાધાજીએ ધર્યાં હતાં તેવાં વસ્ત્ર-શૃંગાર ધારણ કર્યાં. થોડીવાર થઈ. પ્રભુને થયું, હજી સુધી રાધાજી કેમ ન આવ્યાં? એટલામાં સુંદર શૃંગાર સજીને શ્રીરાધાજી ધીરે ધીરે પધાર્યાં. રાધાજીનું સ્વરૂપ સૌંદર્ય જોતાં શ્રીઠાકોરજી ચકિત થઈ ગયા.

ગો. વા. પ્રીતેશ મુકુંદલાલ પરીખના સ્મરણાર્થે, હ. જ્યોત્સનાબેન સૂર્યકાન્તભાઈ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

યશોદામૈયા પણ ચકિત થઈ ગયાં. વિચારવા લાગ્યાં કે આજે સુંદર શૃંગાર ધારણ કર્યાં છે માટે રાધાજી સુંદર લાગે છે કે રાધાજી એટલાં સુંદર છે કે એમણે ધર્યાં તો આ શૃંગાર પણ જાણે ખીલી ઊઠ્યાં છે!

રાધાજી એટલા ભારે શૃંગાર કરીને પધાર્યા છે કે સખીઓ વિચારે છે કે રાધાજી આટલાં સુંદર છે, છતાંયે આવા ભારે શૃંગાર કેમ ધરે છે? એક સખી કહે છે : 'રાધા એટલા માટે આવાં ભારે શૃંગાર નથી કરતાં કે એમનું સૌંદર્ય ખીલી ઊઠે, એમનું સ્વરૂપ અને શ્રીઅંગ એટલું સુંદર, કમનીય છે કે પ્રભુની દૃષ્ટિ જ્યાં તેમના ઉપર પડે કે પ્રભુને મૂર્છા આવી જાય, માટે જ્યારે પણ રાધાજી પ્રભુની સામે આવે ત્યારે પોતાનું સૌંદર્ય વધારવા માટે નહિ પણ એને છુપાવવા માટે ભારે શૃંગાર કરે છે.'

યશોદામૈયા તો રાધાજીને જોઈને વિચારે છે કે મારા લાલાની દુલ્હન બનવા માટે કોઈ લાયક છે, તો આ રાધા છે. જ્યારે પણ માતા રાધાને જુએ છે, ત્યારે એને જોતાં જ મૈયાના મનમાં આ એક જ વાત આવે છે.

આજે રાધાજી ખૂબ સુંદર લાગી રહ્યાં છે. શ્રીઠાકોરજી પણ સુંદર શૃંગાર સજીને તૈયાર થયા છે. વિચારે છે કે મારી મૈયા તો કહે છે કે લાલા, તારા જેટલું સુંદર દુનિયામાં બીજું કોઈ નથી. પણ મૈયાની આ વાત ઉપર મને અવિશ્વાસ થઈ રહ્યો છે. રાધાજી જે રીતે શૃંગાર સજીને આવી છે તે જોતાં મને મૈયાની વાત સો ટકા સાચી હોય તેવું લાગતું નથી. મારાથી સુંદર પણ દુનિયામાં કોઈ છે.

મૈયાએ રાધાજીને પોતાની પાસે બોલાવી, ઠાકોરજીની બાજુમાં તેમને સિંહાસન ઉપર પધરાવ્યાં. બંને એક સાથે બિરાજ્યાં. પ્રભુને

મનોરમાબેન દેવીદાસ શેઠ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

ચેન પડતું નથી. જાણવા ઈચ્છે છે કે આજે અમારા બંનેમાં કોણ વધુ સુંદર લાગી રહ્યું છે?

યશોદાજી પૂછે છે : 'લાલા, તું આજે બેચેન કેમ લાગે છે?'

'શું કહું મૈયા, મને એક પ્રશ્ન સતાવે છે. અમારા બંનેમાં અધિક સુંદર કોણ દેખાય છે?'

'લાલા, લે આ દર્પણ. તમે બંને સાથે મળીને નક્કી કરો કે વધુ સુંદર કોણ લાગે છે?'

ઠાકોરજીએ પહેલાં પોતાને નિરખ્યા પછી દર્પણમાં રાધાજીને નિરખ્યાં પણ સમજમાં ન આવ્યું કે કોણ વધુ સુંદર છે. રાધાજીને પૂછ્યું :

મેરો મુખ નીકો કે તેરો મુખ પ્યારી ।

રાધાજી, બતાવો કે આજે તમારું મુખ વધુ સુંદર છે કે મારું મુખ?

રાધાજી, તો ટગર ટગર પ્રભુ સામે જોઈ રહ્યાં છે. કાંઈ બોલતાં નથી. પ્રભુ પૂછે છે : બોલો રાધાજી. કોણ વધુ સુંદર છે આપણા બંનેમાં? રાધાજી કહે છે : 'પ્રભુ, આપ વધુ સુંદર દેખાઓ છો.' પણ પ્રભુને સંતોષ થતો નથી. રાધાજી કહે છે : 'પ્રભુ, આપ મારી સામે છો તેથી જ મારું સૌંદર્ય અને શૃંગાર ખીલી ઊઠ્યાં છે. સુંદર તો આપ જ છો. પ્રભુ, આપ ઘનશ્યામ છો, આપને જોઈને ખુશ થનારી ચાતકી હું રાધા છું. હે પ્રભુ, જો આપ ચંદ્ર છો, તો આપના મુખને જોઈને સંતોષ પામનારી હું ચકોરી છું. પ્રભુ, જો આપ ભ્રમર છો તો ભ્રમરનો વિશ્રામ ક્યાં છે? કમલમાં. તો જો આપનાં નેત્ર ભ્રમર છે તો મારું મુખ કમલ છે. ભ્રમર અનેક પુષ્પો ઉપર જઈને બેસે છે, પણ ક્યાંય ટકતો નથી, જો ટકે છે તો કમલ ઉપર ટકે છે. તેમ મારાં નેત્ર પણ ક્યાંય ટકે છે તો એ આપનાં મુખારવિંદ ઉપર જ ટકે છે.

શોભનાબેન સુરેશભાઈ રાજાણી (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

હે પ્રભુ, જો આપ મકરંદ છો તો એ મકરંદનું આસ્વાદન કરવાવાળી મધુમાખી હું છું. પ્રભુ આપ રસસિંધુ છો તો એ રસસિંધુની નૌકા હું છું.

ભક્તો કહે છે કે રાધાજીનું સ્વરૂપ એવું છે કે જેના રોમ-રોમમાં શ્યામ વસ્યા છે, અમારા કુંભનદાસજી કહે છે કે રાધાજીના રોમ રોમમાં શ્યામ વસ્યા છે છતાંયે તેઓ ગોરાં છે. આવા સ્વરૂપનું વર્ણન કોણ કરી શકે? છતાંય પ્રભુ પૂછે છે :

મેરો મુખ નીકો કે તેરો મુખ પ્યારી ।
દર્પણ લે દેખો મૃગનયની, સાંચી કહો વૃષભાનદુલારી.. મેરો.

જેવું બંનેએ દર્પણમાં જોયું તો સખીઓ કહેવા લાગી : 'રાધાજી તો ગોરી ગોરી દેખાય છે પણ શ્યામ આપ તો સાંવરા દેખાઈ રહ્યાં છો.'

એક સખીએ કહ્યું : સખીઓ, સાંભળો. અમારો કન્હાઈ પહેલાં તો બહુ જ સીધો સાદો હતો. હતો પણ ગોરો.

રાધાજી પૂછે છે : જો શ્યામ પહેલાં ગોરા હતા તો હવે સાંવરા કેમ થઈ ગયા છે?

'જે દિવસથી રાધાજી આપે અમારા શ્યામસુંદરને આપના નયનમાં વસાવ્યા છે, નયનોમાં વસાવીને જ્યારે આપે આપની ભ્રમર વાંકી કરી છે, ત્યારથી અમારા પ્રભુ શ્યામ અને 'ત્રિભંગી' થઈ ગયા છે. પહેલાં તો સીધા ઊભા રહેતા, સીધા ચાલતા, પણ હવે તો વાંકા થઈ ગયા છે.'

'તેરી ભ્રોંહકી મરોરન તેં લલિતત્રિભંગી ભયે.' આપે જ્યારે ભ્રમરોને મરોડી દીધી, અમારા પ્રભુ ત્રણ જગ્યાથી ટેઢા થઈ ગયા છે. શું બતાવું રાધેરાની, અમારાં પ્રભુ તો દૂધ જેવા, માખણ જેવા

સુરભીબેન પંકજકુમાર ગાંધી (દાહોદ)ના જયશ્રીકૃષ્ણ.

ગોરા ગોરા હતા, પણ જ્યારથી આપે મારા સીધાસાદા પ્રભુને નયનોમાં વસાવીને ટેઢા કરી દીધા, અને એટલાથી પણ આપને સંતોષ ન થયો તો આપે આંગળી ઉપર કાજળ લઈને આંખોમાં લગાવ્યું. જેવું આપે આપની આંખોમાં કાજળ લગાવ્યું ત્યારથી અમારા ગોરા ગોરા શ્યામસુંદર સાંવરા સાંવરા થઈ ગયા છે.

શું બતાવું તમને રાધારાની, જ્યારે જ્યારે આપ આંખોને નચાવો છો ત્યારે શ્યામસુંદરને પણ નાચવું પડે છે કારણકે આપે એમને આપના નયનોમાં વસાવ્યા છે.

પ્રભુ હસતાં હસતાં રાધાજીની બાજુમાં બિરાજી ગયા. એમના ખભા ઉપર શ્રીહસ્ત પધરાવી, દર્પણ હાથમાં લીધું. હવે બતાવો પ્યારીજી, આપણા બંનેમાં કોણ વધુ સુંદર છે? એક જ દર્પણમાં જ્યારે પ્રિયા - પ્રીતમ બંનેએ સાથે પોતાનું મુખારવિંદ જોયું ત્યારે કહ્યું : તેરો ભી મુખ નીકો ઔર મેરો ભી મુખ પ્યારી. કારણકે હવે અમે બંને સાથે છીએ. જો કૃષ્ણ છે તો રાધાની સુંદરતા છે. રાધા છે તો કૃષ્ણનું સૌંદર્ય છે. બંનેને પોતાનું મુખ જોઈને સંતોષ થયો.

પછી તો શૃંગાર-ગ્વાલનાં દર્શન પણ થઈ ગયાં. જ્યારે રાજભોગનો સમય થાય ત્યારે પણ આપણે ત્યાં રાધાજી પધારે છે. રાજભોગ આવે તે પહેલાં શ્રીઠાકોરજીના શ્રીકંઠની માળા વડી થઈ જાય છે. કેમ? કારણકે માળાજીમાં જે પુષ્પો છે એ બધાં વ્રજભક્તો છે. માળા વડી કરીને એમને કહેવામાં આવે છે કે હે વ્રજભક્તો, તમે હવે તમારી નિકુંજોમાં પધારો. કારણકે તો જ રાધારાની અહીં પધારશે. ત્યારપછી બધી સામગ્રી સજાય અને દરેક સામગ્રીમાં તુલસી પત્ર પધરાવાય. તુલસીપત્ર શું છે? તુલસીપત્રની સુગંધ એ શ્રીરાધાજીના શ્રીઅંગની સુગંધ સમાન છે. રાજભોગ શ્રીસ્વામિનીજીના ભાવથી ધરાય છે.

શ્રી કનૈયાલાલ શામજીભાઈ વસાણી પરિવાર (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

દરેક સામગ્રીની ઉપર તુલસીપત્ર પધરાવાય એનો અર્થ એ છે કે રાધાજી મનુહાર કરી કરીને પ્રિયતમને એક એક સામગ્રી આરોગાવી રહ્યાં છે. પ્રભુ આ તો આપને આરોગવું જ પડશે.

વળી રાજભોગ આવે ત્યારે શંખોદક થાય છે. શંખમાં જલ લઈને દરેક સામગ્રી ઉપર છીરકવામાં આવે છે. આ શંખોદક શું છે? શ્રીઠાકોરજી કહે છે મને જો દુનિયામાં કોઈ વસ્તુ ગમે છે તો તે એક જ વસ્તુ ગમે છે. વલ્લભાખ્યાનમાં કહ્યું છે ને કે 'શ્રીરાધા અધર સુધા વિના પિયુને બીજું તે કંઈ નવ ભાવે જી.' શ્રીઠાકોરજી કહે છે કે મને એક જ વસ્તુ ભાવે છે અને તે રાધા અધર સુધા. તેથી જ શંખમાં જળ લઈને બધી સામગ્રી ઉપર છીરકવામાં આવે ત્યારે એ સામગ્રી રાધાજીનું અધરામૃત થાય છે. અને પછી આપણા ઠાકોરજી એ આરોગે છે. પ્રભુ રાધાજીને આધીન છે. તેથી તેમના અધરામૃત સિવાય તેઓ કાંઈ આરોગતા નથી. જ્યારે રાધાજીનું અધરામૃત છીરકાય અને રાધાજી જ્યારે મનુહાર કરી કરીને આરોગાવે ત્યારે જ પ્રભુ આરોગે છે.

તેથી જ કહેવાય છે કે એકવાર જ્યારે પ્રભુને પૂછવામાં આવ્યું કે પ્રભુ, આપ રાધાજી વગર રહી શકતા નથી, તો આપનો નિત્યક્રમ શું છે? પ્રભુ કહે છે કે શું તમે જાણો છો કે મારું સ્નાન શું છે? જલથી મને સ્નાન કરાવો એ સ્નાન નથી જ્યારે રાધાજી મારા માટે વ્યાકુળ હોય અને દોડતો દોડતો એમની પાસે જાઉં ત્યારે મારાં અને એમનાં નેત્રો મળે ત્યારે મને જોઈને રાધાજીના નયનોમાં જે ખુશીના અશ્રુ આવે, એ અશ્રુ જ મારું સ્નાન છે.

શું તમે જાણો છો કે મારું ભોજન શું છે? મારું ભોજન શ્રીરાધાજીની અધરસુધા છે. જે રાધાજીનું અધરામૃત એ જ મારું ભોજન છે. વળી જાણો છો કે મારું પાન શું છે? બીજું કંઈ નહિ

મિત્રા શીલા હરીશચંદ્ર (થાણે-વે)ના જયશ્રીકૃષ્ણ.

પણ જ્યારે રાધાજી મારી નજર સામે હોય અને એમને હું પ્રેમભરી નજરોથી જોતો રહું, જોતો જ રહું એ મારું પાન છે. મારી સંધ્યા શું છે તે જાણો છો? સવાર, બપોર, સાંજ ત્રણે સમય બેસીને હું શ્રીરાધાજીનું સ્મરણ કરું - હે રાધે, હે રાધે, હે રાધે રટું એ જ મારી સંધ્યા છે. રાધાજીનું સ્વરૂપ આમ એવું છે કે જ્યારે શ્રીરાધાજી શ્રીઠાકોરજી પાસે આવે ત્યારે પ્રભુ પણ પોતાનો ઐશ્વર્ય ધર્મ ચૂકી જાય છે.

રાધાજી ઈશ્વરી છે. એમનું સ્વરૂપ એવું છે કે જ્યારે બંને એકબીજાની પાસે હોય ત્યારે ઠાકોરજીનું ઐશ્વર્ય પણ કામ કરી શકતું નથી. એકવાર શ્રીઠાકોરજી અને રાધાજી બિરાજમાન હતા. બધી સખીઓ પણ પાસે હતી. ઠાકોરજીને ઈચ્છા થઈ કે હું કોઈ કુંજમાં રાધાજી સાથે એકાંતમાં બિરાજું. એમણે નેત્રથી રાધાજીને કુંજમાં પધારવાનો સંકેત કર્યો અને પોતે ચૂપચાપ ત્યાંથી ગાયબ થઈ ગયા. વૃંદાવનની એક સઘન કુંજમાં જઈને બિરાજમાન થઈ ગયા. રાધાજીની પ્રતીક્ષા કરવા લાગ્યા. અહીં બધી સખીઓએ જોયું તો બંને સ્વરૂપ ગાયબ છે. ક્યાં ગયા? ચાલો શોધવા જઈએ. બધી સખીઓ શોધવા નીકળી. શોધતાં શોધતાં એ સ્થાન ઉપર આવી જ્યાં શ્રીઠાકોરજી એકલા બેઠા બેઠા રાધાજીની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

ઠાકોરજીએ વિચાર્યું કે હું કોઈને કહ્યા વિના એકલો આવીને આ ગીચ નિકુંજમાં બેઠો છું. ગોપીઓ પૂછશે તો શું જવાબ દઈશ? મારી પાસે કોઈ જવાબ તો છે નહિ. હવે જવાબ આપવામાંથી બચવા મારે શું કરવું? એમણે એક યુક્તિ કરી. જેવી ગોપીઓ આવી કે તરત ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી લીધું. શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરીને એવી રીતે પોઢી ગયા કે જાણે વૈકુંઠમાં સાક્ષાત્ પ્રભુ નારાયણ પોઢી રહ્યા હોય!

ગો. વા. ચંદાબેન રામજી કાપડીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ગોપીઓએ જોયું તો અહીં તો સાક્ષાત્ નારાયણ પોઢ્યા છે. કહે છે : 'પ્રભુ, ક્ષમા કરો.' હાથ જોડીને ત્યાંથી ચાલી ગઈ. ઠાકોરજી હસવા લાગ્યા. કેવી ગોપીઓને બનાવી દીધી! હવે રાધાજી આવશે તો એની સાથે રોજની જેમ બે હાથને બદલે ચાર હાથથી રાસ કરીશ. આમ વિચાર કરતા હતા ત્યાં જ રાધાજી આવી ગયાં. પરંતુ રાધાજી જેવા પાસે આવ્યા કે ઠાકોરજીની બે ભુજા ગાયબ થઈ ગઈ. પ્રભુ વિચારે છે : 'આ શું થાય છે? બે ભુજા ગાયબ થઈ જાય છે. મારે તો આજે ચર્તુભુજ સ્વરૂપે રાસ કરવો છે.' શ્રીઠાકોરજી થોડા દૂર જાય તો ચતુર્ભુજ થઈ જાય છે અને જેવાં રાધાજી પાસે આવે છે કે બે ભુજા ગાયબ થઈ જાય છે. રાધાજી તદ્દન નજીક પધાર્યાં ત્યાં તો શ્રીહસ્તમાંથી બધા આયુધો પણ જતા રહ્યા. ફક્ત બે ભુજામાં બંસી રહી ગઈ!

રાધાજી કહે છે : 'પ્રભુ, આ ચતુર્ભુજ સ્વરૂપનો ખેલ ખેલવો હોય તો આપના વૈકુંઠમાં જાઓ. વ્રજમાં રહેવું હોય તો મારા શ્યામસુંદર બનીને રહેવું પડશે.'

આમ પ્રભુનું પણ એટલું સામર્થ્ય નથી કે રાધાજીની સામે પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરી શકે! જ્યાં રાધાજી પાસે આવે કે વ્રજવાસી ઠાકુર બની જાય છે. તેથી કહ્યું કે રાધાજીની પ્રતીક્ષા કરવી એ જ મારી સંધ્યા છે. રાધે, રાધે, રાધે એમ એમના નામનો જપ કરું એ જ મારો જપ છે. જ્યારે રાધાજી મળે ત્યારે મારા વિયોગને હું હોમી દઉં, એ જ મારો હોમ - યજ્ઞ છે. જ્યારે રાધાજીના એક એક નામના ગુણગાન ગાઉં, એ જ મારો બ્રહ્મયજ્ઞ છે. જ્યારે રાધાજી મળે અને મારું સર્વ હું એમના ચરણોમાં સમર્પિત કરી દઉં, એ જ મારું સમર્પણ છે. એમના વગર હું રહી નથી શકતો.

એટલા માટે રાજભોગમાં દરેક સામગ્રીમાં તુલસીજી રૂપે રાધાજી છે. અધરસુધા રૂપે રાધાજી છે. જ્યારે અનવસરનો સમય હોય ત્યારે

પ. ભ. સુશીલાબેન પી. પટેલ (આણંદ)ના જયશ્રીકૃષ્ણ.

પણ શ્રીઠાકોરજી વૃંદાવનની એ કુંજમાં પધારે છે, જ્યાં રાધાજી પ્રભુની પ્રતીક્ષા કરી રહ્યાં હોય છે. પ્રતીક્ષા કરી રહ્યાં છે એનો અર્થ શું? જ્યારે પ્રભુને રાજભોગ સરે અને રાજભોગનાં દર્શન થાય ત્યારે પ્રભુના શ્રીકંઠમાં ફરીથી પુષ્પમાળા ધરાય છે. એ માળા શું છે? એ માળા એ આજે રાધાજી પ્રભુની પ્રતીક્ષા ક્યાં કરી રહ્યાં છે, એ બતાવતો નકશો છે. ગોપીઓએ માળામાં એ નકશો બનાવીને પ્રભુને ધરાવી દીધો છે!

ગોપીઓએ માળામાં બતાવ્યું છે કે પ્રભુ આપ સીધા સીધા ચાલતા આવશો ત્યાં આપને મોગરાનાં છોડ દેખાશે. આગળ થોડા ચંપાના વૃક્ષ દેખાશે. ત્યાંથી સીધા સીધા જજો. રસ્તામાં લીલાછમ વૃક્ષો આવશે. આગળ વધશો ત્યાં ફરીથી મોગરાના છોડ આવશે. આગળ ગુલાબનું વન આવશે. આગળ જશો ત્યાં ફરી લીલાં વૃક્ષો અને પછી મોગરાના છોડ આવશે આગળ વધજો. ચંપાના અને લીલા પાનવાળા વૃક્ષો આવશે. પણ આપ સીધા જજો. આગળ થાક- એટલે કે ગુલાલની વાટિકા આવશે ત્યાં રાધાજી આપને મળશે. માળાજીનો વચ્ચેનો થાક એ આજે રાધાજી ક્યાં મળશે એનું સરનામું છે. એટલા માટે કહેવાય છે કે શ્રીઠાકોરજીને માળાજી ધરાવો ત્યારે થાક સીધો રાખવો. કેમ? જો એડ્રેસ બરોબર નહિ હોય તો શ્રીઠાકોરજી બીજી જગ્યાએ પહોંચી જાય! તેથી શ્રીઠાકોરજીને ધરાવીએ એ માળા શું છે? નકશો છે. (પ્રભુ, ક્ષમા કરજો. આજે મારાથી આપની થોડી પોલ ખુલી ગઈ છે!)

પ્રભુ આ માળાજીના નકશા પ્રમાણે ગોચારણ કરતાં કરતાં એ કુંજ તરફ પધારે છે જ્યાં રાધાજી એમની પ્રતીક્ષા કરી રહ્યાં છે. ત્યાં નિત્ય નવીન લીલા કરે છે, આ રીતે અનોસરના સમયે શ્રીઠાકોરજી રાધાજીને મળવા પધારે છે, એ શું છે? એ સમયે રાધાજી પ્રભુને અલગ અલગ કલાઓ શીખવે છે. ઠાકોરજીના રોજ કોઈને કોઈ ક્લાસ ચાલે છે. કોઈવાર નૃત્યના, કોઈવાર ગીતોના, કોઈવાર બંસીના-રાધાજી ચતુર શિરોમણી છે. ૬૪ કલાઓમાં નિપુણ છે. અને છતાં પણ ભોળાં. તેથી રાધાજી પ્રભુને રોજ એક એક કલા શીખવે છે.

સ્વ. અનિલભાઈ ભગવાનજી મોદી, હ. મુક્તાબેન મોદી, શ્રીમતી પટેલ કામીનીબેન
તથા શ્રીમતી રાગીણીબેન પટેલ (જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

એકવાર રાધાજીએ કહ્યું : 'શ્યામસુંદર, રોજ આપ બંસી બજાવો છો. આજે મારે પણ બંસી બજાવવી છે અને એ પણ આપની!'

'અરે રાધાજી, આપ આટલા મોટા કલાકાર અને મારી આ નાનકડી બંસી આપ બજાવો એ આપને નહિ શોભે.'

'અરે શ્યામસુંદર, આપ નિત્ય બંસી બજાવો છો અને બંસીમાં રાધા રાધા પુકારો છો, ત્યારે હું ઘરનાં સઘળાં કામકાજ છોડીને ભાગતી ભાગતી આપની પાસે આવી જાઉં છું. મારો મનોરથ છે કે આજે હું બંસી બજાવું, શ્યામ શ્યામ પોકારું અને આપ ભાગતા ભાગતા મારી પાસે આવો. મને આપની બંસી આપો. હું બજાવું.'

પ્રભુ કહે છે : 'ઠીક છે. બજાવો.' રાધાજીએ બંસી લઈને અધર ઉપર ધરી, પણ બંસીમાંથી અવાજ જ ન નીકળ્યો. રાધાજી કહે છે. જુઓ શ્યામસુંદર, જેવા કપટી આપ છો, એવી જ કપટી આપની બંસી છે. આપ પણ કદી મારી વાત માનતા નથી અને આ બંસી પણ માનતી નથી. આપે એને એવા પાઠ ભણાવ્યા છે કે એ માત્ર પરેશાન કરવાનું જ જાણે છે. વારેવારે બજાવું છું પણ બજતી જ નથી. એમ કરો, આપ જ એને બજાવો.

પ્રભુએ બજાવી તો એવી સુંદર વાગી કે પ્રભુ કહે છે કે લો, હવે આપ બજાવો. આપ તો મારાં ગુરુ છો. આપનાથી જરૂર વાગશે.

મંછાબેન વિનોદરાય ડેડાણીયા, (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

રાધાજીએ ફરી અધર ઉપર ધરી. બજાવી, પણ અવાજ ન આવ્યો. 'શ્યામસુંદર, આપે આને જરૂર કોઈ પટ્ટી પઢાવી છે. નહીં તો એ જરૂર વાગત.'

પ્રભુ કહે છે કે, 'રાધાજી, આ તો મારી બંસી છે. એને જ્યારે આપે અધર ઉપર ધરી ત્યારે આપના સ્પર્શથી એને મૂર્છા આવી ગઈ. હવે મૂર્છિત થઈ ગઈ તો અવાજ કેવી રીતે નીકળે?'

રાધાજી કહે છે કે, 'હું તો આજે આને બજાવીને જ રહીશ. બોલો, કેવી રીતે બજશે?'

પ્રભુ કહે છે, 'શું બતાવું? આ બંસી પણ મારી જેમ નાદાન છે. એ જાણે છે કે હું માત્ર કૃષ્ણથી જ બજું. જેણે મોરમુગટ ધર્યો હોય, પીતાંબર ધર્યું હોય એવા સ્વરૂપવાળાથી જ બજું, જો આપ મારી બંસી બજાવવા ઈચ્છતા હો તો મારા વસ્ત્ર શૃંગાર ધારણ કરો. તો આ બંસી તમને કૃષ્ણ માનીને જરૂર વાગશે.'

'ભલે.' રાધાજીએ શ્રીઠાકોરજીનાં વસ્ત્ર-શૃંગાર ધારણ કર્યાં અને ઠાકોરજીએ રાધાજીનાં. સુંદર શૃંગાર ધારણ કરીને પ્રભુએ રાધાજીના શ્રીહસ્તમાં બંસી આપી. અધર ઉપર ધરી અને પાછળ ઊભા રહીને શીખવવા લાગ્યા કે આ રીતે બંસી બજાવો.

એક સખી અચાનક ત્યાં આવી. દર્શન કરતાં જ એ તો મૂર્છિત થઈ ગઈ. ગજબ થઈ ગયો, ગજબ થઈ ગયો. બોલવા લાગી. આજ પ્રિયા-પ્રીતમ બંને બંસી બજાવી રહ્યાં હતાં પરંતુ આજે શ્યામસુંદર ગોરા અને રાધારાની સાંવરી હતી. બંને મળીને બંસી બજાવી રહ્યાં હતાં!

શ્રીઠાકોરજી કહે છે : 'પ્રિયાજી, આજે આપ કોઈ સુંદર રાગ બજાવો.' પણ રાધાજી માનતાં નથી. પ્રભુ કંઈક સાંભળવા ઈચ્છે છે. એમના મનમાં મનોરથ જાગ્યો છે કે આજે રાધાજી પાસે સુંદર

હરિતા વિનોદરાય ડેડાણીયા (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

બંસીવાદન સાંભળું, પરંતુ રાધાજી કહે છે : 'આપે મારી સાથે આજે કપટ કર્યું છે, હું આજે નહિ બજાવું અને નહિ સંભળાવું. કંઈ શીખવીશ પણ નહિ.'

ઠાકોરજી જાણતા હતા કે મોટા કલાકારો હોય એ બધા થોડા મૂડી હોય. એકવાર એક સંગીતકાર ટ્રેઈનમાં જઈ રહ્યા હતા. એ જેમની કેસેટ સાંભળી સાંભળીને સંગીત શીખ્યા હતા એ જ કલાકારને એમણે પોતાની સામેની સીટમાં બેઠેલા જોયા. બે મિનિટ માટે તો એ દંગ રહી ગયા. પછી થયું કે સફરમાં સાથે છે તો આજે એમની પાસેથી કાંઈ નવું શીખવા મળશે. પણ એ જાણતા હતા કે કલાકારો બહુ મૂડી હોય. એમને જરા છેડવા પડશે. કલાકારોને કેવી રીતે છેડવા એ એમને સારી રીતે આવડતું હતું. એને થયું કે આમને હું કહીશ તો મને કંઈ સંભળાવશે નહિ. તેથી એણે પોતાનું હાર્મોનિયમ કાઢ્યું. સારંગ રાગ બજાવવા માંડ્યો. સ્વરો ખોટા વગાડવા માંડ્યા. બે-ત્રણ વાર આવું થયું. સંગીતકારથી સહન ન થયું. કહે છે : 'અરે પાગલ, આ શું વગાડે છે? લાવ, મને આપ.' હાર્મોનિયમ લઈને એણે સારંગ રાગ છોડ્યો. ત્રણ કલાક સુધી એ ચાલતો રહ્યો.

આ જ રીતે ઠાકોરજીને જ્યારે રાધાજી પાસે સાંભળવાનો મનોરથ જાગ્યો, ત્યારે એમણે શું કર્યું?

બૈઠે હરિ રાધે સંગ, કુંજભવન અપને રંગ,
કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ ।
મોહન અતિહી સુજાન, સકલ કલા ગુનનિધાન,
જાન બુઝ એક તાન ચૂકકે બજાઈ ।।

કુંજભવનમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી બિરાજ્યાં છે. રાધાજીના મુખથી સારંગ રાગ સાંભળવાનો મનોરથ આજે શ્રીપ્રભુને

શોભનાબેન કનૈયાલાલ વસાણી (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

થયો છે. પણ રાધાથી એમ તો સંભળાવે નહિ, તેથી 'અતિહી સુજાન અને સકલ કલા ગુનનિધાન' પ્રભુએ જાણીબુઝીને એક તાન ખોટી બજાવી. રાધાજીથી આ સહન ન થયું. મુરલી લીધી અને પોતાના અધર ઉપર ધરીને બજાવી, તો એવા સ્વરો નીકળ્યા કે શ્યામસુંદર પોતાના ચરણોમાં ઘૂંઘરું બાંધીને ઠુમક ઠુમક નૃત્ય કરવા લાગ્યા, જેવી રીતે પહેલાં શ્યામસુંદર બંસી બજાવતા ત્યારે રાધાજી નૃત્ય કરતાં. વિચાર કરો કે એ કેવું દશ્ય હશે? રાધાજીના અધરોથી મુરલી બીજી રહી છે ઔર હમારે શ્યામસુંદર એ બંસીના સ્વરો ઉપર નૃત્ય કરી રહ્યા છે.

આમ અનોસરના સમયે પ્રભુ કુંજમાં રાધાજી સાથે બિરાજે છે. પ્રભુ એમના વિના એક ક્ષણ પણ રહેતા નથી.

રાધાજી કહે છે : 'હે શ્યામસુંદર, આપ આપનાં ચરણારવિંદ મારા હૃદય ઉપર અને મારા મસ્તક ઉપર પધરાવો.' જ્યારે શ્રીઠાકોરજી રાધાજીના હૃદય ઉપર પોતાના ચરણ પધરાવે છે ત્યારે રાધાજીના હૃદય ઉપર લગાવેલ કુમકુમ, કેસર, કસ્તુરી શ્રીઠાકોરજીના ચરણોમાં લાગી જાય છે.

આપણે નિત્યલીલાનું શ્રવણ કરી રહ્યાં છીએ. નિત્યલીલા કોને કહેવાય? જે પહેલાં પણ હતી, અત્યારે પણ છે અને આગળ પણ રહેશે, એ નિત્યલીલા છે. આ જે પ્રસંગો હું કહી રહ્યો છું એ કોઈ સમયે થયા હતા એવું નથી. આજે પણ એ લીલા થઈ રહી છે. આ પ્રભુની અને રાધાજીની નિત્યલીલા છે.

બંને સ્વરૂપો નિકુંજમાં પોઢ્યાં છે અને શંખ બજ્યો.

સુબલ શ્રીદામા કહ્યો સખનસો અર્જુન શંખ બજૈયે હો ।
ઘર જૈવેકી ભઈ હૈ બિરીયા, શ્રીગિરિધરલાલ જગૈયો હો ।।

શંખનાદ થયો. પ્રિયા-પ્રીતમ જાગ્યાં. ગલબહિયાં દઈને ધીરે ધીરે બહાર પધાર્યા. શ્રીઠાકોરજીના ચરણોમાં શ્રીરાધાજીના મસ્તકનું અને હૃદયનું કુમકુમ કેસર લાગેલું છે. આપ શ્રીગિરિરાજજીની તળેટીમાં પધાર્યા અને ત્યાં ઊગેલા લીલા લીલા ઘાસ ઉપર આપના ચરણમાં રહેલા એ કુમકુમ કેસર લાગી ગયા. પ્રિયા-પ્રીતમ આગળ પધાર્યા પછી પુલિંદીજીઓ એ ઘાસ ઉપર લાગેલું કેસર-કુમકુમ પોતાના હૃદય અને મસ્તક ઉપર લગાવે છે. જેમાં સ્વામિનીજીનાં ચરણોનો સંબંધ છે એવા એ કુમકુમ-કેસરથી પુલિંદીજીઓમાં શ્રીસ્વામિનીજીનો આવેશ આવે છે અને તેમના જ ભાવથી શ્રીઠાકોરજી ઉત્થાપન ભોગ આરોગે છે. ઉત્થાપન ભોગમાં જે મેવો ધરાય છે એ પુલિંદીજીઓના ભાવથી ધરાય છે. શ્રીઠાકોરજી એ એટલા માટે આરોગે છે કે રાધાજીના ચરણોનો સંબંધ એમને થયો છે.

ગીતાબેન દિપકભાઈ પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ત્યારબાદ સંધ્યાર્તિથી શયન સુધી પણ શ્રીરાધાજી પધારે છે. શ્રીવલ્લભાખ્યાનમાં વર્ણન આવે છે કે 'માતાનું મન રંજવા પ્રભુ આરોગ્યા બહુ સ્વાદેજી. સુગંધ બીડી કર ગ્રહીને ઊઠ્યા નૂપુરના નાદે જી.'

મૈયાનું મન રાખવા માટે પ્રભુ મૈયાના હાથે શયનભોગ આરોગ્યા પણ નૂપુરના નાદથી ઊભા થઈ ગયા. શૈયામંદિર તરફ ભાગ્યા. આ નૂપુર કોના? મૈયા શયનભોગ આરોગાવી રહ્યાં હતાં, પ્રભુ આરોગતા હતા પણ થોડી વધારે વાર થઈ ગઈ તો શૈયામંદિરમાં શ્રીસ્વામિનીજી પધારી ચૂક્યાં હતાં. શ્રીઠાકોરજીને પોતાના પધારવાની જાણ કરવા માટે એમણે ચરણોના નુપૂરનો નાદ કર્યો, અવાજ આવતાં જ શ્રીઠાકોરજી આચમનની ઝારી એક હાથમાં અને બીજા હાથમાં સુગંધી પાનબીડાં લઈને શૈયામંદિર તરફ ભાગ્યા. ત્યાં રાધાજીએ આચમન કરાવ્યું. પોતાના શ્રીહસ્તથી બીડાં આરોગાવ્યાં. 'લે રાધે, ગિરિધર દે

શ્રીમતી ચંદ્રિકાબેન શ્રોફ (ખંડવા)ના જયશ્રીકૃષ્ણ.

પઠઈ અપને મુખકી સુંદર બીરી.' પ્રભુએ સ્વયં પોતાના અધરામૃતની બીડી રાધાજીને આરોગાવી. વળી રાધાજીએ પોતાના મુખારવિંદની બીડી પ્રભુને આરોગાવી.

રૂચિ રૂચિ સેજ બનાઈ સખિયન રૂચિ રૂચિ સેજ બનાઈ.
રંગમહેલમેં પરે હૈ પરદા, ધરી અંગીઠી સુખદાઈ.

શ્રીઠાકોરજી નિકુંજમાં પધાર્યા. રંગમહેલમાં પરદા લાગી ગયા છે. અંગીઠી મૂકી છે. આપણે ત્યાં શ્રીઠાકોરજી પોઢે ત્યારે શૈયામંદિરમાં અંગીઠી નથી આવતી. બહાર આવે છે.

પણ આ નિકુંજની લીલા છે. શ્રીઠાકોરજી નિકુંજમાં પધાર્યા છે. આમ સવારે મંગળાથી રાત્રે શયન સુધીના ક્રમમાં શ્રીરાધાજી છે. રાધાજી પ્રભુની આહ્લાદિની શક્તિ છે. તેથી જ શ્રીઠાકોરજી એમને સદા વશ છે.

કેટલાક લોકો કહે છે ભાગવતજીમાં રાધા નથી. ભાગવતજીમાં રાધાજીના સ્વરૂપનું વર્ણન નથી આવતું. આમ જોઈએ તો ભાગવતજીમાં રાધાજી સિવાય બીજું કાંઈ નથી. કહેવાય છે કે જે આપણું બહુ પ્રિય હોય એને નામ લઈને ન બોલાવાય. કેમ નામ ન લેવાય? દુનિયામાં જેમનું જેમનું નામ છે એનો નાશ જરૂર છે. અમારા પ્રિયનો નાશ ક્યારેય ન થાય એ હેતુથી નામ નથી લેવાતું. સંકેતના નામથી બોલાવાય છે. હવે જ્યારે ભાગવતની કથા સ્વયં કૃષ્ણે કહી છે ત્યારે રાધાનું નામ ક્યાંથી હોય? શ્રીઆચાર્યચરણ કહે છે કે જળમાં મીઠું પધરાવી દઈએ પછી એ મીઠું દેખાય નહિ પણ જ્યાંથી ચાખીએ ત્યાં મીઠું જળમાં અનુભવાય. એમ ભાગવતને ઉપરથી દેખો કે અંદરથી રાધાજી જરૂર બિરાજે છે.

સુનિલ રામનાથ શેઠ ગુજરાથી, શિલા રામનાથ શેઠ ગુજરાથી
(પુના)ના જયશ્રીકૃષ્ણ.

રાધા એટલે કોણ? રાધા નામ સાંભળીએ ત્યારે એવું માનવાની ભૂલ ન કરવી કે રાધા નામની કોઈ વ્યક્તિ કે કોઈ પાત્ર, પદાર્થ યા વસ્તુ છે. જ્યારે જ્યારે રાધા નામ આવે ત્યારે કૃષ્ણને પામવાની, કૃષ્ણના દર્શન કરવાની લાલસા જાગી, ત્યાં રાધા છે. ભક્તો કહે છે કે,

'પ્યારીજીકો રૂપ માનો પ્યાસ હી કો રૂપ હૈ.' આમ કૃષ્ણદર્શનની પ્યાસ એનું જ નામ રાધા છે.

જ્યારે કોઈ વસ્તુને આપણે આપણે માપદંડથી ઓળખવા માગીએ ત્યારે એ ન સમજાય પણ જ્યારે એને સમજવાની દષ્ટિ મળે ત્યારે એ આપોઆપ સમજાય. એટલે જ ભાગવતજીમાં રાધાનું નામ નથી એમ કહેવાયું પણ જ્યાં જ્યાં પણ કૃષ્ણદર્શનની લાલસા જાગી છે ત્યાં ત્યાં રાધા પ્રગટ થઈ જાય છે. કુંતાજી કહે છે કે હે પ્રભુ એવી કૃપા કરો કે વિપત્તિ અમારા જીવનમાં આવે. ત્યારે ત્યાં રાધા પ્રગટી છે. ભીષ્મજી બાણશૈયા ઉપર યુધ્ધભૂમિમાં સૂતા હતા પણ જ્યારે એમને પ્રભુનાં દર્શનની તલપ લાગી, પ્રભુનાં દર્શનની લાલસા જાગી, ત્યાં રાધા પ્રગટ થાય છે. ભીષ્મજીએ કહ્યું :

લલિતગતિવિલાસ વલ્ગુહાસ - આ શબ્દો શું બતાવે છે? રાસલીલાનું વર્ણન ભીષ્મજી કરી રહ્યા છે. જાણે આપની સુંદર વિલાસ ગતિને જોઈને, આપના મધુર હાસ્યને જોઈને આપના દર્શનની લાલસા જાગી હતી કે આપના મધુર દર્શન મને ક્યારે થશે? શું રાસનો અનુભવ ભીષ્મજીને થયો હતો? ભીષ્મજી આવો શ્લોક બોલી શકે છે? આ શ્લોક બીજા કોઈએ નહિ પણ રાધાએ ગાયો છે. આ બતાવે છે કે જેના મનમાં પણ કૃષ્ણનાં દર્શનની તલપ લાગી જાય ત્યાં રાધા પ્રગટ થઈ જાય છે. ભાગવતજીમાં બે જગ્યાએ રાધાજીનો ઉલ્લેખ સ્પષ્ટ રૂપથી મળે છે.

સ્વ. દમયંતીબેન દામોદર રામૈયા, હ. ડૉ. અરૂણાબેન હરેશભાઈ
રામૈયા (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

અનયારાધિતો નૂનં ભગવાન ઈશ્વરઃ - રાસપંચાધ્યાયીમાં ભગવાનની આરાધના કરવાવાળી એવા શબ્દોનો ઉપયોગ થયો. દ્વિતીય સ્કંધમાં 'રાધસા' શબ્દનો ઉપયોગ થયો છે. 'રાધસા' શબ્દ સમજાવતા શ્રીમહાપ્રભુજી કહે છે કે ગોલોકધામમાં ભગવાનની એક એવી શક્તિ છે, જેનું નામ છે રાધસ્. આ શક્તિથી વધીને દુનિયામાં બીજી કોઈ શક્તિ નથી. એનાથી ઉત્તમ સંસારમાં બીજું કોઈ તત્વ નથી. એ શબ્દનું સ્ત્રીલિંગ રૂપ થાય છે રાધા. આ શક્તિથી વધે એવી બીજી કોઈ શક્તિ ન હોવાથી ભગવાન જ્યારે પણ રાસ કરે છે ત્યારે રાધાની સંગે કરે છે. રાધાજી વગર રાસ થઈ શકતો નથી. તેથી જ જ્યારે ભગવાન રાસ કરવા પધાર્યા ત્યારે રાસપંચાધ્યાયીના પ્રથમ શ્લોકમાં કહ્યું : યોગમાયામ્ ઉપાશ્રિત : સાથે યોગમાયા છે. યોગમાયા શ્રીરાધા, તામ્ ઉપાશ્રિતા.

રાધાજીની શક્તિઓનું વર્ણન કરતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે રાધાજીની કુલ ૧૨ શક્તિઓ છે. જેનામાં આ ૧૨ શક્તિઓ હોય એ જ રાસ કરી શકે છે. એ શક્તિઓ દ્વારા જ શ્રીરાધાજી શ્રીઠાકોરજીના રાસનું બધું આયોજન કરે છે. ત્યારે રાસનું સર્જન થાય છે.

રાસ કરતાં કરતાં જ્યારે ગોપીઓને મદ થયો ત્યારે શ્રીઠાકોરજી અંતર્ધ્યાન થઈ ગયા. પણ શું શ્રીઠાકોરજી એકલા પધાર્યા? શ્રી રાધાજીને સાથે લઈને પધાર્યા. એમને મદ થયો તો એમને પણ છોડી દીધાં. તો શું રાધાજીને કદી મદ થઈ શકે? શ્રીઠાકોરજી કદી રાધાજીને છોડીને જઈ શકે છે? તો આ લીલા કઈ હતી? જ્યારે રાધાજીએ જોયું કે પ્રભુ રાસનું સુખ જે મને આપી રહ્યા છે, એ સુખ હું મારી બધી જ સખીઓને આપવા ઈચ્છું છું. જે કૃપા પ્રભુએ મારા ઉપર કરી એ કૃપા હું દરેકના ઉપર થાય એવું ઈચ્છું છું.

જ્યારે સખીઓએ પૂછ્યું કે રાધાજી, આપના ઉપર જેવી પ્રભુની કૃપા થઈ છે એવી અમારા ઉપર ક્યારે થશે? આપના જેવું સૌભાગ્ય અમને ક્યારે મળશે? ત્યારે રાધાજીએ કહેલું કે હું તમને આજે એવું કંઈક આપીશ, જે તમને બીજું કોઈ આપી નહિ શકે. મારા જેવું સૌભાગ્ય માત્ર હું જ તમને આપી શકીશ, જાઓ, હું તમને કહું એમ કરો. એટલામાં ત્યાં ૧૦૮ નિકુંજ પ્રગટ થઈ ગઈ. ગોપીઓને કહ્યું : આ નિકુંજમાં જઈને તમે કૃષ્ણ, કૃષ્ણ એમ કૃષ્ણનું નામ જપો. આ ૧૦૮ નિકુંજ મણકાની જપમાળા છે. મેરુ છે એ વૃંદાવન છે, જ્યાં શ્રીરાધાજી બિરાજે છે. રાધાજીએ ૧૦૮ સખીઓને જે ૧૦૮ નિકુંજ આપી એ માળાના ૧૦૮ મણકા, જેમાં એક એક સખી બેસીને નિત્ય અષ્ટાક્ષરનું સ્મરણ કરી રહી છે, રાધાજી એમને પોતાના સમાન સૌભાગ્ય આપી રહ્યાં છે.

જ્યારે આપણે પણ માળા કરીએ છીએ અને અષ્ટાક્ષર મંત્ર જપીએ છીએ ત્યારે માત્ર અષ્ટાક્ષર મંત્ર નથી જપતા, આપણે તો એ નિકુંજમાં બેઠેલી એક એક સખીની સાથે આત્મસાત કરીએ છીએ. એ મણકાને ફેરવતાં ફેરવતાં જે મણકાની અંદર આપણી નિકુંજ હોય, એમાં બેઠેલી સખી સાથે જ્યારે આપણો આત્મસાત થાય, ત્યારે આપણને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થાય છે. ત્યારે શ્રીઠાકોરજી આપણને એ પરમ સૌભાગ્યનું દાન આપે છે. આ માત્ર મૈં સૂચન કર્યું છે. આગળ જતાં કૃપા થશે ત્યારે આ વાત સમજમાં આવશે. આ વાત કહેવાનો કે વ્યાખ્યાનો વિષય નથી. આ રીતે કરતાં કરતાં કૃપા થશે.

હવે જોઈએ કે રાધાજીએ એવું શું કર્યું કે પ્રભુ એમને છોડીને ગયા. જ્યારે પ્રભુ રાધાજીને સાથે લઈને પધાર્યા ત્યારે એમના મનમાં તાપ થયો કે જે સખીઓ મારી લીલાની સહયોગીઓ છે, જેમને મેં જ વચન આપ્યું હતું કે તમને મારા સમાન સૌભાગ્ય મળશે, એમના તો પ્રભુએ દોષ જોયા. એમનો મદ જોયો અને પ્રભુ એમને છોડીના ચાલ્યા ગયા. જે સુખ પ્રભુ મને એકલીને આપવા ઈચ્છે છે એ મારે એકલીને નથી જોઈતું. પ્રભુ, હું આપની લીલાનું સુખ લઈશ

શ્રીમતી અમિતા દિનેશભાઈ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

પુષ્પાબેન મુકુંદરાય મોદી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

પણ એકલી નહિ લઉં, એ સુખ હું ત્યારે જ લઈશ કે જ્યારે મારો પૂરો પરિકર મારી સાથે હશે. રાધાજીએ એવી લીલા કરી કે પ્રભુ એમને છોડીને ગયા.

પછી બધી સખીઓ એમને મળી. બધાંને લઈને યમુનાજીના તટ ઉપર ગયાં. જ્યારે પ્રભુ મળ્યા ત્યારે બધી સખીઓને મળ્યા. સૌને રાસનું સુખ મળ્યું. આ રાસનું સુખ રાધાજી વગર ન મળે.

રાધાજી તો રાસેશ્વરી છે. રાસેશ્વરીની લીલાનું વર્ણન માત્ર સાંભળવાથી ન ચાલે. રાધાજી તો રાસની અધિષ્ઠાત્રી છે. જ્યારે પ્રભુની સાથે એ રાસ કરી રહ્યાં છે તો કેવું લાગે છે? આ રાસેશ્વરીની સાથે આપણે પણ રાસનો અનુભવ કરીએ.

રંગે રમે આનંદે રમે, રાધા નિકુંજમાં રંગે રમે.
રાધાના ચરણે સોનાનાં ઝાંઝર, મોહનના નૂપુર મનને ગમે.
રાધા નિકુંજમાં રંગે રમે.

શ્રીરાધાજી પોતાની શ્રી શક્તિ દ્વારા રાસલીલાનું આયોજન કરે છે. શ્રીઠાકોરજીને કેવી રીતે અધિક સુખ મળે, આનંદ મળે, એ બધું કાર્ય શ્રીરાધાજી કરે છે. રાધાજીની બીજી શક્તિ છે પુષ્ટિ. પુષ્ટિ એટલે કૃપા. પુષ્ટિ એટલે જીવોને પોષણ આપવું. પુષ્ટિ એટલે જીવોના મનમાં પ્રભુ પ્રત્યે પ્રેમ સંપાદન કરવો. પુષ્ટિ એટલે જીવોના સર્વ મનોરથો પૂર્ણ કરવા.

આ પુષ્ટિશક્તિ દ્વારા જીવોના કલિદોષ દૂર કરે છે. કલિ દોષ એટલે કલિકાલના દોષ નહિ. ભગવાને આપણને હૃદય આપ્યું છે તે કમલ જેવું છે. કમલની કળી બંધ છે. આપણે પ્રભુની ભક્તિ દ્વારા કળીને ખીલવવાની છે. આપણે હજી સુધી એ કળીને ખીલવી શક્યા નથી એનો અર્થ એ કે આપણને કલિદોષ લાગ્યો છે. આ કમલકળી ક્યારે ખીલે? જ્યારે શ્રીસ્વામિનીજી કૃપા કરે.

અમિનેષ દફતરી અને રજનીબેન દફતરી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

એકવાર રાસચોતરા ઉપર શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી બંને મળ્યા. શ્રીઠાકોરજી એમના હજારો સખાઓ સાથે આવ્યા હતા અને શ્રીસ્વામિનીજી હજારો સખીઓ સાથે. શ્રીઠાકોરજીએ કહ્યું, ‘આજે રાસ રમીએ. રાધાજી કહે છે આજે મને તો છુપાછુપીનો ખેલ ખેલવાનો મનોરથ છે. રાસ તો આપણે રોજ કરીએ છીએ.’

‘અરે રાધાજી, છુપાછુપીનો ખેલ આ ચોતરા ઉપર કેવી રીતે ખેલાય? એ માટે તો ચાલો આપણે સઘન વનમાં જઈએ, જ્યાં છુપાવા માટે કોઈ જગ્યા હોય. આ ચોતરા ઉપર તો છુપાઈશું ક્યાં?’

‘પ્રભુ, એ આપ જાણો. મારે તો આજે સંતાકુકડી જ રમવી છે અને આ ચોતરા ઉપર જ રમવી છે.’

શ્રીઠાકોરજી વિચારે છે : અહીં તો માત્ર ચોતરો છે. અહીં કોઈ સંતાવા માગે તો પણ ક્યાં સંતાય? જગ્યા જ ક્યાં છે? વળી રાધાજી કહે છે, ‘સંતાકૂકડી રમવા માટે મારી બીજી ત્રણ શરત છે.’

‘શરત ? કઈ શરત?’ ‘પહેલી શરત એ કે કોઈ સંતાવા માટે આ ચોતરાની બહાર જાય નહિ.’

‘અરે પણ ચોતરા ઉપર તો સંતાવું હોય તો પણ ક્યાં સંતાય?’

‘પ્રભુ, એ આપ જાણો. મારી બીજી શરત એ છે કે છુપાવા માટે કોઈ એક યુક્તિ કરે એ યુક્તિ બીજો નહિ કરી શકે. ત્રીજી શરત એ કે એક જ વારમાં શોધી કાઢવાનું રહેશે કે કોણ ક્યાં છુપાયું છે. પ્રભુ, પહેલો વારો આપનો.’

‘અરે, પણ અહીં છુપાવું ક્યાં?’

‘પ્રભુ, એ આપ જાણો.’

શ્રીઠાકોરજી કહે છે : ‘રાધાજી, તમે અને બધી સખીઓ એક મિનિટ માટે નેત્ર બંધ કરી દો. એક મિનિટ પછી ખોલજો.’

કૈલાસબેન ગોપાલદાસ દેવી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીઠાકોરજીએ પોતાના હજારો સખાઓનું સ્વરૂપ બિલકુલ પોતાના જેવું કરી દીધું. એકસરખાં પીતાંબર, એકસરખા મોરમુકુટ, બંસી. આબેહૂબ પોતાના જેવું જ બધાંનું સ્વરૂપ. જોતાં જ બધાં ચક્કર ખાઈ ગયાં. સખીઓ કહે છે : 'અરે રાધે રાની, એક શ્યામસુંદરને આપ પૂરેપૂરી રીતે ઓળખી નથી શક્યાં ત્યાં આ હજારોને કેવી રીતે ઓળખશો? એમ કરો, હાર માની લો.'

'અરે હાર શા માટે માનું? હું હમણાં શ્યામસુંદરને ઓળખી કાઢીશ.' 'કેવી રીતે ઓળખશો?' આપની શરત એ છે કે પહેલી વારમાં જ શોધી કાઢવાના છે. નહિ શોધી શકો તો મુશ્કેલી થશે.

'તમે ચિંતા ન કરો.' રાધાજીએ શ્રીઠાકોરજીના જેટલા પણ સ્વરૂપો હતા એ બધાને કહી દીધું : 'આપ બધા એક લાઈનમાં ઊભા રહી જાઓ.' રાધાજી પહેલા સ્વરૂપની પાસે આવ્યાં. કહે છે, 'જરા હસો તો!' બીજા સ્વરૂપ પાસે ગયાં. કહે છે : 'જરા હસો તો!' ત્રીજા સ્વરૂપ પાસે ગયાં. કહે છે : 'જરા હસો તો!' એમ બધાંનું હાસ્ય જોતાં જોતાં અગિયારમા સ્વરૂપ પાસે આવ્યાં. 'જરા હસો તો!' જેવા પ્રભુ હસ્યા કે રાધાજી કહે છે, 'અરે શ્યામસુંદર, બહાર આવી જાઓ. આપ પકડાઈ ગયા છો.'

પ્રભુ દંગ થઈ ગયા. બધા સખાઓ દંગ થઈ ગયા. પૂછે છે કે, 'પ્યારીજુ, આ હજારોમાં તમે મને ઓળખ્યો કઈ રીતે?'

'પ્રભુ, આપના જેવું સ્વરૂપ કોઈ ધારણ કરી શકે છે પણ આપના જેવી મુસ્કાન તો કોઈ ધારણ કરી શકે નહિ. આપની મુસ્કાન તો અદ્વિતીય છે, અનુપમ છે. એની બરાબરી તો ક્યાંય થઈ જ ન શકે.'

હવે છુપાવાનો વારો રાધાજીનો છે. સખીઓ કહે છે કે રાધાજી આપે તો આપના જ પગ ઉપર કુહાડી મારી છે. છુપાવા માટે કેવી આકરી શરતો રાખી છે. હવે આપણે આ ચોતરા ઉપર છુપાઈશું કેવી રીતે?

દશા ખડાયતા વૈષ્ણવ એકાદશી (કાંદીવલી (વે) મુંબઈ)ના જય જયશ્રી ગોકુલેશ

રાધાજીએ કૃષ્ણને અને બધા સખાઓને કહ્યું : 'એક મિનિટ માટે બધા આંખો બંધ કરી દો.' બધાએ આંખો બંધ કરી. રાધાજીએ સખીઓને કહ્યું : 'રાસચોતરાની આસપાસ જે મોગરાના ઝાડ છે એના ઉપર પુષ્કળ કળીઓ છે. એ બધી કળીઓ ચૂંટીને લઈ આવો. ચોતરા ઉપર કળીઓના ઢગલા કરી દો.'

સખીઓએ તરત કળીઓના ઘણા ઢગલા ચોતરા ઉપર કરી દીધા. રાધાજી કહે છે : 'એક એક ઢગલામાં એક એક સખી સંતાઈ જાઓ.' બધી સંતાઈ ગઈ. પ્રભુએ નેત્રો ખોલ્યાં તો ચોંકી ગયા. સખાઓ કહે છે : કનૈયા, તેં અમારું સ્વરૂપ તારા જેવું બનાવી દીધું હતું ત્યારે કમસે કમ આપણે દેખાતા તો હતા. અહીં તો આખા ચોતરા ઉપર માત્ર કળીઓના ઢગલા જ છે. કોઈ દેખાતું તો નથી. ઓળખીશું કેવી રીતે? પહેલીવારમાં જો શોધી ન શક્યા તો આજે આપણી બેઈજ્જતી થશે. તું એમ કર, હાર માની લે.

પ્રભુ કહે છે : 'તમે ચિંતા ન કરો. હું હમણાં શોધી કાઢીશ.' શ્યામસુંદર ચોતરા ઉપર એક એક ઢગલા પાસેથી પસાર થતા ગયા. એક ઢગલા પાસે અટક્યા. કહે છે : 'પ્યારીજુ, બહાર આવી જાઓ.' એ જ ઢગલામાંથી રાધાજી બહાર પધાર્યા. બધા દંગ થઈ ગયા. રાધાજી પૂછે છે : 'આપકો પતા કૈસે ચલા કિ મૈં ઈસી ઢેરકે અંદર હૂં.'

'એમાં શું આશ્ચર્ય છે? મેં જોયું કે બધા ઢગલા કળીઓના છે પણ આ ઢગલાની કળીઓ ખીલીને ફૂલ બની ગઈ છે. માટે આમાં જ રાધાજી હશે. કારણ રાધાજીનો સ્પર્શ જેને થઈ જાય એ કળી પછી કળી નથી રહેતી, ખીલીને ફૂલ બની જાય છે.'

સ્વ. રમણલાલ મોહનલાલ દેસાઈ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

જીવની કળીને ખીલવવાવાળી શ્રીરાધાજી છે. એ શક્તિ છે પુષ્ટિશક્તિ. રાધાજીને જ્યારે ભીતર પધરાવીએ ત્યારે આપણા હૃદયની કળી ખીલી જાય અને કળી ખીલે તો ભ્રમર ઘૂમતો ઘૂમતો આપણી પાસે આવી જાય. શ્યામસુંદર રૂપી ભ્રમર ત્યાં સુધી ન આવે જ્યાં સુધી કળી ખીલે નહિ. કમલ જ્યારે ખીલે ત્યારે ભ્રમરને આમંત્રણ આપવું નથી પડતું. સ્વયં આવી જાય છે. જ્યારે રાધાજી કૃપા કરે ત્યારે કળી ખીલે છે. આ શક્તિ છે પુષ્ટિ શક્તિ.

ત્રીજી શક્તિ છે 'ગી'. ગી એટલે કે રાધાજીની વાણી. રાધાજી એવી રીતે પ્રભુ સાથે વાર્તાલાપ કરે છે કે જેથી એ વાર્તાલાપ દ્વારા પ્રભુનો પ્રેમ વધે.

ચોથી શક્તિ છે. કાન્તિ. કાન્તિ એટલે જ્યોત્સના, કાન્તિ એટલે પ્રકાશ. કેવો પ્રકાશ? કુંભનદાસજી વર્ણન કરે છે. એકવાર રાધાજી પ્રભુથી માન કરીને બિરાજ્યાં હતાં. ઠાકોરજી વારેવારે મનાવે છે પણ માન છોડતાં નથી. શું કરવું? પ્રભુએ રાધાજીને મનાવવા માટે પોતાની જાતને સમર્પિત કરી દેવાનો વિચાર કર્યો. પોતાના બંને હાથ રાધાજીના ચરણો ઉપર ધરીને પોતાનું મસ્તક રાધાજીના ચરણોમાં ઝુકાવ્યું. આ દર્શન કરતાં કુંભનદાસજી કહે છે : આજે મેં એક સાથે ૨૦ ચંદ્રમા જોયા. ૫ કમળ જોયાં. ૪ જલચર દેખ્યા. એક મોર જોયો અને એક સૂર્ય જોયો.

કેવી રીતે જોયાં? પ્રભુએ પોતાનું મસ્તક રાધાજીના ચરણોમાં ઝુકાવ્યું. ભાગવતજીની દૃષ્ટિએ પ્રભુનું મસ્તક એટલે મુક્તિલીલા, એટલે કે રાધાજીના માનને મુક્ત કરવા માટે પ્રભુ ઈચ્છે છે. તો મસ્તક ઝૂક્યું ત્યારે રાધાજીનું માન મુક્ત થયું. વળી પ્રભુએ પોતાના બંને શ્રીહસ્ત રાધાજીના ચરણો ઉપર મૂક્યા ત્યારે કુંભનદાસજી કહે છે કે શ્રીઠાકોરજીના શ્રીહસ્તના અને રાધાજીના ચરણારવિંદના ૨૦ નખ એવા ચમકી રહ્યા છે કે જાણે એ ૨૦ નખ નહિ પણ ૨૦ ચંદ્ર છે. આ ૨૦ નખચંદ્રનું દર્શન કુંભનદાસજીએ કર્યું ત્યારે એમણે ૫ કમલ પણ જોયા. શ્રીસ્વામિનીજીનાં બે ચરણકમલ. શ્રીઠાકોરજીના બે હસ્તકમલ અને એના ઉપર શ્રીઠાકોરજીનું મુખકમલ! વળી કહે છે ચાર જલચર જોયાં. જલચર એટલે જલમાં રહેવાવાળા. અહીં જલ કયું? શ્રીસ્વામિનીજીનાં ચરણારવિંદ એટલે રસનો સાગર. જલચર જીવ સાગરને જોતાં જ એમાં તરવા માટે વ્યાકુલ થઈ જાય. એમ જેવું પ્રભુએ મસ્તક ઝુકાવ્યું કે આપના કર્ણમાં રહેલા મકરાકૃત કુંડળ રૂપી મકર અને બે નયન રૂપી મત્સ્ય એ સાગરમાં તરવા માટે વ્યાકુળ થઈ ગયાં.

જેવું શ્રીઠાકોરજીએ મસ્તક ઝુકાવ્યું કે આપના શ્રીમસ્તક ઉપરનો સુવર્ણનો મુગટ એવો ચમકવા લાગ્યો કે જાણે મુગટ નહીં પણ સ્વં સૂર્ય ઝૂકી રહ્યો છે. એ મુગટ ઉપર શ્રીઠાકોરજીએ જે મોરપંખ ધારણ કર્યું હતું એ મોરપંખ પણ શ્રીસ્વામિનીજીનો સ્પર્શ થતાં મોર બનીને નૃત્ય કરવા લાગ્યું. જેમ મેઘને જોઈને મયૂર નાચે એમ શ્રી સ્વામિનીજીનાં ચરણોના સ્પર્શથી આ મોરપંખ મયૂરની જેમ નૃત્ય કરવા લાગ્યું. આ છે શ્રીસ્વામિનીજીની ચોથી શક્તિ કાન્તિ.

પાંચમી શક્તિ છે કીર્તિ. આપની ગાથા સર્વ ગોપીજનોમાં શ્રેષ્ઠ છે.

છઠ્ઠી શક્તિ છે તુષ્ટિ. તુષ્ટિ એટલે સંતોષ. સાતમી શક્તિ છે ઈલા. ઈલા એટલે ધારણ કરવાવાળી શક્તિ. પ્રભુની સમગ્ર લીલાઓને જો કોઈ ધારણ કરે છે તો એ છે શ્રીસ્વામિનીજી. આઠમી શક્તિ છે ઉર્જા. શ્રીસ્વામિનીજી પોતાનાં નેત્રોના હલનચલનથી શ્રીઠાકોરજીએ શું કરવું તે બતાવે છે. જ્યારે નેત્ર ઊંચા કરે તો ઠાકોરજી ઊભા થઈ જાય. નેત્ર ઝુકાવે તો શ્રીઠાકોરજી બેસી જાય. નેત્રો ટેઢા કરે તો ઠાકોરજી ભાગી જાય. એટલે કે પોતાના નેત્રો

ગં.સ્વ. શાંતાબેન રમણલાલ દેસાઈ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

પ. ભ. માલતીબેન જયંતિભાઈ શાહ પરિવારના (ટોરોંટો-કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

દ્વારા, નેત્રોના સંકેત દ્વારા જેમની ભ્રૂભંગથી આખી સૃષ્ટિનું સર્જન થાય છે એવા શ્રીઠાકોરજીને વશ કરે છે. એમના ભ્રૂભંગથી શ્રીઠાકોરજી ઊઠે છે, બેસે છે, ભાગે છે અને પાછા પણ આવી જાય છે.

નવમી શક્તિ છે વિદ્યા. વિદ્યા એટલે શ્રીઠાકોરજીનું યથાર્થ જ્ઞાન. શ્રીઠાકોરજીનું યથાર્થ જ્ઞાન કોઈ આપી શકે છે તો એ શ્રીરાધાજી. દસમી અવિદ્યા છે. અવિદ્યા એટલે કે આસુરી જીવોને પ્રભુથી દૂર રાખવાવાળી શક્તિ. આપણે આગળ જોયું ને કે તેમણે કંસને કેવી રીતે વ્રજમાં આવતો બંધ કરી દીધો.

અગિયારમી શક્તિ છે માયા. માયા એટલે કોણ? ભગવાને રાસ કર્યો ત્યારે યોગમાયાની સાથે જ કર્યો ને? માયાના બે કાર્ય છે. એક જગ્યાએ રહેલી વસ્તુને એવી જ રીતે બીજી જગ્યાએ સ્થાપિત કરી દેવી એ એક કાર્ય અને પ્રભુને અનુકૂળ લીલાસામગ્રી નિર્મિત કરવી એ બીજું કાર્ય. જ્યારે ભગવાન યોગમાયા સાથે રાસ કરવા તત્પર થયા ત્યારે ગોપીઓ દોડતી દોડતી આવી, જેમણે ઉલટસુલટ આભૂષણો ધારણ કર્યાં હતાં. આવા વેશમાં આવેલી ગોપીઓને જોઈને શું પ્રભુને આનંદ આવે? ઘેરથી અસ્તવ્યસ્ત નીકળેલી ગોપીઓ ભગવાનની પાસે પહોંચી તો ષોડશ શૃંગારમાં સજ્જ થઈ ગઈ. આ કાર્ય યોગમાયાનું હતું. પ્રભુને અનુકૂળ લીલાસામગ્રી એ નિર્મિત કરે છે. પ્રભુ જ્યારે રાસ કરતા હતા ત્યારે રાસ કરતાં કરતાં એમના હૃદયનો આનંદ હતો એ આનંદ એવો ને એવો જ લઈને યોગમાયાએ ગોપીઓના હૃદયમાં સ્થાપિત કરી દીધો. આમ યોગમાયાનું બીજું કાર્ય એક જગ્યાએ રહેલી વસ્તુને એવી ને એવી જ બીજી જગ્યાએ સ્થાપિત કરવાનું છે. આ કારણે જ ગોપીઓને થયું કે અમે પૂર્ણ થઈ ગયાં. અમે સર્વજ્ઞ થઈ ગયાં. તેથી જ તેમને સૌભાગ્યમદ પણ થયો.

---

૫. ભ. હીરાબેન શાહ તેમજ પરિવાર (મીસીસાગા-કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

બારમી શક્તિ છે ઈચ્છા. પ્રભુને આનંદ આપવાવાળી, પ્રભુની ઈચ્છા પૂર્ણ કરવાવાળી અને પ્રભુના મનમાં મનોરથ જગાવવાવાળી જે શક્તિ છે તે આ ઈચ્છા શક્તિ છે. આ ઈચ્છા શક્તિ દ્વારા પ્રભુ સૌના મનોરથ પૂર્ણ કરે છે.

રાધાજીના સ્વરૂપનાં દર્શન કરવાનો આપણે પ્રયત્ન કરી રહ્યાં છીએ. પરંતુ આ સાગર તો એવો છે કે એમાં જેમ ઊડે જતાં જઈએ તેમ એમ લાગે કે હજી વધુ ગહરાઈ આ સાગરમાં છે. હજુ વધુ ઊંડાણ છે. આ સાગર એવો છે કે જેનો કદી વિરામ નથી થઈ શકતો. આપણી વાણી થંભી શકે છે. આપણો સમય ઓછો પડી શકે છે પણ આ તો વહેતી સરિતા છે. એક જ સરિતાના એક જ ઘાટ ઉપર પાન કરો, ફરીથી પાન કરો, તો એમાં કંઈક નવીનતા લાગશે. આતો નિત્ય નવીન રસોથી ભરેલી સરિતા છે. થોડી વાર પછી ઘાટ ઉપર જઈએ તો નવું જ જળ આવશે. નદીમાં હંમેશા એક જેવું નથી. નિત્ય નવીન છે. કંઈક વિવિધતા છે. આપણે રાધાજીના અલગ અલગ સ્વરૂપોનું વર્ણન જોઈ રહ્યાં છીએ. યોગમાં રાધાજીનું સ્વરૂપ, જ્યોતિષમાં રાધાજીનું સ્વરૂપ, એક સખીના રૂપમાં રાધાજીનું સ્વરૂપ, પ્રભુની આહ્લાદિની શક્તિના રૂપમાં રાધાજીનું સ્વરૂપ આપણે જોયું. હવે પુષ્ટિમાર્ગમાં રાધાજીનું સ્વરૂપ કયું? પુષ્ટિમાર્ગમાં રાધાજી કોણ છે, તે આપણે જોઈશું.

ભગવદીયો વર્ણન કરે છે કે એકવાર ગોલોકધામમાં ભગવાન શ્રીરાધાજી સાથે રાસ કરી રહ્યા હતા. સુંદર વાજીંત્રો વાગી રહ્યાં હતાં. સૌને ખૂબ આનંદ આવી રહ્યો હતો. રાધાજી અને બધી સખીઓ નૃત્ય કરી રહી હતી. યુવતીઓના અનેક અનેક મંડળો છે. પ્રિયા-પ્રીતમ બંનેને નૃત્ય કરતાં એટલો આનંદ આવી રહ્યો છે કે જાણે બંને એકબીજામાં ખોવાઈ ગયાં છે. જાણે પોતાની જાતને ભૂલી ગયાં છે. શ્રીઠાકોરજી અને રાધાજી બંને એકબીજાની સંગમાં હોવાથી બંને ખૂબ આનંદમાં છે.

સ્વ. નટવરલાલ મણીલાલ બાસ્તાવાળાના પરિવાર (સુરત)ના જયશ્રીકૃષ્ણ.

પરંતુ થોડીવારમાં રાસ કરતાં કરતાં પ્રભુનું મુખ ગંભીર થઈ ગયું. એમની આંખો ધીરે ધીરે અશ્રુથી ભરાવા લાગી. એ જ સમયે રાધાજીની દૃષ્ટિ પ્રભુના મુખારવિંદ ઉપર પડી. શું જોયું? પ્રભુનું ગંભીર મુખારવિંદ અને આંખમાં આંસુ! શ્રીરાધાજી સાથે હોય અને પ્રભુ રાસ કરતા હોય ત્યારે તો એમને ખૂબ આનંદ આવે છે. આજે આમ કેમ? પ્રભુના હૃદયમાં કોઈ પીડા તો નથી થઈ રહીને? ‘પ્રભુ, એક ક્ષણ માટે થોભી જાઓ.’ રાધાજીએ કહ્યું અને રાસ અટકી ગયો.

ગોપીઓ પૂછે છે : ‘પ્યારીજી, શું થયું? રાસ કેમ અટકાવ્યો? જોયું તો પ્રભુ એક ખૂણામાં આંખમાં અશ્રુ સાથે અને ગંભીર મુખારવિંદ સાથે ઊભા છે. એમના મુખ ઉપર અવનવા ભાવ દેખાઈ રહ્યા છે.’

રાધાજી પૂછે છે : ‘પ્રભુ, ગોલોકધામમાં જ્યારે આપનો સર્વ લીલાપરિકર આપની સાથે છે ત્યારે અનાયાસ આપને આ શું થઈ ગયું? આપની આંખોમાં અશ્રુ કેમ?’ સાંભળતા ભગવાન તો નાના બાળકની જેમ જોરજોરથી રડવા લાગ્યા. એ જોઈને રાધાજીની આંખોમાં પણ આંસુ આવી ગયાં. પ્રિયા-પ્રીતમ બંનેની આંખોમાં આંસુ જોઈને ત્યાંનો પૂરો લીલા પરિકર, વૃક્ષો, લતાપતા બધાં જાણે રડવા લાગ્યાં.

‘પ્રભુ, કૃપા કરીને બતાવો કે અમારાથી શું ભૂલ થઈ છે? આપ આટલો વિલાપ કેમ કરો છો?’

‘રાધાજી, આજે મને કોઈકની યાદ આવી રહી છે. એટલી યાદ આવી રહી છે કે મારાથી એ પીડા સહન થતી નથી, તેથી આંખોમાં આંસુ આવી રહ્યાં છે.’

‘કૃપાનાથ, આ ગોલોકધામમાં આપનો પૂરો પરિકર છે, હું પણ અહીં છું, તો પછી એવું કોણ છે કે જેની યાદ આજે આપને સતાવી રહી છે?’

સમીર એમ. નાયર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

‘રાધે, શું બતાવું? કેટલાક જીવ એવા છે જે મારા રાસલીલાના જીવો છે, પરંતુ કોઈને કોઈ અપરાધવશ ભૂતલ ઉપર ગયા છે. એમની આજે મને ખૂબ યાદ આવી રહી છે.’

રાધાજીએ આંખો બંધ કરી. લીલામાંથી જે જીવો ભૂતલ ઉપર ગયા હતા એમનાં દર્શન કર્યાં. જોયું તો જેમને પ્રભુ યાદ કરીને રડી રહ્યા હતા એ જીવો ભૂતલ ઉપર જઈને પ્રભુને ભૂલી ગયા છે. પ્રભુથી બિછડેલા એ જીવોને પ્રભુ નથી ભૂલ્યા, એ જીવો પ્રભુને યાદ નથી કરતા પણ પ્રભુ એમને યાદ કરે છે. આ મારો જીવ છે. રાધાજી વિચારે છે કે એ જીવો તો પ્રભુને ભૂલીને સંસારમાં મન લગાવી બેઠા છે. એમની પાસે પ્રભુને માટે સમય પણ નથી. જ્યારે પ્રભુ આ વાત જાણશે ત્યારે એમને કેવું લાગશે?

જે જીવો માટે પ્રભુ તડપી રહ્યા છે એ લીલાથી અલગ થયેલા જીવોને પ્રભુ પોતાનાં ગોપીજનોને મળે છે એ સુખ આપવા તત્પર છે, જ્યારે એ જીવોના જીવનમાં તો હવે પ્રભુને માટે કોઈ જગ્યા જ નથી રહી. આ વાત પ્રભુ જાણશે ત્યારે એમને કેવી પીડા થશે?

રાધાજી કહે છે : ‘પ્રભુ, આપ ખોટું ન લગાડતા પણ એ જીવો તો આપને ભૂલી ગયા છે. એમણે પોતાનું મન સંસારમાં લગાવી દીધું છે. એ નથી આપને યાદ કરતા કે નથી આપની પાસે ફરી આવવા ઈચ્છતા. આપની આંખમાં જેને માટે અશ્રુ આવ્યા છે એ જીવો પાસે તો આપને યાદ કરવાનો કે આપનું નામ લેવાનો સમય પણ નથી.’

પ્રભુ કહે છે : ‘ગમે તેવો તોય એ મારો જીવ છે. એ ભલે ભૂલ્યો છે પણ એને માટે હું શું કરું એ મને બતાવો. જ્યાં સુધી એને પોતાના સ્વરૂપનું જ્ઞાન નહિ થાય, ત્યાં સુધી મારા સ્વરૂપનું પણ જ્ઞાન નહિ થાય. જો હું એને મારા સ્વરૂપનું જ્ઞાન કરાવવા ઈચ્છું તો મારા સ્વરૂપનું વર્ણન મારા સિવાય કોઈ કરી શકે નહિ.

એ માટે મારે સ્વયં ભૂમિમાં અવતરિત થવું પડશે. પરંતુ એક પ્રશ્ન છે. હું સ્વયં ભૂતલ ઉપર જાઉં તો હું પોતે તો મારા સ્વરૂપના માહાત્મ્યને વર્ણવી ન શકું. હે પ્રિયાજી, આપ મને જાણો છો. મને શું ગમે છે, શું નથી ગમતું, શું પ્રિય છે, શું પ્રિય નથી, શામાં મારું સુખ છે. અને શામાં નથી. હું તો મારી સેવાનો ક્રમ જીવોને બતાવી ન શકું પણ હું આપને વિનંતી કરું છું કે હું ભૂતલ ઉપર સ્વયં શ્રીનાથજી રૂપથી પ્રકટ થાઉં તો આપ શ્રીવલ્લભ સ્વરૂપે પ્રકટ થાઓ. આચાર્ય સ્વરૂપે, ગુરુ સ્વરૂપે પ્રકટ થઈને આપ જ જીવોને મારી ઓળખાણ કરાવો. મારાથી દૂર થયેલા જીવોને મારો પરિચય કરાવી, એમને મારું સુખ, મારો આનંદ શામાં છે તે જણાવો. ગુરુ રૂપથી ભૂતલ ઉપર પધારીને આપ એ જીવોને મારી સાથે જોડી દો. મારાથી બિછુડેલા જીવોને મારી સન્મુખ કરી દો. મારા સુખનો વિચાર આપના સિવાય કોઈ કરી શકશે નહિ.'

અને શ્રીઠાકોરજી શ્રીનાથજીના રૂપમાં પ્રકટ્યા અને શ્રીસ્વામિનીજી શ્રીવલ્લભના રૂપમાં ભૂતલ ઉપર પ્રકટ્યાં. વલ્લભે જ શ્રીનાથજીનું પ્રાકટ્ય શ્રીગિરિરાજજીમાંથી કરાવ્યું અને શ્રીનાથજીની સેવાનો પ્રકાર બતાવ્યો. લીલામાંથી બિછુડેલા જીવોને બ્રહ્મસંબંધ કરાવીને શ્રીઠાકોરજીના ચરણોમાં સોંપ્યા. આમ શ્રીવલ્લભનું સ્વરૂપ શ્રીસ્વામિનીજીનું છે.

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય ક્યાં થયું? ચંપારણ્યમાં. ચંપારણ્ય એટલે શું? ચંપાનું વન. શ્રીમહાપ્રભુજી તુલસીના વનમાં ન પ્રગટ્યા. બીજા કોઈ વનમાં ન પ્રગટ્યા અને પ્રાગટ્ય લીધું તો ક્યાં લીધું? ચંપારણ્યમાં. લક્ષ્મણભટ્ટજી કાશીમાં બિરાજી રહ્યા હતા. તો ત્યાંથી આવતા રસ્તામાં ચંપારણ્યમાં ઈલ્લમાગારુજીને પ્રસવ થયો અને ત્યાં પ્રાગટ્ય થયું. કારણ? ચંપાના પુષ્પમાં એક વિશેષતા છે.

ચંપા તુજમેં તીન ગુન, રૂપ રંગ અરુ વાસ
પર એક અવગુણ ઐસો જો ભ્રમર ન આવે પાસ.

ચંપાના પુષ્પમાં ત્રણ ગુણ છે. સુંદર રૂપ છે, રંગ છે, સુંદર સુગંધ પણ છે. પરંતુ પુષ્પની પૂર્ણતા ત્યારે થાય છે જ્યારે તેના ઉપર ભ્રમર મંડરાવે. કોઈ વાટિકામાં જઈને એના માળીને પૂછો કે આ વાટિકામાં સૌથી સુંદર પુષ્પ કયું છે? તો કહેશે કે જે પુષ્પ ઉપર સૌથી વધારે ભ્રમર ઊડતા હોય તે સૌથી સુંદર પુષ્પ, પરંતુ આ ચંપાના પુષ્પમાં સુગંધ, રંગ, રૂપ બધું હોવા છતાં રસનો લોભી ભ્રમર એની પાસે જતો નથી. જે ભ્રમર દરેક પુષ્પ પાસે જાય છે એ ચંપાના પુષ્પ પાસે કેમ જતો નથી?

ચંપકવર્ણી રાધિકા ઔર ભ્રમર હરિકો દાસ
એ સંબંધકો જાનકે ભ્રમર ન આવે પાસ.

કારણ આપતાં કવિ કહે છે કે ચંપાનો વર્ણ પીત હોય છે. બરોબર એવો જ વર્ણ અમારા શ્રીસ્વામિનીજીનો છે. એ ચંપકવર્ણી રાધિકાના અલૌકિક ભ્રમર, એના રસના ભોક્તા તો અમારા શ્યામસુંદર છે. ભ્રમર તો હરિનો દાસ છે. આ સંબંધનો વિચાર કરી દરેક પુષ્પ પાસે જનાર ભ્રમર ચંપાના પુષ્પ પાસે આવતો નથી.

તેથી જ પોતાનું સ્વામિની સ્વરૂપ પ્રકટ કરવા માટે શ્રીમહાપ્રભુજી પ્રકટ્યા તો ચંપારણ્યમાં પ્રગટ્યા.

આપનું આ સ્વામિની સ્વરૂપ છે, એનું પ્રમાણ શું? ઠાકોરજીની બાલલીલાઓમાંની એક લીલા છે. રાધાજી હંમેશા શ્યામસુંદર સાથે હોળી ખેલવા પધારતાં. પૂરા ગોકુળમાં ચર્ચા થવા લાગી કે શ્યામસુંદર અને રાધાજી વચ્ચે પ્રીત થઈ ગઈ છે. વાત આગળ વધતાં વધતાં વૃષભાનજી અને કીર્તિજી સુધી પહોંચી. એમણે વિચાર્યું કે આવી ચર્ચા આખા ગામમાં થાય એ ઠીક નથી. આપણે ક્યાંતો બંનેનો સંબંધ કરાવી દઈએ અથવા હંમેશ માટે તોડી દઈએ.

કીર્તિજી કહે છે હું મારી દીકરીના વિવાહ આટલી નાની ઉંમરમાં કરવાનું ઈચ્છતી નથી. એવું કંઈક કરીએ કે એ લોકો જ ના પાડી દે. તો પછી કોઈ તકલીફ નહિ રહે.

એમણે એક યુક્તિ કરી. નંદરાણીને કહેવડાવ્યું કે આજે અમે રાધાજીનો પ્રસ્તાવ લઈને આવીએ છીએ.

નંદરાયજી અને યશોદાજી ખૂબ રાજી થયાં. વાહ, આપણો કૃષ્ણ જેને પ્રેમ કરે છે એ રાધાનું માગું લઈને કીર્તિજી અને વૃષભાનજી આવી રહ્યાં છે!

બંને જણ શગુન લઈને આવ્યાં. સગાઈના પ્રસ્તાવ માટે આવ્યાં એટલે નંદભવનમાં પૂરો દરબાર ભરાયો. શ્યામસુંદર પણ બિરાજ્યા છે. સુંદર ગજમોતીની માળા શગુનના સ્વરૂપમાં વૃષભાનજીએ શ્યામસુંદરને પહેરાવી દીધી. કીર્તિજી કહે છે : જુઓ યશોદાજી, આ શગુન તો ત્યારે પૂર્ણ થશે જ્યારે અમે જેવા મોતીની માળા શ્યામસુંદરને પહેરાવી છે એવાં જ મોતીની માળા તમે રાધાને પહેરાવશો.

મૈયા વિચારે છે કે આવાં મોતી તો આપણી પાસે છે નહિ અને આવાં મોતી બજારમાં તો ક્યાંય મળતાં નથી. ક્યાંથી લાવીશું? ચિંતામાં પડી ગયાં. ઉદાસ થઈ ગયાં.

યશોદાજીની પાસે રોહિણીજી બેઠાં હતાં. એ બહુ ચતુર હતાં. યશોદાજી ભોળાં હતાં. રોહિણીજી પૂછે છે : 'આપ ઉદાસ કેમ થઈ ગયાં છો?' 'જોને બહેન, કીર્તિજી પૂરા ગામની સામે શગુન લઈને આવ્યાં, એવાં મોતીની માળા લાવ્યાં કે જેવાં મોતી ક્યાંય મળતાં પણ નથી, એમણે એ માળા કનૈયાને પહેરાવી. હવે કહે છે કે આવાં જ મોતીની માળા તમે રાધાને પહેરાવો તો બંનેનો સંબંધ પાકો થાય. હવે જો ના કહીશું તો ગામમાં મોટી ફજેતી થશે. નંદબાવાની પાસે શું આવાં મોતી પણ નથી? મોટા રાજા કહેવડાવે છે ને! અને જો મોતી નથી એમ કહીશું તો એ લોકો સગાઈની ના પાડી દેશે. બંને બાજુથી તકલીફ છે. શું કરીશું?'

રોહિણીજી કહે છે : ચિંતા ન કરો. હું હમણાં કીર્તિજી સાથે વાત કરું છું. કહે છે : 'કીર્તિજી, આપ શગુન લઈને તો આવ્યાં પણ આપની કન્યા કેવડી છે?'

'સાત વર્ષની.'

'અરે, અમારો કન્હાઈ તો પાંચ વર્ષનો છે. કન્યા મોટી છે એટલે આ જોડી બરોબર જામશે નહિ. એમ કરો, તમે આ શગુનની માળા પાછી લઈ લો.'

'લાવો માળા, ક્યાં છે?'

'માળા પહેરીને તો કનૈયો બહાર ખેલવા જતો રહ્યો છે.' યશોદાએ કહ્યું. બધા કનૈયાને શોધવા નીકળ્યાં. જોયું તો કનૈયો નંદભવનની પાછળ આવેલા બાગમાં જમીનમાં કાંઈક વાવી રહ્યો હતો.

'કનૈયા, શું કરે છે?'

'જમીનમાં બીજ વાવું છું.' કનૈયાએ કહ્યું. પ્રભુને પણ ખેતી કરવાનું મન થયું, તેથી એમણે પોતાની મોતીની માળા તોડી અને બધાં મોતી જમીનમાં વાવી દીધાં.

યશોદાજી કહે છે, 'કનૈયા પેલી માળા પાછી આપી દે.'

'કઈ માળા?'

'જે હમણાં તને કીર્તિજીએ પહેરાવી હતી.'

'અરે એ મોતી તો મેં અહીં જમીનમાં વાવી દીધાં!'

'ક્યાં વાવ્યાં છે, બતાવ.' બધાં કનૈયાની પાછળ ગયાં. જોયું તો ભગવાને જ્યાં મોતી વાવ્યાં હતાં. ત્યાં આખું ખેતર મોતીનાં વૃક્ષોથી ભરેલું હતું. બીજા લોકો તો બીજ વાવે તો મહિનાઓ પછી વૃક્ષ ઉપર ફળ આવે પણ અહીં તો મોતી જ મોતી છે! યશોદાજી અને રોહિણીજી વિચારે છે કે આવાં મોતી આપણે પાસે નથી એમ

માનીને આપણે વિવાહ માટે ના પાડી, પણ જુઓ તો ખરાં, આખું ખેતર મોતીઓથી ભરેલું છે. એકવાર સંબંધ તોડ્યો હવે ફરીથી હા કેવી રીતે કહેવી? યશોદાજી અને રોહિણીજી ચિંતામાં પડી ગયાં.

શ્યામસુંદર કહે છે : 'તમે ચિંતા કરશો નહિ. હું બધું સંભાળી લઈશ.' બધાં નંદભવનમાં ગયાં.

રોહિણીજી કહે છે : 'કીર્તિજી, ભલે કન્યા થોડી મોટી છે. અમારો લાલો થોડો નાનો છે, પણ યશોદાજી કહે છે કે બંનેને એકબીજા માટે આટલો પ્રેમ છે, એકબીજા વગર રહી નથી શકતાં, તો આપણે એ બંનેની વચ્ચે શું કામ આવવું? આમ પણ અમારા ઘરની મર્યાદા છે કે ઘેર આવેલા મહેમાનની કોઈ વાત અમે ટાળતા નથી. તમે જેવી મોતીની માળા કનૈયાને આપી છે એવાં મોતી તમને જોઈતાં હોય તો એમ કરો, બરસાના જઈને થોડાં ગાડાં મોકલજો. અમે એ બધાં ગાડાં ભરીને તમને મોતી મોકલીશું.'

વૃષભાનજી અને કીર્તિજી ચોંક્યાં. 'શું કહો છો? ગાડાં ભરીને મોતી મોકલશો?'

'હા, જરૂર.'

કહેવાય છે કે મોતીની એક માળાને બદલે યશોદાજીએ ગાડાં ભરી ભરીને એટલા મોતી મોકલ્યાં કે વૃષભાનજી વિચારે છે કે આટલાં બધાં મોતીનું હું શું કરું? કારણકે આ તો કન્યાનું દ્રવ્ય છે. એનો ઉપયોગ હું ન કરી શકું. વૃષભાનજીએ એ મોતીનો એક સુંદર મહેલ રાધાજી માટે બનાવ્યો, જેનું નામ મોતીમહેલ આપ્યું. સ્વામિનીજીને રહેવાનું સ્થાન એ મોતી મહેલ અને એટલે જ આજે જ્યાં વલ્લભકુલ બિરાજે છે એ મહેલનું નામ મોતીમહેલ હોય છે. કારણ સ્વામિનીજીને બિરાજવાનું એ સ્થાન છે. નાથદ્વારામાં પણ વલ્લભકુલ મોતીમહેલમાં બિરાજે છે. શ્રીમહાપ્રભુજી સ્વામિનીજીનું સ્વરૂપ હોવાથી વલ્લભકુળને બિરાજવાનું સ્થાન એ મોતીમહેલ છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીરાધાજીના અલૌકિક સ્વરૂપને આપણે કેવી રીતે જાણીએ છીએ એ જોઈએ.

જીવનું બ્રહ્મસંબંધ થાય છે એ કેવી રીતે થાય છે? આપણે જાણીએ છીએ કે જ્યારે શ્રીયમુનાજી કૃપા કરે ત્યારે જીવનું બ્રહ્મસંબંધ થાય છે. શ્રીયમુનાજી આપણી વાત શ્રીઠાકોરજી સુધી પહોંચાડે છે. શ્રીયમુનાજીનો સ્વભાવ એવો છે કે જ્યારે જીવ શ્રીયમુનાજીનું નામ લે છે ત્યારે નિકુંજમાં શ્રીયમુનાજીના મુખથી જીવનું નામ નીકળે છે. જેવું જીવનું નામ નીકળે કે યમુનાજી વ્યાકુળ થઈ જાય કે આ તો એ જીવ છે કે જે પ્રભુને નથી ભૂલ્યો. એનો સંબંધ હું પ્રભુ સાથે કેવી રીતે કરાવું? જે સમયે આપણે અહીં શ્રીયમુનાજીનું નામ લઈએ છીએ ત્યારે યમુનાજીના મુખથી આપણું નામ નીકળે છે, શ્રીયમુનાજી દોડતાં દોડતાં પ્રભુની નિકુંજ પાસે જાય છે. દ્વાર પાસે ઊભાં રહે છે. તે જ સમયે શ્રીસ્વામિનીજી પોતાની નિકુંજમાંથી બહાર પધારીને શ્રીઠાકોરજીની નિકુંજમાં પધારી રહ્યાં હોય ત્યારે શ્રીયમુનાજીના મુખથી નિકળેલું આપણું નામ શ્રીસ્વામિનીજીના કાનમાં પડે, શ્રી સ્વામિનીજી પ્રભુ પાસે જઈને આપણી વાત કરે ત્યારે ભૂતળમાં જીવનું બ્રહ્મસંબંધ થાય છે. આપણે તો માનીએ કે ઈચ્છા થઈ ગઈ અને બ્રહ્મસંબંધ લઈ લીધું. પણ એવું નથી. શ્રીસ્વામિનીજી જ્યારે આપણું નામ સાંભળીને પ્રભુને મનુહાર કરી કરીને મનાવે છે કે પ્રભુ ભલે આ જીવ આપને ભૂલ્યો હતો, આપથી દૂર ગયો હતો પણ હવે એ આપની શરણમાં આવ્યો છે, તો કૃપા કરીને એનું વરણ કરો. કૃપા કરીને એનો ઉદ્ધાર કરો. પ્રભુ આ વાત માને ત્યારે ભૂતલ ઉપર જીવનું બ્રહ્મસંબંધ થાય છે.

જીવ જ્યારે શ્રીયમુનાજીનું નામ લે, તે સમયે શ્રીયમુનાજીના મુખમાં પણ જીવનું નામ આવે અને નામ શ્રીસ્વામિનીજીના કર્ણમાં પડે અને એ નામ સાંભળતાં જ શ્રીસ્વામિનીજી મંદ મંદ મુસકાય તો સમજી લેવું કે જીવને એ જ સમયે પ્રભુની પ્રગટ લીલાનાં દર્શન

થઈ જાય. જો સ્વામિનીજી જીવનું નામ શ્રવણ કરીને ઊભાં રહી જાય અને નેત્રકટાક્ષથી જુએ તો સમજી લો કે એ જીવનો સદેહે ભગવદ્ લીલામાં પ્રવેશ થઈ જાય.

સ્વામિનીજીની કૃપા જ્યારે થાય ત્યારે જીવનો શ્રીઠાકોરજીની લીલામાં પ્રવેશ થાય.

પુષ્ટિજીવોના મનમાં મનોરથ જાગે તો એ પણ શ્રીસ્વામિનીજીની કૃપાથી પૂરા થાય છે.

શ્રીગોકુલનાથજીએ વચનામૃતમાં બહુ સુંદર રીતે બતાવ્યું છે કે જીવોના મનોરથ શ્રીસ્વામિનીજી કેવી રીતે પૂર્ણ કરે છે. બે વસ્તુ હોય છે. એક હોય છે ઈચ્છા અને એક હોય છે મનોરથ. ઈચ્છાઓ આપણે બધા કરીએ છીએ પણ દરેક ઈચ્છા કાંઈ મનોરથ બને છે? નથી બનતી. એમ કહેવાય છે કે ઈચ્છા ત્યારે મનોરથ બને કે જ્યારે જેવી ઈચ્છા પ્રભુને માટે આપણા મનમાં જાગે તેવી જ ઈચ્છા પ્રભુના મનમાં પણ જાગે તો એ મનોરથ બને. શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે જ્યારે આપણા મનમાં કોઈ ઈચ્છા જાગે ત્યારે એ ઈચ્છાને મનોરથ બનાવવાનું કામ શ્રી સ્વામિનીજી કરે છે. શ્રીસ્વામિનીજી વિચારે છે કે જેવી ઈચ્છા આ ભક્તના મનમાં જાગી છે, એવી જ ઈચ્છા હું પ્રભુના હૃદયમાં જગાવું તો એનો મનોરથ પૂર્ણ થશે. તો સ્વામિનીજી શું કરે છે? સ્વામિનીજીના નેત્ર શું છે? શ્રીઠાકોરજીનું હૃદય એક અલૌકિક ખેતર છે. પણ એ એવું ખેતર છે કે જેની ભૂમિ સમતલ નથી. ઊંચી નીચી છે. કોઈના ઉપર જલ્દી કૃપા થઈ જાય, કોઈને વાર લાગે. જો શ્રીઠાકોરજીનું હૃદય ખેતર છે તો શ્રીસ્વામિનીજીનાં નેત્ર હળ છે. ખેતર હળથી જ ખેડાય.

તો શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીના હૃદયમાં મનોરથ કેવી રીતે જગાવે છે? શ્રીસ્વામિનીજી કોઈ જીવના મનમાં જાગેલી ઈચ્છા સૌથી પહેલાં જાણે છે. પછી પોતાના નેત્રકટાક્ષથી શ્રીઠાકોરજી સામે એવી રીતે જુએ છે, જાણે એ જોઈ નથી રહ્યાં પણ પોતાનાં નેત્ર રૂપી હળથી શ્રીઠાકોરજીના હૃદયરૂપી ખેતરને ખેડી રહ્યાં છે. એ ખેતરને ખેડીને રાધાજી શ્રીઠાકોરજીના હૃદયમાં જાણે કે ભક્તના મનમાં જાગેલી ઈચ્છા રૂપી બીજને એમાં રોપી દે છે, ત્યારબાદ મંદ મંદ હાસ્ય કરીને એ બીજને અમૃતનું સિંચન કરે છે. પછી એ બીજ અંકુરિત થાય છે. એમાં ફળ લાગે છે. એ ફળ જ્યારે પ્રભુ આરોગે ત્યારે ભૂતલ ઉપર જીવનો મનોરથ પૂર્ણ થાય છે. આમ પુષ્ટિમાર્ગનું રહસ્ય આપણે ત્યાં શ્રીસ્વામિનીજીની લીલાના પ્રકારના રૂપમાં બતાવવામાં આવ્યું છે.

શ્રીસ્વામિનીજી ૬૪ કલાઓમાં નિપુણ છે. છતાં ખૂબ ભોળાં છે. શ્રીઠાકોરજીની માનલીલાનો પ્રસંગ તો તમે જાણો છો ને? જ્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને કહ્યું કે આજે તમે માન કરો. અને હું આપને મનાવું. આજે મારો આવો મનોરથ છે. તો શ્રીઠાકોરજી માન કરીને બિરાજમાન થઈ ગયા. શ્રીસ્વામિનીજીએ વારંવાર મનાવવાનો પ્રયત્ન કર્યો. નૃત્ય કર્યું, ગાન કર્યું, બંસી બજાવી, છતાં ય ન માન્યા. ત્યારે એમને થોડો ગુસ્સો આવ્યો. શ્રીસ્વામિનીજીને આપણા નીતિશાસ્ત્રમાં ઘણો વિશ્વાસ છે. નીતિશાસ્ત્ર કહે છે કે કોઈને પણ મનાવવા હોય તો ચાર ઉપાય છે. સામ, દામ, દંડ અને ભેદ. જ્યારે શ્રીઠાકોરજી ઘણા ઉપાય કરવા છતાં ન મનાયા ત્યારે શ્રી સ્વામિનીજીએ આમાંથી પહેલા સામનો ઉપયોગ કર્યો. સૌથી પહેલાં શ્રીયમુનાજીને બોલાવ્યા અને વિનંતી કરી કે હે યમુનેજુ, શ્રીઠાકોરજીને જરા સમજાવોને. એમને કહોને કે રાધાજી રડી રહ્યાં છે. એમને ખૂબ દુઃખ થઈ રહ્યું છે. આપના વગર એ જીવી શકે એમ નથી. રહી શકે એમ નથી.

શ્રીયમુનાજી પૂછે છે : 'આવું કહું છતાં ન માને તો?'

'તો પછી એમ કરજો કે આપ કમલની માળા હાથમાં લેજો. શ્રીઠાકોરજીને કમળની માળા ઘણી પ્રિય છે. માળા પહેરાવશો નહિ માત્ર ઊંચી કરીને બતાવજો.' સામથી ન માને તો દામનો ઉપાય

બતાવ્યો. કહ્યું કે માળા બતાવીને પ્રભુને લલચાવજો કે માન છોડી દેશો તો આ કમળની માળા આપને મળશે.

સામ, દામ પછી હવે દંડ. સ્વામિનીજીએ શ્રીયમુનાજીના હાથમાં એક છડી આપી. આપણે ચિત્રમાં જોઈએ છીએ ને કે યમુનાજીના હાથમાં છડી પણ હોય છે. હવે હું તમને એ નહિ કહું કે રાધાજીએ છડીનો ઉપયોગ કરવા માટે શું કહ્યું. ચોથી વસ્તુ ભેદ. રાધાજીએ કહ્યું કે પહેલાં તો શ્રીઠાકોરજીને સમજાવજો. ન માને તો થોડી લાલચ આપજો. તો ય ન માને તો થોડો ભય બતાવજો. અને છતાં ય ન માને તો હું કહું તેમ કરજો. આપ બિલકુલ શ્રીઠાકોરજી જેવો મુગટ-કાછનીનો શૃંગાર ધારણ કરી લેજો. હું મારા હાથેથી તમને એ શૃંગાર ધરાવીશ.

રાધાજીએ એવા જ શૃંગાર ધરાવ્યા. પછી શ્યામસુંદર પાસે જઈને કહ્યું કે આપ હવે અહીં જ બેસી રહો. અમને બીજા શ્યામ સુંદર મળી ગયા છે. આમ આ ચારે પ્રકારથી શ્રીઠાકોરજીને મનાવવાનો પ્રયત્ન કર્યો.

શ્રીયમુનાજીનું સ્વરૂપ જ એવું છે કે શ્રીરાધરાણી સદાય એમને વશ રહે છે અને શ્રીઠાકોરજી રાધેરાણીને વશ રહે છે.

બીજી પણ એક વાત છે. ભગવાને જે જે લીલાઓ કરી છે એ એક એક લીલા શ્રીસ્વામિનીજી પણ કરે છે. આપણને થાય કે ભગવાને તો માખણચોરી કરી, ગોપીઓનાં વસ્ત્રોની ચોરી કરી, ગોપીઓના ચિત્તની ચોરી કરી, શું રાધાજીએ પણ આવી લીલા કરી છે? 'હા, કરી છે.' 'કેવી રીતે?'

શ્રીરાધાજીએ શ્યામસુંદર પાસે આવીને કહ્યું : અરે શ્યામસુંદર હજી તો આપણા વિવાહની વાત થોડી થોડી શરૂ થઈ છે અને આપનું નામ તો વ્રજમાં સર્વત્ર વગોવાઈ રહ્યું છે. મારી મૈયા મને રોજ કહે છે કે, 'અરી રાધા, આખી દુનિયામાં તને કોઈ નહિને આ ચોર મળ્યો

પરણવા માટે? આવા મ્હેણાં મારે રોજ સાંભળવા પડે છે. તમારા ઘરમાં માખણ-મિસરીની શું ખોટ છે કે તમે બીજા ઘરમાં માખણચોરી માટે જાઓ છો?'

પ્રભુ કહે છે : 'રાધાજી, શું કહું? આ ચોરી કરવાનું હું આપની પાસેથી જ શીખ્યો છું.'

'શું કહ્યું? હું ચોરી કરું છું?'

'હા, આપ તો મારા કરતાં પણ મોટાં ચોર છો.'

રાધાજી આ સાંભળીને ખૂબ નારાજ થઈ ગયાં. 'અરે શ્યામસુંદર, મેં વળી ક્યારે ચોરી કરી? શાની ચોરી કરી?'

હવે શ્રીઠાકોરજી રાધાજીને બતાવી રહ્યા છે કે એમણે શાની ચોરી કરી છે, પણ એ રીતે બતાવી રહ્યા છે કે રાધાજી ચોર પણ સાબિત થાય અને એમને ખોટું પણ ન લાગે.

હે શ્રી રાધે ગોરી, કસુંબાકો રંગ ચોર્યો.

આપે કસુંબાનો રંગ ચોર્યો છે એટલે તો આટલાં સુંદર લાગો છો. આપનાં નેત્રોમાં આટલી બધી અરૂણતા છે. રાધાજી થોડા શાંત થયાં.

હે શ્રીરાધા ગોરી, આપને ચંદ્રમાકો વદન ચોર્યો.

એટલા માટે તો આપ આટલા સુંદર ચંદ્રમા જેવાં લાગો છો. આગળ કહે છે : 'કોકિલાકો કંઠ ચોર્યો.' કોયલ પંચમ સૂરમાં મીઠું મીઠું ગાય છે, એ કોયલના કંઠની ચોરી રાધાજી, આપે કરી છે. જે વસ્તુઓ કોઈ ચોરી ન શકે એવી વસ્તુઓ આપે ચોરી છે. 'હંસ કેરી માલા ચોરી.' આપના ગળામાં મોતી ચણનારા હંસને જાણે આપે ગોઠવી દીધા છે. 'ગજકા ગુમાન ચોરા.' ગજરાજને પોતાની ચાલનું બહુ ગુમાન હતું. પણ આપની ગજગતિ ચાલ જોઈને એનું ગુમાન ચાલ્યું ગયું. આમ આપે ગજના અભિમાનની ચોરી પણ કરી છે. 'નાસિકા ચોરી કીરકી.' પોપટને તેની નાસિકાના મરોડ ઉપર બહુ મોહ હોય છે. પોપટનું સૌંદર્ય એની ચાંચના મરોડમાં જ છે. એ

સૌંદર્યનો આનંદ એ લઈ રહ્યો હતો, ત્યાં આપે એ પોપટની નાસિકાનું સૌંદર્ય ચોરી લીધું. પોપટ કરતાં પણ આપની નાસિકા એટલી સુંદર છે. 'મોરકો સ્વરૂપ ચોર્યો ઔર શોભા ચોરી કીરકી.' મોરનું સૌંદર્ય અને પોપટની શોભા ચોરી લીધી. વળી રાધેજુ, મેં તો માત્ર ગોપીઓનું મન ચોર્યું છે પણ આપ તો સૌથી મોટા ચોર એથી છો કે બધાના ઘરમાં ચોરી હું કરું પણ મારા જ મનની ચોરી આપે કરી લીધી છે. હવે કહો, તમારાથી મોટો ચોર દુનિયામાં કોણ હોઈ શકે છે?

પ્રભુએ રાધાજીને સૌથી મોટો ચોર તો કહ્યાં પણ લાગ્યું કે મારા સાસરામાં મારી બદનામી થવા લાગી છે, રાધાજી વારંવાર કહે છે કે શ્યામસુંદર, કોઈ એવું કામ કરો કે જેથી બધાં તમારી બદનામી નહિ પણ થોડા વખાણ પણ કરે. રાધાજીએ બહુ મહેણાં માર્યા એટલે શ્રીઠાકોરજીએ એવી લીલા કરી કે પોતે સાત દિવસ સુધી શ્રીગિરિરાજજીને ઉઠાવી લીધા. જેથી બધા થોડા ગુણગાન પણ ગાય. રાધાજીની નારાજગી પણ થોડી ઓછી થાય.

શ્રીઠાકોરજી કહે છે કે શ્રીરાધાજીના ચરણોમાં જવનું ચિહ્ન છે. એ ચિહ્નમાંથી જ શ્રીગિરિરાજજીનું પ્રાગટ્ય થયું છે. એ જ ગિરિરાજજીને ઠાકોરજીએ પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કર્યા અને કહ્યું, 'જુઓ રાધાજી, મેં આટલા મોટા શ્રીગિરિરાજજીને ઉઠાવી લીધા. એ તો દુનિયાના લોકોને દેખાડવા માટે છે કે ગોવર્ધનને મેં ઉઠાવ્યા છે. ખરેખર તો શ્રીગિરિરાજજીને આપે ઉઠાવ્યા છે. રાધાજીએ એટલા માટે શ્રીગિરિરાજજીને ઉઠાવ્યા કે પ્રભુને શ્રમ ન પડે. આમ જે જે લીલાઓ પ્રભુએ કરી એ બધી લીલાઓ શ્રીરાધાજી કરે છે.'

પ્રભુની આવી બીજી લીલાનાં દર્શન આપણે કરીએ. હોળીખેલની લીલા, રાસલીલા વગેરે થઈ રહી છે. પ્રભુની નૃત્યલીલા, માનલીલાનાં દર્શન પણ આપણે કર્યા. હવે દાનલીલાનાં દર્શન કરીએ. રાધાજીએ માથા ઉપર દહીંની મટુકી રાખીને શ્રીઠાકોરજીને દહીંનું દાન કરી દીધું છે. હવે મથુરા દહીં વેચવા જવાની જરૂરત નથી. પણ જાણીબુઝીને

ગોપીઓ સાથે જાય છે કે જેથી ઠાકોરજી આવે અને ગોપીઓ પાસે દાણ માગે. શ્રીઠાકોરજી આવ્યા અને રાધાજીની પાસે જઈને કહ્યું : 'રાધાજી, મને આપનું ગોરસ જોઈએ છે. શું મને ગોરસ આપશો?'

બધી સખીઓની વચ્ચે ઠાકોરજીએ પૂછ્યું. રાધાજી સમજી ગયાં હતાં કે પ્રભુ શું પૂછી રહ્યા છે, પણ બધી સખીઓ જાણી ન જાય માટે રાધાજી શું કરે છે? એક ખાલી દોના (પડિયો) શ્રીઠાકોરજીના હાથમાં મૂકી દીધો અને ઠાકોરજી પ્રસન્ન થઈને એ લઈને ચાલ્યા ગયા. સખીઓ વિચારે છે કે શ્રી ઠાકોરજીએ ગોરસ માગ્યું અને ખાલી દોના લઈને કેમ ચાલ્યા ગયા? સખાઓ પૂછે છે : કનૈયા, આમાં રાજી થવા જેવું શું છે?

'જુઓ, રાધાજીએ મારા પ્રશ્ન 'ગોરસ આપશો?' ના જવાબમાં આ દોના આપ્યો છે. દોના એટલે બેવાર ના પાડી. બે વાર ના કહેવાનો અર્થ શું થાય? હા. આમ તેમણે હા પાડી એટલે હું રાજી થયો.

આ લીલા જોઈ બ્રહ્માજી વગેરે દેવો પણ વિચારે છે કે જુઓ આ ગોપીઓ કેટલી ભાગ્યશાળી છે, જેમણે પોતાના મનની મટુકીને લૌકિક વિષયોમાંથી કાઢીને વિશુધ્ધ ગોરસ જેવા પ્રેમથી ભરી છે. એ ગોરસ જ્યારે પ્રભુને અર્પણ કરવા આવી ત્યારે પ્રભુ કહે છે કે હે ગોપી, આ તારો શુધ્ધ પ્રેમ, હે રાધા, તારો આ શુધ્ધ પ્રેમ, હું ચાહું છું કે આખી દુનિયા દેખે. આ માત્ર મટુકીમાં ન રહે, આખા બ્રહ્માંડમાં ફેલાય. એટલા માટે પ્રભુ મટુકીને ફોડી દે છે. જો આ મટુકી ફૂટશે તો એ પ્રેમ આખા વિશ્વમાં ફેલાશે. એનાથી લોકોનો પ્રેમ મારા પ્રત્યે વધશે.

હવે આપણો પ્રભુની હોળીલીલાનાં દર્શન કરીએ. ખેલના દિવસો ચાલે છે. હોળીના દિવસોમાં આખા વ્રજમાં એટલો અબીલ ગુલાલ ઉડ્યો કે વ્રજનાં વૃક્ષો, ભૂમિ, ગોપ, ગોપી, આકાશ લાલ લાલ થઈ ગયાં છે. જાણે કે આખું બ્રહ્માંડ લાલ લાલ થઈ ગયું છે.

શ્રીઠાકોરજી પોતાના સખાઓ સાથે અને શ્રીસ્વામિનીજી પોતાની સખીઓ સાથે હોળી ખેલી રહ્યાં છે. સૌ નાચી રહ્યાં છે, ગાઈ રહ્યાં છે, કૂદી રહ્યાં છે. એકબીજા ઉપર રંગ છાંટી રહ્યાં છે. એ સમયે શ્રીસ્વામિનીજીએ બધી સખીઓને કહ્યું : 'ગમે તેમ કરીને શ્રીઠાકોરજીને પકડીને આપણી ટોળીમાં લઈ આવો.'

બધી સખીઓ શ્રીઠાકોરજીને શોધવા માટે નીકળી. જઈને જોયું તો બધા સખાઓ એટલા રંગાયેલા છે, એટલા રંગાયેલા છે કે સખીઓને ખ્યાલ જ ન આવ્યો કે આ બધામાં પોતાના પતિ કોણ છે. બધા ગોપ એટલા રંગાયેલા છે કે કોઈ ઓળખાતું નથી. ગોપીઓ વિચારે છે કે રાધાજીએ શ્યામસુંદરને પકડી લાવવા કહ્યું છે પણ અહીં એ સાંવરાને ઓળખવો કેવી રીતે? અહીં તો બધા લાલ-લાલ જ દેખાય છે.

એ દિવસે મધુમંગલે ખૂબ ભાંગ પી લીધી હતી. ભાંગના નશામાં એ જેવો ટોળીની બહાર નીકળ્યો કે ગોપીઓને એને પકડ્યો. સીધો પોતાની ટોળીમાં લઈ ગઈ. ગોપીઓને લાગ્યું કે તેમણે કનૈયાને પકડી લીધો છે. રાધાજીને થયું કે શ્રીઠાકોરજીનું સ્વાસ્થ્ય આટલું તંદુરસ્ત કેવી રીતે થઈ ગયું? ગોપીઓ કહે છે જુઓ અમે શ્યામસુંદરને લઈ આવ્યાં, શ્યામસુંદરને લઈ આવ્યાં, પણ થોડીવારમાં ખ્યાલ આવી ગયો કે આ તો શ્યામસુંદર નથી પણ મધુમંગલ છે.

રાધાજી પૂછે છે : 'અરે તમે આને કેમ લઈ આવ્યાં?' સખીઓ કહે છે, 'કોઈ વાંધો નથી. શ્યામસુંદર નહિ તો એમનો ચેલો. એના ઉપર આજે બધી કસર કાઢીએ. એણે પણ આપણા ઘરમાં ઘણાં દહીં-માખણ ચોરીચોરીને ખાધાં છે. ઘી ખાધું છે.'

'એમ! એણે બહુ ઘી ખાધું છે? ચાલો તો એમ કરો, એને આજે ઘીથી નવડાવો.' રાધાજીએ કહ્યું.

સખીઓ દોડતી ગઈ અને ઘીનાં માટલાં લઈ આવી. રાધાજીએ અને બધી સખીઓએ એના ઉપર ઘી રેડવા માંડ્યું. મધુમંગલ બૂમો પાડે છે : 'અરે કનૈયા બચાવો, અરે કનૈયા બચાવો. દેખો યે મોકો ઘી પીલા રહી હૈ.'

શ્યામસુંદર કહે છે, 'અરે મધુમંગલ, મફતમાં પીવડાવે છે, તો પી લે.' બધાંએ મળીને મધુમંગલને ઘીથી પૂરેપૂરો નવડાવી દીધો. રાધાજીએ હવે કાજળ મગાવ્યું. એના આખા ચહેરા ઉપર કાજળ લગાવી દીધું. હવે થોડું કુમકુમ લાવો. કુમકુમ મગાવીને મધુમંગલની આંખો ઉપર, કપાળમાં બધે લગાવી દીધું.

'હવે આનું શું કરીશું?'

'એમ કરો, થોડા ઝાડુ લઈ આવો.' સખીઓ ઝાડુ લઈ આવી. જેમ મોર પંખ ફેલાવીને કળા કરે એ રીતે મધુમંગલની પાછળ બધા ઝાડુ ફેલાવીને બાંધી દીધા! 'હવે એના ગળામાં જોડાનો હાર પહેરાવો.' હાર પહેરાવીને મધુમંગલને નચાવ્યો. બધાંએ ભેગાં મળીને મધુમંગલની એવી દશા કરી કે એ કંટાળ્યો. વિચારે છે કે આ બધું ક્યારે અટકશે? શું કરવું? એણે યુક્તિ કરી. સખીઓને કહે છે કે, 'તમારે શ્યામસુંદર જોઈએ છે ને? જો તમે મને છોડો તો હું તમારી ટોળીમાં શ્યામસુંદરને લઈ આવું.'

શ્રીસ્વામિનીજી કહે છે : 'નક્કી તું લઈ આવીશ શ્યામસુંદરને?' મધુમંગલ કહે છે : 'ચોક્કસ.'

'જો તું ખરેખર લઈ આવીશ તો તને મુક્ત તો કરીશું પણ ઉપરથી પુષ્કળ મેવા-મીઠાઈ પણ આપીશું.'

'અચ્છા, તો સમજો કે તમારું કામ થઈ ગયું.' સખીઓએ મધુમંગલને છોડ્યો. દોડતો દોડતો એ પોતાની ટોળીમાં ગયો. કહે છે : કનૈયા, જો સાંભળ. ગજબ થઈ ગયો છે. રાધાજી અને એમની સખીઓએ એક મોટું ષડયંત્ર રચ્યું છે. ગમે તેમ કરીને તને પકડીને લઈ જવાનાં છે. તારા માટે આજે મોટો ખતરો છે. માટે ચાલ, હું તને એવી જગ્યાએ લઈ જાઉં કે જ્યાં તને કોઈ શોધી ન શકે. તને કોઈ પરેશાન ન કરી શકે.

કૃષ્ણ ડરી ગયા. 'મારા ઉપર ખતરો છે? શું કરીશું?'

મધુમંગલ નીચે બેસી ગયો. કહે છે : તું મારા ખભા ઉપર બેસી જા. હું તને કોઈ સારી જગ્યાએ લઈ જઈશ.

કૃષ્ણ એના ખભા ઉપર બેસી ગયા. મધુમંગલે એમના બંને પગ પકડી લીધા અને ઊભો થઈને. દોડવા લાગ્યો.સારી સલામત જગ્યાએ લઈ જવાને બદલે રાધાજીની ટોળી તરફ ભાગ્યો. કનૈયો પૂછે છે : 'અરે મધુમંગલ, તું મને ક્યાં લઈ જાય છે? આમ ક્યાં જાય છે?'

'મહારાજ, પહેલાં મેં ઘી પીધું, હવે તમારો વારો છે.' ભગવાન કહે છે, 'અરે, ત્યાં ન જા, ન જા.' પણ મધુમંગલ તો દોડ્યો અને રાધાજી અને સખીઓની વચ્ચે શ્યામસુંદરને પધરાવી દીધા.

સખીઓએ પ્રભુને પકડી લીધા. 'અરે, મધુમંગલ આ તેં શું કર્યું? મારી સાથે છળ કર્યું?' શ્યામસુંદર બૂમો પાડતા રહ્યા.

'અરે કનૈયા, મેં તો એ જ કર્યું છે જે તને ગમતું હતું.' કહેતાં મધુમંગલ તો ભાગી ગયો.

શ્રીસ્વામિનીજી ઠાકોરજીની સામે આવી ગયાં. આવતાંની સાથે શું કર્યું? શ્રીઠાકોરજીની મુરલી લઈ લીધી,

કોઈ સેનાપતિ પકડાઈ જાય તો દુશ્મન રાજા શું કરે? તેના હથિયાર છીનવી લે. એમ શ્રીસ્વામિનીજીએ પ્રભુની મુરલી છીનવી લીધી. 'હવે શું કરીશું?' સખીઓ પૂછે છે.

'આજે ઘણા દિવસ પછી શ્યામસુંદર આપણા હાથમાં આવ્યા છે. તો પૂરી કસર કાઢી લઈએ.' રાધાજીએ કહ્યું.

શ્યામસુંદરને બરોબર પકડી લીધા. આજે ઘણી મહેનતે હોળીના દિવસોમાં અમારા હાથમાં આવ્યા છો. આજે આખા વરસની કસર કાઢીશું. સખીઓને કહે છે : 'એમ કરો, ઘાઘરા-ચોલી-ઓઢની લઈ આવો.' 'કોના માટે?' 'અરે, શ્યામસુંદર માટે, બીજા કોના માટે?'

સખીઓ જેવી લઈને આવી કે રાધાજી કહે છે : 'એમના પીતાંબરને બદલે આ પહેરાવી દો.'

'અરે આ હું નહિ પહેરું, નહિ પહેરું.' શ્યામસુંદર ના પાડતા રહ્યાને સખીઓએ તો ઘાઘરો-ચોળી પહેરાવી ઉપર ઓઢણી ઓઢાડી દીધી. ઠાકોરજી ખૂબ શરમાયા પણ શું કરે? સખીઓ નીચે બેસી ગઈ. પ્રભુના બંને હાથમાં મેંદી લગાવી દીધી. પગમાં અળતો લગાવ્યો. કોઈએ માથા ઉપર ટીકો લગાવ્યો. આંખોમાં કાજળ લગાવ્યું. કોઈએ મુખારવિંદ ઉપર સુંદર કમળપત્ર કર્યા. કોઈએ ગળામાં હાર પહેરાવી દીધા. એક એક ગોપીએ શ્રીઠાકોરજીના એવા સુંદર શૃંગાર કર્યા કે જાણે નવેલી નાર બનાવી દીધી. શ્રીઠાકોરજી તો શરમાઈને ઘૂંઘટ તાણીને બેસી જ ગયા. ક્યાંક મારી મૈયા કે મારા વડીલો મને જોઈ ન જાય!

જ્યારે સખીઓએ ષોડશ શૃંગાર કરી લીધા તો શ્રીસ્વામિનીજી આવ્યાં. આવીને શ્રીઠાકોરજીનું મુખારવિંદ જોઈને પ્રસન્ન થયાં. ઓવારણાં લીધાં. કહે છે : 'શ્યામસુંદર, આપનાં સૌંદર્યને જોઈને સમગ્ર જગતની સ્ત્રીઓ મોહિત થઈ જાય છે પણ આજના આપના આ મોહિની સ્વરૂપનાં દર્શન કરીને તો બધા પુરુષો પણ મોહિત થઈ જશે. આજે આપનું એટલું સુંદર સ્વરૂપ બન્યું છે.'

સખીઓએ વિચાર્યું કે આજે તો કોઈ નવી લીલા કરીએ. રાધાજીને અંદર લઈ ગઈ અને રાધાજીને શ્યામસુંદરનાં વસ્ત્ર-શૃંગાર ધરાવી દીધાં. પછી એમને શ્રીઠાકોરજી પાસે લાવીને શ્રીઠાકોરજીની બાજુમાં બિરાજમાન કર્યા.

સખીઓ કહે છે : 'વાહ, આજે શું સુંદર જોડી બની છે. ગોરે શ્યામસુંદર ઔર સાંવરી રાધા! ચાલો આજે બંનેના વિવાહ કરી દઈએ.'

અગ્નિ પ્રગટાવો. ગોરે શ્યામસુંદર અને સાંવરી રાધાને ફેરા ફરાવવા માંડ્યા. ગોરે શ્યામસુંદર આગળ આગળ ચાલી રહ્યા છે.

પાછળ સાંવરી રાધા છે. સાંવરી રાધા ઘૂંઘટ ઉઠાવીને જોઈ રહી છેઃ કોઈ મને જોઈ તો નથી રહ્યું ને! ફેરા ફરાઈ રહ્યા. બંને સ્વરૂપો બિરાજમાન થયાં. એટલામાં એક સખી ત્યાં આવી. કહે છે : 'સખીઓ તમે બધાં હોળી ખેલી રહ્યાં છો. આ નવી સખી કોણ છે? હોળીખેલના દિવસોમાં પણ ઘુંઘટ કાઢીને બેઠી છે. ઘૂંઘટ ઉઠાવતી જ નથી.'

'અરે, તું જાણતી નથી? આ નવી સખી છે. એનું નામ શ્યામા છે. નવી નવી પરણીને આવી છે એટલે શરમાય છે.' રાધાજીએ કહ્યું.

'આપણા વ્રજમાં તો રિવાજ છે કે નવી પરણેલી વહુ આવી હોય અને પહેલી હોળી હોય તો એણે બધાની સામે નાચવું પડે છે. તો નાચતી કેમ નથી?'

'મને નાચતાં નથી આવડતું.' શ્યામસુંદર બોલી ઊઠ્યા.

'અરે, અમે જોઈએ છે કે તું નાચતી કેમ નથી. રીવાજ પ્રમાણે તારે આજે નાચવું તો પડશે જ કારણ નવી પરણીને આવી છે.'

'પણ મને નાચતા જ નથી આવડતું.'

'અમારી પ્યારીજી રાધાજી દરેક કલામાં નિપુણ છે. એમ કરો. એમની ચેલી બની જાઓ. એક શ્રીફળ લઈ લો. પ્યારીજીના ચરણોમાં ધરીને એમને વિનંતી કરો કે મને આપની ચેલી બનાવી લો.' સખીઓએ ઉપાય બતાવ્યો.

એક શ્રીફળ લઈ, ઉપર એક રૂપિયો ધરી ઠાકોરજીએ રાધાજીના ચરણમાં ધરી પોતાને ચેલી બનાવવા વિનંતી કરી. સ્વામિનીજી કહે છે : 'થોડા નાચકે દિખાઓ.' શ્યામસુંદર થોડા પગ ઉપર નીચે કરવા લાગ્યા. 'શ્યામસુંદર, આવું નહિ ચાલે. જરા ઠુમકા તો લગાવો.' 'મને એવું જ આવડે.' બે સખીઓ આવી. શ્યામસુંદરનો એક હસ્ત

એમના માથે મૂકાવ્યો અને બીજો કમર ઉપર મૂકાવ્યો. કહે છે. 'હવે ઠુમકા લગાવો.'

ઠાકોરજી ઠુમકા લગાવવા આનાકાની કરવા લાગ્યા ત્યાં શ્રીસ્વામિનીજી છડી લઈને આવ્યા. છડી બતાવે એટલે ઠાકોરજી ઠુમકા લગાવે. એટલામાં ત્યાં યશોદામૈયા આવી ગયાં. કનૈયાને નાચતો જોઈ પૂછે છે : 'સખીઓ, આ કોણ છે જે આટલું સરસ નાચી રહી છે?'

'મૈયા આપ એને સારી રીતે જાણો છો.'

'કોણ છે?'

'આપ જ ઘૂંઘટ ઊઠાવીને જોઈ લો.' યશોદામૈયાએ ઘૂમટો ઉઠાવ્યો તો પોતાનો જ લાલો! 'અરે, લાલા, તને વળી આ શોખ ક્યાંથી લાગ્યો?'

'મૈયા, શું કહું, રાધારાનીની સખીઓ મને પકડીને લઈ આવી છે.'

રાધારાની કહે છે : મૈયા આજે હોળીનો દિવસ છે. ફગવા લીધા વિના અને શ્યામસુંદરને છોડીશું નહિ. ફગવા મળશે પછી જ અમે એમને જવા દઈશું.'

યશોદામૈયાએ મનભરીને મેવા-મીઠાઈ મગાવ્યાં. બધાંને આપ્યાં. ફગવા લઈને શ્યામસુંદરને છોડ્યા. શ્યામસુંદરે છૂટતાંની સાથે કૂંડા ભરી ભરીને રંગ લીધો અને બધી ગોપીઓ ઉપર બરોબર છાંટ્યો. રાધારાનીના મસ્તક ઉપર તો રંગનો આખો ઘડો ઠાલવી દીધો અને ત્યાંથી ભાગ્યા.

સખીઓ ગાય છે :

ડાર ગયો ડાર ગયો ડાર ગયો રી રંગ બાંકો સાંવરિયા.
હો ડાર ગયો, ડાંર ગયો, ડાર ગયો રી રંગ બાંકો સાંવરિયા.

યુગલ સ્વરૂપની હોળી લીલાનું દર્શન આપણે કર્યું.

રાધાજીના અલગ અલગ સ્વરૂપોનાં દર્શન અને ચર્ચા આપણે કરી રહ્યાં છીએ.

એક શ્લોકમાં રાધાજીના સ્વરૂપનું વર્ણન કરતાં કહેવાયું છે કે રાધાજી કોણ છે. શું કરે છે.

પહેલાં કહે છે. દેવી કૃષ્ણમયી પ્રોક્તા રાધિકા. અહીં કહ્યું કે દેવી કૃષ્ણમયી. દેવી શબ્દનો પ્રયોગ કરીને કહે છે કે કૃષ્ણની લીલાસ્થલી અને કૃષ્ણની લીલાનો આધાર કોઈ છે તો એ રાધા છે. આ અર્થમાં રાધાને દેવી કહેવામાં આવ્યાં છે. કૃષ્ણમયી કહીને બતાવ્યું કે તમે કૃષ્ણથી સર્વથા અભિન્ન છો.

રાધાજીના સ્વરૂપમાં એક એવું ગજબ આકર્ષણ છે કે કોઈ રાધાજીના સ્વરૂપનું ચિંતન કરે, સ્મરણ કરે તો સ્વયં રાધારૂપ બની જાય. આ વાત રાધાજીએ જાણી અને પોતાના પ્રિયતમને વિનંતી કરી : 'પ્યારી પ્રિયતમસોં લિખ્યો, મત્ત ધરિયો મમ ધ્યાન.' હે પ્રિયતમ, હે શ્યામસુંદર જો તમને મારી યાદ આવે તો પણ કૃપા કરીને મારું વધારે ચિંતન ન કરશો. મારું વધારે સ્મરણ ન કરશો.

પ્રભુ પૂછે છે : 'કેમ?'

'તુમ મોસે હો જાઓગે, કરિયો કોપે માન?' જો મારું ચિંતન કરતાં કરતાં આપ સ્વયં રાધા બની જશો તો હું કોનાથી માન કરીશ? અને કોણ આવીને મને મનાવશે?

'કોણ મારા ચરણોમાં પડીને, કોણ મારા ચરણોમાં મસ્તક રાખીને મારું માન છોડાવશે?'

શ્રીશ્યામસુંદર કહે છે : 'રાધેજુ, ચિંતા મત કરિયો. યદિ મૈં આપકા સ્મરણ-ચિંતન કરતે કરતે રાધા બન જાઉંગા, તો આપ મેરા સ્મરણ કરતે કરતે સ્વયં કૃષ્ણ બન જાઓગે. ભલે સાંવરી રાધા ઔર ગોરે શ્યામસુંદર રહેંગે, લેકિન જોડી તો અપની અખંડ રહેગી.'

કારણકે જેના રોમ રોમમાં કૃષ્ણ છે, જેના સ્મરણમાં કૃષ્ણ છે, જે સ્વયં કૃષ્ણથી અભિન્ન છે, એ જ તો રાધા છે.

શ્યામા શ્યામ પોકારતી ઔર શ્યામ રટતે શ્યામા,
આજ અચંબો દેખ સખી યુગલ કહત હૈ શ્યામ.

એક સખી કહે છે કે હું જ્યારે શ્યામસુંદર પાસે જાઉં છું ત્યારે તેઓ હે શ્યામા, હે શ્યામા, એમ પોકારતા હોય છે. અને જ્યારે પણ હું રાધા પાસે જાઉં છું ત્યારે તેઓ હે શ્યામ, હે શ્યામ કરતાં હોય, પણ આજે મેં એક વિપરીત દશ્ય જોયું.

'શું જોયું?'

નિત્ય તો બંને એકબીજાને પોકારતા પણ આજે રાધાજી પોતાને જ પોકારી રહ્યાં છે. હે રાધે, હે રાધે અને બીજી બાજુ શ્યામજી બિરાજીને હે શ્યામ, હે શ્યામ એમ પોકારી રહ્યા છે.

ગોપી આશ્ચર્યમાં પડી ગઈ. આજે આવું વિપરીત કેમ દેખાય છે?

બીજી સખીએ સમજાવ્યું : 'આજે તું જે રાધાને રાધે રાધે રટતાં જોઈ રહી છે એ રાધા નથી પણ શ્યામસુંદર સ્વયં છે. તેઓ રાધાનું ચિંતન કરતાં કરતાં રાધારૂપ થઈ ગયા છે અને હે રાધે, હે રાધે એમ બોલે છે અને તું જે શ્યામને હે સાંવરે હે સાંવરે બોલતા જોઈ રહી છે. એ શ્યામસુંદર નથી. શ્યામનું ચિંતન કરતાં કરતાં સ્વયં રાધાજી જ શ્યામસુંદર બની ગયાં છે અને હે સાંવરે હે સાંવરે કહી રહ્યા છે.'

આવું શાથી છે? રાધાજીને કૃષ્ણ પ્રત્યે અદ્‌ભુત પ્રેમ છે. એટલે કહ્યું દેવી કૃષ્ણમયી રાધિકા.

રાધિકા એટલે કોણ? જે પોતાના તન, મન, ઈન્દ્રિયો વગેરે સર્વથી કૃષ્ણની આરાધિકા છે. એ જ રાધિકા છે. જે કૃષ્ણની

આરાધના કરે એ રાધા અને કૃષ્ણ જેની આરાધના કરે એ પણ રાધા. આપણા શ્યામસુંદર પણ રાધાજીની આરાધના કરે છે.

એક દિવસ એક સંત બરસાના ગયા. કોઈને રાધે – રાધે બોલતા જોઈને પૂછ્યું : 'અરે, તમે કૃષ્ણ કૃષ્ણ કેમ નથી બોલતા? રાધે રાધે કેમ બોલો છો?'

ત્યારે એણે કહ્યું : 'અરે, તુમ્હારો કૃષ્ણ તો હમારી રાધાજીકી ખવાસી કરે હૈ.' 'કૃષ્ણ તો રાધાની આરાધના કરે છે. જેની આરાધના ભગવાન પોતે કરે છે એ જ તો રાધા છે. તેથી જ ભગવાન સ્વયં કહે છે. –

રાધે રાધે મન બોલે, મનમેં અમૃતરસ ઘોલે
તૂ હી મેરી આરાધના, પ્રેમમયી હૈ તુ સાધના

કૃષ્ણ કહે છે કે રાધે રાધે મન બોલે – મનમેં અમૃતરસ ઘોલે – જેમ મીસરી પધરાવેલું દૂધ પીએ પણ મીસરી ઓગળી ન હોય ત્યારે દૂધ ફીકું લાગે પણ જેમ જેમ મીસરીનો રસ દૂધમાં ભળતો રહે તેમ દૂધ મીઠું થતું જાય તેમ જેમ જેમ હું મારા મુખથી રાધે રાધે બોલું ત્યારે લાગે છે કે મારા મનમાં, મારા રોમરોમમાં કોઈ અમૃતરસ ઘોળાય છે, એવી મધુરતા મારા મનમાં આવે છે. જાણે એ રાધા મારા રોમરોમમાં વસી રહી છે.

આમ રાધિકા એ કૃષ્ણની આરાધિકા છે અને કૃષ્ણ જેની આરાધના કરે છે એ રાધિકા છે. સમસ્ત બ્રહ્માંડના દેવતા જેની આરાધના કરે એ કૃષ્ણ છે. સમસ્ત લક્ષ્મીજીઓની જે અધિષ્ઠાત્રી છે એ રાધા છે. સર્વની મૂળરૂપા રાધા છે. જે કૃષ્ણની સમસ્ત ઈચ્છાઓની સાકાર મૂર્તિ છે એ રાધા છે. રાધા સંમોહિની છે. સંમોહિની એટલે અનંત મનમોહન, સર્વના મનમોહન, સ્વજન મોહન એવા પ્રભુના મનને પણ મોહિ લેનારી એ સંમોહિની છે. પરા છે. જે કૃષ્ણની પણ પરમ આરાધ્યા છે એ પરા.

આમ રોહિણીજી પટરાણીઓને એક એક પ્રસંગ સંભળાવી રહ્યાં છે. પટરાણીઓ સાંભળીને ધન્ય બની રહી છે. રાધાના એક એક અલગ અલગ પહેલુને જાણીને આશ્ચર્યચકિત થઈ રહી છે. આ સમયે કૃષ્ણ-બળદેવ સભામાં બિરાજમાન હતા. અહીં રોહિણીજીએ જેવાં રાધાજીનાં ગુણગાન શરૂ કર્યા અને રાધા-રાધા નામનો ધ્વનિ સંભળાયો કે દરબારમાં બિરાજેલા પ્રભુ વિવશ થઈ ગયા. વિચારવા લાગ્યા કે મને કોઈ શક્તિ પોતાની તરફ ખેંચી રહી છે. કોઈ મને બોલાવી રહ્યું છે. દાઉજીનો હાથ પકડીને પૂછે છે : 'ભૈયા, યે મુઝે ક્યા હો રહા હૈ?'

આખી સભા ભરાયેલી છે. સૌ રાજકાજની ચર્ચા કરી રહ્યા છે. પણ ભગવાન તો જાણે ક્યાંક ખોવાઈ ગયા છે. આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. લાગે છે કે આજે મારી રાધાનું નામ કોઈ લઈ રહ્યું છે. મને રાધાના નામનો ધ્વનિ સંભળાઈ રહ્યો છે. દાઉજી કહે છે : 'ભૈયા, અપને આપકો સંભાલો.'

પણ રાધા-રાધા ધ્વનિ સાંભળતા જેમ કોઈ પતંગને દોરી ખેંચે અને પતંગ દોરી ખેંચવાવાળા પાસે ચાલ્યો જાય એમ વિવશ થઈને ભગવાન એ પૂરી ભરેલી સભામાંથી દોડતા દોડતા જ્યાં રાધાજીનાં ગુણગાન થઈ રહ્યાં હતાં એ તરફ પહોંચી ગયા. એમની અવસ્થા જોઈને દાઉજીથી પણ રહેવાયું નહિ. એ પણ ભગવાનની પાછળ પાછળ દોડ્યા. જ્યાં રોહિણીજી રાધાજીના ગુણગાન બધી રાણીઓ સમક્ષ કરી રહ્યાં હતાં ત્યાં, સુભદ્રાજીને બહાર પહેરો ભરવા બેસાડ્યાં હતાં. જેથી કૃષ્ણ અંદર આવી ન જાય અને રોહિણીજીને રાધાજી વિશે કહેતાં સંકોચ ન થાય.

જેવા પ્રભુ પધાર્યા કે સુભદ્રાજીએ તેમને રોક્યા – 'પ્રભુ, તમને અંદર જવાની અનુમતિ નથી.'

'અરે સુભદ્રા, જ્યાં મારી રાધાનું નામ લેવાઈ રહ્યું છે, એનાં ગુણગાન થઈ રહ્યાં છે, ત્યાં કૃપા કરીને મને જવા દો. હું રાધાનું નામ સાંભળ્યા વગર રહી નથી શકતો.'

'મને આદેશ છે કે મારે તમને અંદર ન જવા દેવા.' આ સાંભળતા પ્રભુને એટલો તાપ થયો કે તેઓ એ વિયોગને સહન ન કરી શક્યા. પ્રભુનું શ્રીઅંગ પીગળવા લાગ્યું. જાણે કોઈ લાકડાના ઢાંચામાં ઢળવા લાગ્યા. બંને ભાઈઓની આ દશા જોઈને સુભદ્રાજી પણ રહી ન શક્યાં. તેમનો દેહ પણ પીગળવા લાગ્યો. નારદજી આ જોઈ ગયા. તેમણે વિચાર્યું કે આ કેવો અનર્થ થઈ રહ્યો છે! દોડ્યા. રોહિણીજીને વિનંતી કરી : 'આપ આ ગુણગાન બંધ કરો. રાધાનું નામ લેવાનું બંધ કરો. જુઓ, પ્રભુની શું દશા થઈ રહી છે!'

જેવું રોહિણીજીએ રાધાનું નામ લેવાનું બંધ કર્યું. પ્રભુનું સ્વરૂપ ઓગળવાનું બંધ થયું. જે કાષ્ટનું સ્વરૂપ સિધ્ધ થયું હતું એમાં હસ્ત બનવાના બાકી હતા. હસ્ત વગરનું એ સ્વરૂપ જગન્નાથજી નામે પ્રસિધ્ધ થયું. રોહિણીજીએ કથા અધૂરી રાખી દીધી. રાધા નામ સંભળાતું બંધ થયું. ભગવાન, દાઉજી અને સુભદ્રાજીના શ્રીઅંગ પીગળતા બંધ થયા. રોહિણીજીએ આવીને તેમને રોક્યાં અને શાંત કર્યાં. ભગવાન સ્વસ્થ થયા. બધી પટરાણીઓ મળીને ભગવાન પાસે આવી. કહેવા લાગી : 'પ્રભુ, આજે અમે આપની આરાધ્યા રાધાનાં ગુણગાન સાંભળ્યા. હવે અમે એકવાર રાધાનાં દર્શન કરવા ઈચ્છીએ છીએ. અમને એક ક્ષણ માટે આપની રાધાનાં દર્શન અમારી આંખોથી કરવાની ઈચ્છા છે.'

પ્રભુ કહે છે : તમે રાધાનાં ગુણગાન સાંભળ્યાં છે. તમને રાધાનાં દર્શન જરૂર થશે. સૂર્યગ્રહણ થવાનું છે ત્યારે સિધ્ધાશ્રમમાં મેં નિમંત્રણ મોકલ્યું છે. રાધાજી, બધાં ગોપીજનો નંદ-યશોદા બધાં ત્યાં સ્નાન કરવા આવવાનાં છે. તે સમયે તમે બધાં ત્યાં જજો. તમારી મુલાકાત મારી રાધા સાથે થશે. ત્યાં તમે જોજો કે મારી રાધા કેવી છે. ત્યાં તમે તેને મારા વિશે પૂછજો.

પટરાણીઓ રાધાજી વિશે જાણવા, એને જોવા ઘણી આતુર હતી. જેનું આટલું વર્ણન સાંભળ્યું એ કેવી હશે એ જાણવા લાલાયિત

હતી. પ્રભુએ કહ્યું : 'રુક્મિણીજી, ત્યાં જઈને એની સાથે વાત કરજો. કોઈ પ્રસંગો પૂછજો. જ્યારે આપ રાધાજીને મળો ત્યારે દૂધ ગરમ કરીને એને જરૂર આરોગાવજો.'

ઠાકોરજી સ્વયં ન પધાર્યા પણ બધી પટરાણીઓ સિધ્ધાશ્રમમાં ગઈ. જેને વિશે આટલું આટલું શ્રવણ કર્યું એ રાધાજી કેવાં હશે એ વાતનું ચિંતન કરી રહ્યાં હતાં. ત્યાં કેટલીક ગોપીઓ આવતી દેખાઈ. એમનું સ્વરૂપ એવું હતું કે જેમનું સૌંદર્ય જોઈને સમગ્ર બ્રહ્માંડ પણ લજ્જિત થઈ જાય. પટરાણીઓને થયું કે શું આ રાધા છે? ના, ના, આ તો રાધાજીની દાસીઓ છે.

'અરે, જેમની દાસીઓ આટલી સૌંદર્યવાન છે, એ રાધાજી સ્વયં કેવી હશે?' બધી પટરાણીઓ ચકિત થઈને રાધાજીની રાહ જોઈ રહી છે. રાધાજી ધીરે ધીરે પધાર્યાં. એમનું એવું તેજ, એવું તેજ કે દર્શન કરતાં પટરાણીઓનાં નેત્રો બંધ થઈ ગયા. તેઓ રાધાજીનું તેજ ઝીલી ન શકી. એટલું જ નહિ પણ રાધાજીના રોમરોમમાં એમને કૃષ્ણનાં સાક્ષાત દર્શન થયાં.

જ્યારે રાધાજીની સાથે પટરાણીઓનું મિલન થયું, બધી પટરાણીઓ રાધાજીના ચરણોમાં બેસીને કહેવા લાગી કે રાધાજી કૃપા કરીને બતાવો કે આપે અમારા પતિને એવો કેવો પ્રેમ કર્યો છે કે તેઓ અમારી સાથે આટલાં વર્ષો રહેવા છતાં આપને ભૂલી નથી શક્યા? આપે પ્રભુની કેવી સેવા કરી, એ અમને કાંઈક તો બતાવો.

રાધાજી કહે છે, 'જુઓ એમનું સુખ, એમની સેવા, એમનો આનંદ તો આપના સિવાય કોણ કહી શકે?'

રુક્મિણીજી કહે છે : 'અમે બીજું તો કાંઈ કહી નહિ શકીએ પણ આપને દૂધ આરોગાવવા ઈચ્છીએ છીએ.' એમણે રાધાજીને દૂધ આરોગાવ્યું. પછી કહે છે કે આપ જેવો રાસ વૃંદાવનમાં કરતાં હતાં એવો રાસ અમને અહીં કરવાનો મનોરથ છે.

રાધાજીએ બધી પટરાણીઓ સાથે રાસ કર્યો. એવો અદ્ભુત રાસ થયો કે રુક્મિણીજી વગેરે પટરાણીઓ કહેવા લાગી કે આપે વૃંદાવનમાં પ્રભુની સાથે અનેકવાર રાસ કર્યો હશે, પણ આજનો રાસ સૌથી શ્રેષ્ઠ રાસ હશે.

કહેવાય છે કે તે સમયે રાધાજીએ વૃંદાવનના રાસનું વર્ણન કર્યું ત્યારે લાગ્યું કે આજનો રાસ તો એની સામે સૂરજની સામે સૂરજના માત્ર એક કિરણ જેવો હતો. વૃંદાવનના રાસની બરાબરી તો કોઈ ન કરી શકે. બધી રાણીઓની આંખો ભરાઈ આવી. જ્યારે પાછા મહેલમાં આવ્યાં અને રાત્રે પ્રભુની ચરણ સેવા કરવા રુક્મિણીજી બેઠાં ત્યારે જોયું તો ઠાકોરજીના ચરણોમાં ફોલ્લા પડી ગયા હતા. 'અરે પ્રભુ, આપના ચરણોમાં આ ફોલ્લા કેવા? આપના ચરણો તો જાણે અગ્નિથી બળી ગયા છે અને ફોલ્લા પડી ગયા છે. આપને આ શ્રમ કેવી રીતે થયો?'

'રુક્મિણીજી, તમે રાધાને ગરમ ગરમ દૂધ પીવડાવ્યું. રાધાજીના હૃદયમાં તો મારાં ચરણ નિત્ય બિરાજે છે. એના હૃદય સિવાય મારાં ચરણ ક્યાંય હોતાં નથી. તમે ગરમ દૂધ રાધાને પીવડાવ્યું. દર્દ એને થયું અને ફોલ્લા મારા ચરણમાં પડ્યા.'

'આ તો પ્રેમનું લક્ષણ છે. અહીં ચોટ મને લાગે છે અને પીડા મારી રાધાને થાય છે. આજે દર્દ રાધાને થયું અને ફોલ્લા મારા ચરણમાં પડ્યા. કારણકે હું રાધાથી અલગ નથી અને રાધા મારાથી અલગ નથી.' જેમ રાધાના રોમ-રોમમાં રાણીઓને કૃષ્ણનાં દર્શન થયાં હતાં તેમ આ સમયે કૃષ્ણના રોમરોમમાં રાણીઓને રાધાનાં દર્શન થયાં.

આ દર્શન થતાં પટરાણીઓને થયું કે આજ સુધી અમે રાધા અને કૃષ્ણને અલગ અલગ માનતાં હતાં. માનતાં હતાં કે રાધા કૃષ્ણની કોઈ પ્રેયસી છે. કૃષ્ણને પ્રેમ કરવાવાળી છે. અમારા કૃષ્ણ સાથે જે વિવાહ કરવાવાળી હતી એ છે, પણ આજે લાગ્યું કે બંનેને અલગ અલગ માનવા એના જેવો બીજો કોઈ અપરાધ દુનિયામાં નથી. કારણ કે કૃષ્ણ એ જ રાધા છે અને રાધા એ જ કૃષ્ણ છે.

આ સાંભળતા બધી પટરાણીઓ પ્રભુના ચરણમાં બેસી ગઈ. કહે છે : 'પ્રભુ, એવી કૃપા કરો કે આપનાં રાધાજીની કૃપા, રાધાજીની ચરણધૂલિ અમને મળે. રાધાજીએ અમારા પ્રભુને છીનવી લીધા એવું અમે વિચાર્યું એ અમારાથી બહુ મોટો અપરાધ થયો છે. રાધા કોણ હશે એ જાણવાની અમને બહુ આતુરતા હતી પણ આજે ખબર પડી કે રાધાજી બીજું કોઈ નહિ પણ કૃષ્ણનું સુખ એ જ રાધા છે.'

અમે આપની પત્નીઓ એવું જ ઈચ્છીએ છીએ કે આપ સદા સુખી રહો. આપનું સુખ કોઈ છે તો એ રાધા છે. કૃષ્ણના દર્શનની લાલસા એ રાધા છે. કૃષ્ણને પામવાની આરાધના કોઈ છે તો એ રાધા છે. કૃષ્ણના રોમ રોમમાં કોઈ સમાયું હોય તો એ રાધા છે. અને રાધાના રોમ રોમમાં સમાયું હોય તો એ કૃષ્ણ છે. બંનેને અલગ સમજવા એ અપરાધ છે. આ અપરાધ અમે કર્યો છે. હે પ્રભુ, એવી કૃપા કરો કે એ રાધાનો ભાવ અમારા હૃદયમાં આવે. રાધાજીના ચરણોની રજ અમારા મસ્તક ઉપર બિરાજમાન થાય, કારણકે રાધાજીના ચરણોની રજમાં એ સામર્થ્ય છે કે જ્યારે જીવને એ મળે ત્યારે એ જીવ પ્રભુને પ્રિય થાય. જીવ પ્રભુને અનુકૂળ થાય.

દુનિયામાં પ્રભુ સિવાય કોઈ રાધાજીને જાણતું નથી. પ્રભુએ જ હૃદયમાં બિરાજમાન થઈને આ ગુણગાન કરાવ્યાં. બસ આથી વધારે હું કાંઈ કહી નહિ શકું.

શ્રીવલ્લભાધીશકી જય.

❖

।। રાધાપ્રાર્થનાચતુઃશ્લોકી ।।

કૃપયતિ યદિ રાધા બાધિતાશેષબાધા
કિમપરમવશિષ્ટં પુષ્ટિમર્યાદયોર્મે ।।
યદિ વદતિચ કિઞ્ચિત્ સ્મેરહાસોદિતશ્રીર્
દ્વિજવરમણિપંક્ત્યા મુક્તિશુક્ત્યા તદા કિમ્ ।।૧।।

બધા જ વિઘ્નો દૂર કરનારાં શ્રીરાધિકાજીની મારા ઉપર કૃપા થાય, તો પછી પુષ્ટિ અને મર્યાદામાં મારા માટે શું બાકી રહે? મુક્ત હાસ્યથી જેમનું મુખારવિંદ શોભે છે એવાં શ્રીરાધિકાજી ઉત્તમ દંતપંક્તિ દર્શાવતાં મારી સાથે બોલે, તો મારે મુક્તિની પણ શું જરૂર (અર્થાત્ મુક્તિ મારે મન તુચ્છ છે.) (૧)

શ્યામસુન્દરશિખંડશેખર સ્મેરહાસ્યમુરલીમનોહર ।।
રાધિકારસિક માં કૃપાનિધે સ્વપ્રિયાચરણકિંકરી કુરુ ।।૨।।

મયૂરપિચ્છ ધારણ કરનારા, હાસ્ય સભર મુખારવિંદવાળા, મુરલીમનોહર, શ્યામસુંદર, શ્રીરાધિકાજીના રસિક (પ્રિયતમ), કૃપાનિધિ હે કૃષ્ણ, મને આપના પ્રિયા (શ્રીરાધિકાજી)ના ચરણ-કમળોની દાસી બનાવો. (૨)

પ્રાણનાથ વૃષભાનનન્દિની શ્રીમુખાબ્જરસલોલષટ્પદ ।।
રાધિકાપદતલે કૃતસ્થિતિસ્ત્વાં ભજામિ રસિકેન્દ્રશેખર ।।૩ ।।

હે પ્રાણનાથ (કૃષ્ણ)! વૃષભાનુજીના પુત્રી (શ્રીરાધાજી)ના શ્રીમુખ રૂપી કમળના રસમાં આસક્ત ભ્રમર, રસિકોના શિરોમણિ, શ્રી રાધિકાજીના ચરણોમાં વાસ કરીને હું તમારા સેવા-ગુણગાન કરું એવી મારી ઈચ્છા છે. (તે પૂરી કરો) (૩)

સંવિધાય દશને તૃણં વિભો પ્રાર્થયે વ્રજમહેન્દ્રનન્દન ।।
અસ્તુ મોહન તવાતિવલ્લભા જન્મજન્મનિ મદીશ્વરી પ્રિયા ।।૪।।

વ્રજના મહારાજા નંદરાયજીના પુત્ર, વિભો હે કૃષ્ણ! હું દાંતમાં તણખલું લઈને (અતિ દીનતાથી) આપને વિનંતી કરું છું કે હે મોહન, આપનાં અતિપ્રિયા રાધિકાજી જન્મોજનમ મારાં ઈશ્વરી (સ્વામિની) બનો. હું તેમની દાસી રહું. (૪)

।। ઈતિ શ્રીવિઠ્ઠલેશ્વરવિરચિતા રાધાપ્રાર્થનાચતુઃશ્લોકી સમ્પૂર્ણા ।।

◆

શ્રીમદ્રાધાષ્ટકમ્

નિકુંજે મંજૂષ દ્વિવિધમૃદુ પુષ્પૈકનિચયૈઃ
સમાકીર્ણ દાન્તં સુમણિજટિતં કેલિશયનમ્ ।
હૃદિ પ્રાદુર્ભૂતોદ્ભટ વિરહભાવૈઃ સપાદે યત્
કરે કૃત્વા પત્રવ્યજનમુ વિશન્તી હૃદિ ભજે ।।૧।।

હૃદયમાં પ્રકટ થયેલા મહાવિરહના ભાવોથી તરલ પત્રનો પંખો લઈને, નિકુંજમાં વિવિધ પ્રકારનાં કોમળ પુષ્પોના ઢગલાઓથી ભરપૂર ભૂમિ પર હાથીદાંતના સુંદર ક્રીડાશયનમાં પ્રવેશ કરતાં, શ્રીરાધાજીનો હું હૃદયથી આશ્રય કરું છું. (૧)

વિદિત્વા ગોપીશં શ્રમવિહિતનિદ્રં હૃદિ ભિયા
રણત્કારૈર્ભૂયાન્ન ખલુ ગતનિદ્રઃ પરમિતિ ।
દ્વિતીયેન સ્તબ્ધ્વા ચલનચપલં કંકણચયં
વિતન્વન્તીં મંદં વ્યજનમથ રાધાં હૃદિ ભજે ।।૨।।

શ્રમથી નિંદ્રાયુક્ત શ્રીઠાકોરજીને જાણીને, રખે તેઓ કંકણ વગેરેના અવાજથી જાગી જાય એવા ભયથી, અવાજ ન થાય માટે બીજા હાથથી ચપળ કંકણોને પકડીને પંખાથી પવન નાખતાં શ્રીરાધાજીનો હું હૃદયથી આશ્રય કરું છું. (૨)

વિદાયાચ્છૈઃ પુષ્પૈર્વિવિધરચનાં ચારુમૃદુલાં
પદપ્રાન્તાલમ્બાં સ્વકરકમલાભ્યાં પુનરસૌ ।
સ્થિતં સ્વપ્રાણાનાં પ્રિયતમમનન્યં નિજપુરો-
ઽવગત્યા તન્વન્તીમુરસિ વનમાલાં હૃદિ ભજે ।।૩।।

સુંદર પુષ્પોની વિવિધ રચનાવાળી સુંદર અને કોમળ, ચરણ સુધી લટકતી વનમાળા પોતાના હસ્તથી બનાવી, પ્રાણપ્રિય પ્રભુને એકલા જોઈ, પ્રભુના વક્ષસ્થળ પર ધરાવતાં શ્રીરાધાજીનો હું હૃદયપૂર્વક આશ્રય કરું છું. (૩)

પુરા રાસારંભે શરદમલરાત્રિષ્વપિ હરિ-
પ્રભાવોદ્યલ્લીલા સ્મરણકૃત ચિંતાશતયુતામ્ ।
હૃદિ પ્રાદુર્ભૂતં બહિરપિ સમુદ્વીક્ષિતુમિવ
સ્વતો વારંવારં વિકસિતદૃગબ્જાં હૃદિ ભજે ।।૪।।

પ્રથમ રાસના આરંભમાં, શરદની નિર્મળ રાત્રિઓમાં પ્રભુના પ્રભાવથી

પ્રકટ થતી લીલાઓના સ્મરણથી થતી સેંકડો ચિંતાઓવાળાં, હૃદયમાં પ્રકટ થયેલા પ્રભુને નેત્રોથી સારી રીતે જોવા ઈચ્છતાં, સ્વતઃ વિકસિત નેત્રકમળવાળાં શ્રીરાધાજીનો હું હૃદયથી આશ્રય કરું છું. (૪)

વિચિન્વન્તીં નાથં નિરતિશય લીલાકૃતિરતં
પ્રપશ્યન્તીં ચિહ્નં ચરણયુગ સંભૂતમતુલમ્ ।
પ્રકૃર્વન્તીં મૂર્ધન્યહહ પદરેણૂત્કરમપિ
પ્રિયાં ગોપીશસ્ય પ્રણતનિજનાથાં હૃદિ ભજે ।।૫।।

નિરતિશય લીલામાં પ્રીતિથી નાથને શોધતાં, ઉપમા ન આપી શકાય એવાં બંને ચરણકમળોનાં પગલાં નિહાળીને, અહો મારું બડભાગ્ય છે એમ વિચારી, એ ચરણકમળની રેણુના સમૂહને પોતાના મસ્તક પર ધારણ કરતાં, શ્રીગોપીપતિનાં પ્રિયા અને નિજનાથ પણ માન છોડાવવા જેમનાં ચરણોમાં નમી પડે છે, તેવાં શ્રીરાધાજીનો હું હૃદયથી આશ્રય કરું છું. (૫)

નિજપ્રાણાધીશ પ્રસભ મિલનાનંદવિકસત્
સમસ્તાંગ પ્રેમોદ્ ગતમતનુરોમાવલિમપિ ।
સ્ફુરત્સીત્કારાંતઃ સ્થિતસભયભાવૈકનયનાં
પુનઃ પશ્ચાતાપામતુલરસપાત્રં હૃદિ ભજે ।।૬।।

નિજ પ્રાણનાથનું એકદમ મિલન થતાં આનંદથી ખીલેલા સમસ્ત અંગોમાંથી પ્રેમરસ પ્રકટ થયો હોય એવી ગાઢી રોમાવલીવાળાં, છતાં પ્રકટ થતા સિત્કારના અવાજથી હૃદયનો ભયમુક્ત ભાવ જેમનાં નેત્રોમાં દેખાય છે અને માન કર્યાનો પસ્તાવો કરતાં અનુપમ રસનાં પાત્ર શ્રીરાધાજીનો હું હૃદયથી આશ્રય કરું છું. (૬)

લસદ્ ગોપીનાથાનનકમલસંય્યોજિત મુખાં
મુખાંભોધિપ્રાદુર્ભવદમૃત પાનૈક ચતુરામ્ ।
પરિરંભ પ્રાપ્ત પ્રિયતમશરીરૈક્ય રસિકાં
તૃતીયાર્થપ્રાપ્તિ પ્રકટ હરિસિદ્ધં હૃદિ ભજે ।।૭।।

શ્રીગોપીનાથના સુંદર મુખકમળ સાથે પોતાના મુખકમળને જોડતાં, મુખ રૂપી સાગરમાંથી પ્રકટતા અમૃતના પાનમાં ચતુર, પરિરંભણ વખતે પ્રિયતમના શ્રીઅંગ સાથે રસિક ઐક્ય સાધતાં, કામપ્રાપ્તિથી પ્રકટ પ્રભુ રૂપી સિદ્ધિ પામનારાં શ્રીરાધાજીનો હું હૃદયથી આશ્રય કરું છું. (૭)

ન મે વાંછ્યો મોક્ષઃ શ્રુતિષુ ચતુરાત્મા નિગદિતો
ન શાસ્ત્રીયા ભક્તિર્ન પુનરિહ વિજ્ઞાનમપિ મે ।
કદાચિન્માં સ્વામિન્યહહ મયિ દાસે કૃપયતુ
સ્વતઃ સ્વાચાર્યાણાં ચરણશરણે દીનકરુણા ।।૮।।

વેદોમાં બતાવેલો ચાર પ્રકારનો મોક્ષ મારે જોઈતો નથી. શાસ્ત્રોએ બતાવેલી ભક્તિની પણ મને અપેક્ષા નથી. અહીં અનુભવેલું જ્ઞાન પણ જરૂરી નથી. શ્રીરાધાજી મારા ઉપર કૃપા કરે અને શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોમાં મારામાં સદૈન્ય કરુણા પ્રકટે, મારા પર એવી કૃપા કરો. (૮).

❖

શ્રી રાધાજીની વધાઈ

રાગ : દેવગંધાર

આજ રાવલ મેં બજત બધાઈ ।
ઢોલ ભેરિ સહનાઈ શંખ ધ્વનિ બાજત દેત સુહાઈ ।।૧।।
વહ દેખો વૃષભાન ભવનમેં વિમલ ધ્વજા ફહરાઈ।
દૂબ લૈ દ્વિજ આયે તુરતહી કીરત કન્યા જાઈ ।।૨।।
નંદ યશોદા તન મન ફૂલે આનંદ ઉર ન સમાઈ।
મંગલ સાજ લિયે વ્રજ બનિતા ગાવત ગીત સુહાઈ ।।૩।।
ચોવા ચંદન અગર કુમકુમા ભાદોં કીચ મચાઈ।
વ્યાસદાસ કુઁવરિ મુખ નિરખત કુસુમાવલિ બરખાઈ ।।૪।।

❖

રાગ : દેવગંધાર

સુનિયત રાવલ હોતિ બધાઈ।
પ્રગટ ભયી વૃષભાન નંદિની રસિક જનન સુખદાઈ।।૧।।
દેત દાન વૃષભાન ભવન મેં યાચક નવનિધિ પાઈ।
પાટંબર મુકતામણિ હીરા નગ નિરમોલ મઁગાઈ ।।૨।।
ગોપીજન સબ મંગલ ગાવત અધિક અધિક બનિ આઈ ।
કૌન પુન્ય સુફલ તુમ કીનોં કુઁવરિ મનોહર જાઈ ।।૩।।
સુરનર મુનિજન પ્રેમ મુદિત ભયે નંદ સુવન મન ભાઈ।
ગોવિંદદાસ કહાઁલોં બરનોં શ્રુતિસોં અધિક સિરાઈ ।।૪।।

રાગ : દેવગંધાર

પ્રગટી નાગરિ રૂપ નિધાન।
દેખિ દેખિ બૂઝત જો પરસ્પર નહીં ત્રિભુવનમેં આન ॥૧॥
ઉપમાકો જે જે કહિયત હૈ તે જુ ભયે નિરમાન।
કુંભનદાસ લાલગિરિધરકી જોરી સહજ સમાન ॥૨॥

❖

રાગ : દેવગંધાર

આજ બરસાનેં બજત બધાઈ।
શ્રીવૃષભાનરાયજૂકી રાની કુઁવરી અનૂપમ જાઈ ॥૧॥
ઘર ઘરતે સબ ચલી બેગ દૈ નાચત ગાવત ધાઈ।
ગોપીન સહિત ચલી નંદરાની નંદીસુરતેં આઈ॥૨॥
તાલ પખાવજ ઢોલ દમામા બિચ બિચ ભેરિ સુહાઈ।
યહ વિધિસોં નંદરાની પોહોંચી મુખ નિરખત સુખ પાઈ॥૩॥
હરદ ઔર દધિ છિરકી પરસ્પર ઘરની કીચ મચાઈ।
યુવતી ચહૂઁ દિશ કરત કુલાહલ તનકી સુધિ બિસરાઈ॥૪॥
ભીર ભઈ જિત તિતતેં રાવલ અતિ વ્રજ શોભા છાઈ।
શ્યામદાસ યહ લીલા લખિકેં ગોકુલ આનિ સુનાઈ ॥૫॥

❖

રાગ : બિલાવલ

આઠેં ભાદોં કી ઉજિયારી॥
રાવલમેં વૃષભાન ગોપકેં પ્રગટી રાધા પ્યારી ॥૧॥
શ્રુતિ સ્વરૂપ સબ સંગ કર લીને વ્રજપતિ હેત વિચારી।
દાસગોપાલ વલ્લભજૂ કી સ્વામિની બસ કીને ગિરિધારી ॥૨॥

❖

રાગ : ધનાશ્રી

આજ અતિ આનંદ હૈ બરસાને।
વૃષભાન કુઁવરીકી બરસગાંઠ સુનિ સબ વ્રજજન સરસાને ॥૧॥
ગાંવ ગાંવતેં હિતુ કુટુંબી જે જિયમેં તરસાને।
સુનિ આઈ લાઈ નૌછાવર નિરખ નિરખ હરસાને॥૨॥

બંદી માગધ વિપ્ર ગુનિજન ગાવત મંગલ ગાને।
કૃષ્ણદાસ ઇચ્છા મન પૂજી લેત દેત અરસાને॥૩॥

❖

રાસ : સારંગ

આજ વૃષભાનકે આનંદ।
વૃંદાવિપિન બિહારિનિ પ્રગટી શ્રીરાધાજૂ આનંદકંદ ॥૧॥
ગોપી ગ્વાલ ગાય ગો સુત લૈ ચલે યશોદાનંદ।
નંદીસુર તેં નાચત ગાવત આનંદ કરત સુછંદ॥૨॥
લેત વિમલ યશ દેત બસન પશુ ધરત દૂબ શિર વૃંદ ।
લોચન કુમુદ પ્રફુલિત દેખિયત જ્યોં ગોરી મુખચંદ ॥૩॥
જાચક ભયે પરમ ધન કહિયત ગોધન સુધા અમંદ।
ભયે મનોરથ વ્યાસદાસકે દૂરિ ગયે દુખ દ્વંદ॥૪॥

❖

રાગ : સારંગ

હેરી હે આજ વૃષભાનકે આનંદ ભયૌ।
નાચત ગોપી ગ્વાલ પરસ્પર છિરકત હરદ દહ્યૌ॥૧॥
શ્રવન સુનત ગૃહ ગૃહતેં નિકસીં સુંદરી સાજ સિંગાર ।
હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ ચલી કંચન ભરિ થારી॥૨॥
બીના બેનુ બખાન મહુવરી બાજે પખાવજ તાલ।
હઁસત પરસ્પર પ્રેમમુદિત મન ગાવત ગીત રસાલ॥૩॥
ધન્ય વૃષભાન ગોપ ધન્ય કીરતી ધન્ય બરસાનૌ ગામ।
ધન્ય ધન્ય પ્રકટ ભયે આનંદ નિધિ ધન્ય શ્રીરાધા નામ॥૪॥
સિંધુસુતા ગિરિસુતા શચી રતિ કોઉ નાઁહિ સમાન।
ધન્ય ધન્ય ગોવિંદદાસકી સ્વામીની વ્રજકી જીવન પ્રાન॥૫॥

❖

રાગ : સારંગ

શ્રીવૃષભાનકેં આજ બધાઈ।
આનંદનિધિ શોભાનિધિ સુખનિધિ કીરતિ કન્યા જાઈ॥૧॥
ફૂલે નરનારી બરસાનેં ઘર ઘર મંગલ માઈ।
ફૂલે નંદ યશોદા મનમેં ફૂલે કુઁવર કન્હાઈ॥૨॥

ફૂલી આઁગન નાચત યુવતી અંગઅંગ છબિ છાઈ।
ફૂલે રસિક શ્રીદામોદર હિત, આનંદ ઉર ન સમાઈ ।।૩।।

❖

રાગ : ગૌડ સારંગ

વ્રજમેં રતન રાધિકા ગોરી।
હર લીની વૃષભાન ભવનતેં નંદ સુવનકી જોરી ।।૧।।
ગ્રથિત કુસુમ અલકાવલિ કી છબિ અરુ સુદેશ કચડોરી।
પિય ભુજ કંધ ધરેં યોં રાજત જ્યોં દામિની ધનસોંરી ।।૨।।
કાલિંદી તટ કેલિ કોલાહલ સધન કુંજવન ખોરી।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધર નાગર નાગરી નવલકિશોરી ।।૩।।

❖

રાગ : કાન્હરો

માઈ બરસાનો વર સુબસ બસો।
રાધા કાન્હ કુઁવર ચિરજિયો ન્હાત હૂઁ જિનિ બાર ખસો ।।૧।।
ગોવર્ધન ગોકુલ વૃન્દાવન નવનિકુંજ પ્રતિ નિત વિલસો।
રાસ વિલાસ રહસિ કર છાયો આનંદ પ્રેમ હિયે હુલસો ।।૨।।
અવિચલ રાજ કરો યહ ભૂતલ ગોપીજન દેત અસીસ।
પરમાનંદદાસ કો ઠાકુર જિયો કોટિ બરીસ ।।૩।।

❖

રાગ : જૈજૈવંતી

માઈ આજ તો રાવલ ગામ કૈસો રહ્યો ફૂલકે।
ફૂલી ગોપી સબ વ્રજપતિ આનંદન કુલકે,
કુંજનકે કુંજ ફૂલે વિટપન ઝૂલકે ।।૧।।
ફૂલી ફૂલી વ્રજનારી હંસકર દેત તારી।
ભાદો સુદ ઉજિયારી આઠે અનુકૂલ કે ।।૨।।
ફૂલે વૃષભાન ચંદ્રભાન હિ માન દેહે।
દ્વિજ જનન દાન કોટિ રાસિ ખોલકે ।।૩।।
ફૂલે હૈ જાચક સબ ભયે હૈં અયાચક અબ।
માઁગત માઁગત આયે લેત તોલ તોલકે ।।૪।।
નંદદાસ દેખત ફૂલે ગ્રહપદ પાયે ઝૂલે।
દેખિ દ્વન્દ્વ ભૂલે જનમ અમોકે ।।૫।।

રાગ : આસાવરી

રસિકની રાધા પલના ઝૂલૈ।। દેખિ દેખિ ગોપીજન ફૂલૈ ।।૧।।
રતનજટિતકો પલના સોહે।। નિરખિ નિરખિ જનની મન મોહૈ।।૨।।
શોભા કી સાગર સુકુમારી।। ઉમા રમા રતિ વારિ ડારી।।૩।।
ડોરી એંચત ભોંહ મરોરે।। બારબાર કીરતિ તૃણ તોરે ।।૪।।
તિહિં છિનુકી શોભા કછુ ન્યારી ।। અખિલ ભુવન પતિ હાથ સઁવારી ।।૫।।
મુખ પર અંબર વારતિ મૈયા।। આનંદ ભયૌ પરમાનંદ ભૈયા ।।૬।।

❖

માન સરોવરના મેળે માધવી (રાધિકા)

– ડૉ. સુલોચનાબેન વી. શાહ, અમદાવાદ

માન સરોવરનાં મેળામાં મહાલે તે રસિક રાધિકા
હિમશિખર શ્વેત પાથરણું કંકુવરણાં પગલાં તે રમ્ય રાધિકા
પાટણનું પટોળું ખનકતી ચુડીઓ માથે મોરલિયાની ઓઢણી તે રસેશ્વરી રાધિકા
કૈલાસવાસી ઉમાપતિ હરખાયાં જોઈ સ્મરણ મધુરા નાર તે રંગીલી રાધિકા
જતિ યતિએ બાંધ્યા હૈયાના હેતના હિંડોળા તે રમણીય રાધિકા
પ્રસન્ન થયા તરુવર, મહેંકે માન સરોવર, હિંડોળામાં શોભે રસિલી રાધિકા
બીના રાધે 'શ્યામ આધે' વૃંદાવનમાં થયો અંધારપટ તે પ્રાણવલ્લભા રાધિકા
મેળાની મસ્તીમાં માથેથી ઓઢણી સરરરર સરકી ગઈ તે રત્ન રાધિકા
વૃંદાવનની કુંજ ગલીમાં પડી ઓઢણી થઈ શરદપુનમની રાત તે રાણી રાધિકા
ઝળહળે વૃંદાવન, ચમકે બંસીવટ, જમુનાતટ, તે કૃષ્ણ જીવન રાધિકા
દિવ્ય નવરંગ ઓઢણી, ઝળહળ રત્નજડિત નીરખી, વૃંદાવનવાસી
થયા સૌ આશ્ચર્યચકિત તે મહાસતી રાધિકા

❖

ઊંચી રાધાગોરી માથે કનક હેલ

બરસાના ડેલીએથી નીકળ્યા નંદ કુંવરને નીરખવા નેણભરી
ખેલે રાધા નિત અવનવા ખેલ
છમછમ ઝાંઝર બાજે, કેડે કંદોરો ગાજે, માથે કનક હેલ
ચાલ સોહામણી, લચક લોભામણી, નમણી નાજુક જૂઈ કેરીવેલ
જમુના તીરે, ખરે બપોરે, મારગમાં મળ્યો મોહન અલબેલ

મરક મરક, રાધામોહિની, કહે, રે કાનુડા આજ ઊતાર મારી હેલ
ચમકયા અંતરયામી, બચવું રાધા રૂપાળીથી આજ છે મુશ્કેલ
ઊંચી રાધા ગોરી, ઊંચી મોરલિયાની ઈંઢોણી માથે, મોટી કનક હેલ
હું તો નાનકડો, નાજુક, નટવર નંદજીનો છેલ
લંગડાતી ચાલ ચાલ્યા, બાંકે બિહારી લાલા, ધરતીથી પગને ઊંચો રાખેલ
ફાળ પડી ભોળા રાધાજીને, કાના, કેમચાલે છે આમ વાંકો વળેલ
રાધા નામની રમણીયે મારી પ્રેમ-કટારી, હૃદયે રુધિર રેલમછેલ
સાંભળી શબ્દ રુધિર રાધા થઈ અધીર, બેઠી નીચે માથે છલકાતી હેલ
લાગ જોઈ હસીને હરિએ પકડ્યા રાધાજીના હાથ, ઉતારી તેમની હેલ
રોષે ભરાઈ રાધા, કાન્હાને કર્યા આઘા, હવે તને નહીં મળુંના સમ ખાધેલ
કાન્હો મનાવે, રાધે રાણી તારી હેલ મહીં તું ભરીને લાવી
ચૌદ બ્રહ્માંડ ભેગું ગોલોક સામેલ
હારી ગઈ રાધા, કાન્હા તું તો મારો મોરલો જુગ જુગથી હું તારી ઢેલ

❖

હું તો શ્યામની રાધા રાણી

હું તો શ્યામની રાધા રાણી મોહક મોહનઘેલી
પાસે ન મટુકી, ન ગગરી, માથે મૂકી પ્રેમની પ્યાલી
ખોળું મોરપિચ્છ મુગટને, ગોકુળની ગલીઓમાં
જમુના જળમાં, મોરલીના સૂરમાં, ગોપીઓના ઘરમાં
વૃંદાવનના વૈભવમાં, ને કદંબની ઝૂકેલી ડાળીમાં
ઢળકતી ઢેલડી કહે, કાન્હ ક્યાંય નથી વનરાવનમાં
વળગતી વેલ પૂછે, કહો કદંબ કાન્હો કઈ કુંજલગલીમાં
સ્મિત વેરતો મંદાર ખોળે કાન્હને, કેસર-તુલસીના ક્યારામાં
ગ્વાલ બાલ કહે : માધવ કયાંય નથી, ફૂલના બગીચામાં
મોહન ક્યાંય નથી ગોકુળમાં, નથી મધુવનમાં મહિયારણ ગલીયનમાં
અષ્ટ સખીઓ કહે કદાચ હશે શ્યામ બરસાના મહેલમાં
રાધાજી કહે મોહન મારો પ્રાણ, એ તો મારી હૈયા કટોરીમાં

સાભાર - 'હરિપ્રિયા'માંથી.

❖

મનોરથી


ગો. વા. શ્રી જયંતિભાઈ અંબાલાલ પટેલ

ગો. વા. ધીરજબેન જયંતિભાઈ પટેલ

સોજીત્રા (અમદાવાદ) વતી

જયકૃષ્ણ જયંતિભાઈ પટેલ (USA)

સ્મિતા જયકૃષ્ણ પટેલ અને વિકિન જયકૃષ્ણ પટેલ

રાજેન્દ્રભાઈ જયંતીભાઈ પટેલ (USA)
દિપીકાબેન રાજેન્દ્રભાઈ પટેલ

સતીશભાઈ જયંતીભાઈ પટેલ (INDIA)
હેમાબેન સતીશભાઈ પટેલ

હંસાબેન જીતેન્દ્રભાઈ પટેલ (USA)

દામિનીબેન દીપકભાઈ સોની (INDIA)

સ્નેહલ, દર્શન, નીલમ, અપૂર્વ, અંકિત, મેઘના, પૂજા, અનય

સહ સમગ્ર પરિવારના

સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ અને

શ્રીજીના ચરણ કમળમાં દંડવત્ પ્રણામ